

بسم الله الرحمن الرحيم

رَبِّ زِدْنِي عِلْمًا وَّارْزُقْنِي فَهْمًا

**અય મારા રબ! મારું ઈલ્મ વધાર,**
**અને મને સમજદારીની રોજી અતા કર.**



**સરપરસ્ત**

**મર્હૂમ અલ્હાજ પીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન જાફરી (રહ.) અને પીર સૈયદ મોહંમદ કામરાનહુસૈન જાફરી (મદ્દે.)**




**અખિલ ગુજરાત શીઆ જાફરી મશાયખી મોમિન સમાજનું ગૌરવવંતુ સામયિક**

# جعفری آواز

# જાફરી આવાઝ

શીઆ જાફરી મશાયખી વિકાસ મંડળનું મુખપત્ર

**Vol.-13, Issue-1, December-2025**

વર્ષ : ૪૫ સળંગ અંક : ૫૨૮



**સંપાદક મંડળ**

**આદ્ય તંત્રી :** મર્હૂમ 'દીપક' દાંત્રેલિયા

**તંત્રી :** કાસિમભાઈ વિજાપુરા–૯૪૨૬૫૪૧૪૭૨

**સહતંત્રી :** ફૈઝમોહંમદ મસી

**સલાહ–માર્ગદર્શન :** મૌલવી હાસમભાઈ ગાંધી (સિદ્ધપુર)

**લેસર&ગ્રાફીક વર્ક :** શબ્બીરઅલી રેવાસીયા
અકબરહુસૈન ફત્તેહ

**વ્યવસ્થાપક મંડળ**

**વ્યવસ્થાપક :** રઝાઅલી ખાણશીયા–૮૪૬૦૪૯૨૪૨૯



**કાર્યાલયનું સરનામું**

**'જાફરી આવાઝ' (માસિક)**

મુ.પો. ઈલોલ તલાવ, તા. હિંમતનગર, જિ. સાબરકાંઠા
પીન – ૩૮૩૨૨૦

Website : www.jafariaawaz.com ❄ email : jafariaawaz@gmail.com



Title Calligraphy: http://www.asr-entezar.ir


## લેખાનુક્રમ


- **ઉઘડતે પાને**

હિદાયત: હુદહુદ પક્ષી અને મલિકાએ સબા... 3

- **તંત્રી લેખ**

બાળકની રોજીની વ્યવસ્થા .................. 7

- **કુરઆન અને હદીસ**

કુરઆન શિક્ષણ ................................ 9

ગુરરુલ હિકમ ................................11

નહ્જુલ અસરાર .............................13

- **તરીકત**

મશાયખવાણી................................19

- **અદબિયાત**

મીર અનીસના મરસિયા .................... 23

- **તારીખ અને ભૂગોળ**

સીરતે અઈમ્માએ અહલેબૈત (અ.)......... 27

અલ ઈર્શાદ ...................................31

- **અખ્લાક**

મિસ્બાહુશ્શરીઆ ............................ 35

તહ્ઝીબુલ ઈસ્લામ .......................... 39

આધુનિક સમયમાં એક મુસ્લિમ માટે માર્ગદર્શન.. 43

- **દુઆ અને મુનાજાત**

ઈબાદાત...................................... 49

- **અન્ય**

વ્યકિત વિશેષ – બનુ હાશિમના ગુલામો .....51

આપણા ઘરની વાતો ........................ 55

'જાફરી આવાઝ'ને મળેલ ડોનેશન........... 56

## હિદાયત:

# હુદહુદ પક્ષી અને મલિકાએ સબા (બીબી બિલ્કીસ)નો કિસ્સો

અલ્હાજ પીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન જાફરી (રહ.)

اَعُوْذُ بِاللّٰهِ مِنَ الشَّيْطَانِ الرَّجِيْمِ

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

اَلْحَمْدُ لِلّٰهِ رَبِّ الْعٰلَمِيْنَ وَالصَّلٰوةُ وَالسَّلَامُ عَلٰى مُحَمَّدٍ وَّاٰلِهِ الطَّيِّبِيْنَ

(ગતાંકનું ચાલુ)

### پلک جھپکتے ہی تخت موجود

આપણે આ કિસ્સો પણ જાણીએ છીએ. હવે આ કિસ્સો આવે છે. કોણ એક પળમાં, આંખો બંધ થઈને ઊઘડી જાય એટલી વારમાં બીબી બિલ્કીસનું તખ્ત હઝરત સુલયમાન (અ.)ના દરબારમાં લઈ આવ્યું? એ કોણ હતું?

آخرکار، ملکہ کے کارندے اپنے تحفے تحائف اور ساز و سامان اکٹھا کر کے اپنے ملک واپس چلے گئے،

બધા લોકો પાછા ભેગા થયા પોતાના દેશમાં.

اور سارا ماجرا ملکہ اور اس کے مصاحبین سے جا کر بیان کیا، اسی طرح حضرت سلیمانؑ کے ملک کی معجزانہ عظمت بھی بیان کی،

બધું વર્ણન કર્યું.

جن میں سے ہر ایک بات اس امر کی دلیل تھی کہ وہ کوئی عام آدمی نہیں ہیں اور نہ ہی عام دنیاوی بادشاہ ہیں، بلکہ خدا کے سچے پیغمبر ہیں اور ان کی حکومت ایک خدائی حکومت ہے۔

એટલે જે જે વર્ણન કર્યું તેમણે, ત્યાં પાછા જઈને, તો તેનાથી જાહેર થતું હતું કે હઝરત સુલયમાન (અ.) કોઈ સામાન્ય માણસ નથી, અલ્લાહના મોકલેલા નબી હશે.

یہاں پر ان کے لئے یہ بات واضح ہو گئی کہ وہ نہ صرف حضرت سلیمانؑ کے ساتھ فوجی مقابلے کی طاقت نہیں رکھتے، بلکہ اگر بالفرض مقابلہ کریں بھی تو قوی احتمال یہی ہے کہ ان کا خدا کے ایک زبردست طاقتور نبی سے مقابلہ ہو گا۔

એટલે જો મુકાબલો થાય તો તે બાદશાહથી થવાનો નથી, આ તો નબીથી મુકાબલો થવાનો છે.

لہذا ملکۂ سبا نے اپنی قوم کے بہت سے سرداروں کے ساتھ مشورے کے بعد فیصلہ کیا کہ سلیمانؑ کے پاس ذاتی طور پر جا کر اس اہم مسئلے کے بارے میں تحقیقات کریں،

હવે બીબી બિલ્કીસે વિચાર કર્યો કે પોતે જઈ આવે હઝરત સુલયમાન (અ.) પાસે, અને હઝરત સુલયમાન (અ.) શું ઈચ્છે છે તે જાણી આવે.

تاکہ پتہ چل سکے کہ سلیمانؑ کا کیا مسلک ہے۔

એમનો દીન શું છે તે જાણી શકે.

کسی بھی صورت میں یہ خبر حضرت سلیمانؑ تک بھی پہنچ گئی، لہذا انہوں نے فیصلہ کیا کہ اب جبکہ ملکہ اور اس کے ساتھی راستے میں ہیں، انہیں اپنی طاقت کا مظاہرہ کرنا چاہیے، تاکہ انہیں پہلے سے زیادہ ان کے اعجاز کی حقیقت کا علم ہو جائے اور وہ ان کی دعوت قبول کر لیں۔

બીબી બિલ્કીસ નીકળી ચૂકયાં હતાં હઝરત સુલયમાન (અ.)ને મળવા માટે. હઝરત સુલયમાન (અ.)ને મોઅજિઝો બતાવવાનું મન થયું અને તેમણે વિચાર્યું કે હું મારા મોઅજિઝાથી બીબી બિલ્કીસને મારા દરબારમાં બોલાવી લઉં.

لہٰذا حضرت سلیمانؑ نے اپنے درباریوں سے مخاطب ہو کر کہا:

દરબારીઓને ઉદ્દેશીને કહ્યું:

"اے بزرگو! تم میں سے کون شخص اس بات کی قدرت رکھتا ہے کہ اس کا تخت میرے پاس لے آئے، قبل اس کے کہ وہ خود میرے پاس آئیں اور سر تسلیم خم کریں؟"

(સૂરા નમ્લ, આયત–૩૮)

એ પોતે આવે અને મારી સામે ઝૂકી જાય એના પહેલાં જ તમારામાંથી કોણ એવું છે જે એમનું તખ્ત મારી પાસે લઈ આવે?

اس موقع پر دو قسم کے افراد نے کہا:

બે પ્રકારના લોકોએ જવાબ આપ્યો:

کہ ہم یہ کام کرنے کے لئے تیار ہیں۔ جن میں سے ایک عجیب اور دوسرا عجیب تر تھا۔

પહેલી વ્યકિત તો વિચિત્ર હતી જેણે જવાબ આપ્યો, પણ બીજી વ્યકિત તો એના કરતાંય વિચિત્ર હતી. બે વિચિત્ર જવાબ હઝરત સુલયમાન (અ.) ને મળ્યા.

سب سے پہلے جنوں میں سے ایک عفریت نے ان کی طرف منہ کر کے کہا:

જિન્નાતમાંથી એક જિને, ઈફરીતે હઝરત સુલયમાન (અ.)ને કહ્યું:

"میں اس کا تخت آپ کی مجلس سے اٹھنے سے پہلے آپ کے پاس لا دوں گا۔"

(સૂરા નમ્લ, આયત–૩૯)

આ દરબાર પૂરો થાય એના પહેલાં હું બીબી બિલ્કીસનું તખ્ત અહીં લાવી શકું છું.

دوسرا ایک صالح اور متقی انسان تھا،

બીજો એક સાલેહ — નેક — અને પરહેઝગાર માણસ હતો,

اور کتابِ خدا سے بھی اسے اچھی خاصی واقفیت تھی۔

અને અલ્લાહની કિતાબનું ઈલ્મ રાખતો હતો.

جیسا کہ اس شخص کے بارے میں خود قرآن کہتا ہے:

કુરઆન શરીફ શું કહે છે આ માણસ વિષે? આપણે મુશાહિદબાવાની મજલિસોમાં જોઈ ગયા કે આ માણસનું નામ 'આસિફ બિન બર્ખિયા' હતું.

"جس کے پاس کتاب کا کچھ علم تھا اس نے کہا: "میں آپ کے پلک جھپکنے سے پہلے اس تخت کو لے آؤں گا۔""

(સૂરા નમ્લ, આયત–૪૦)

એટલે અલ્લાહની કિતાબમાંથી થોડું ઈલ્મ જેની પાસે હતું એમણે જિન્નાત કરતાં પણ વધારે શક્તિનો ઈઝહાર કર્યો અને કીધું કે, આપના પલકના ઝપકારામાં હું આપની સામે તખ્ત લાવીને ઊભું કરી શકું છું.

جب حضرت سلیمانؑ نے اس کی پیشکش قبول کر لی تو اس نے بھی اپنی معنوی طاقت کے ذریعے ملکۂ سبا کا تخت پلک جھپکنے میں آپؑ کے پاس حاضر کر دیا۔

આસિફ બિન બર્ખિયા લઈ આવ્યા.

”اور جب سلیمانؑ نے اسے اپنے پاس موجود پایا تو خدا کا شکر ادا کرتے ہوئے کہنے لگے: ”یہ میرے پروردگار کا فضل ہے، تاکہ مجھے آزمائے کہ میں اس کا شکر بجالاتا ہوں یا کفرانِ نعمت کرتا ہوں۔““

(સૂરા નમ્લ, આયત-૪૦)

આપણે શરૂઆતમાં કાલે જોઈ ગયા કે હઝરત સુલયમાન (અ.)ને અલ્લાહે આટલી બધી નેઅમતો એટલા માટે આપી હતી કે હઝરત સુલયમાન (અ.) અલ્લાહનો શુક્ર ડગલે ને પગલે કરતા રહે. એટલે આસિફ બિન બર્ખિયા, જે તેમના દરબારી હતા, તેમણે આટલી શક્તિનો મુઝાહિરો કર્યો એટલે તરત જ હઝરત સુલયમાન (અ.) શુક્ર બજાવી લાવ્યા, અને કહ્યું કે, આ અલ્લાહનો ફઝલ છે કે આવી શક્તિથી મને અજમાવે, કે હું શુક્ર કરું છું કે અલ્લાહની નેઅમતોની નાશુક્રી કરું છું. (ક્રમશઃ)



# ગડમથલ

**૩૯૧** | **સંપાદન:** જાફરી આવાઝ (કાર્યાલય)



## આડી ચાવીઓ

(૧) લજ્જા, શરમ, પસ્તાવો (૪)
(૩) ઘૃણિત વસ્તુઓ, મકરૂહ વસ્તુઓ (૫)
(૭) કલેમાનો પહેલો હિસ્સો (૪)
(૮) લાલ રંગ, એક પ્રકારનો કીમતી પત્થર (૨)
(૯) જેનો કોઈ ભાગીદાર નથી (૪)
(૧૧) અહલેબૈત (અ.), નબી (સ.)નાં સ્વજનો (૪)
(૧૩) રસ્તો, માર્ગ, પથ, પંથ (૩)
(૧૪) માટી, ધૂળ (૨)
(૧૬) નિશાની, ચિહ્ન (૪)
(૧૮) હવાની ડમરી, પવનની લહેર (૩)
(૨૦) પત્ર, લીટી, રેખા (૨)
(૨૧) શરીઅત પછીનો રસ્તો, ગુજભેદ (૪)
(૨૪) ઘોડાની ખરી પર લગાવવાનું કવચ (૨)
(૨૬) માન્યતા, બાધા (૩)
(૨૮) રહેણીકહેણી, રહેવાની રીતભાત (૬)
(૩૨) ઝિક્ર, જાપ, રટણ (૩)
(૩૪) આગ, જહન્નમ, દોઝખ (૨)
(૩૫) માણસો, લોકો માટેનો અરબી શબ્દ (૨)
(૩૬) એક જંગલી જાનવર, શિયાળ (૩)
(૩૭) ચંદ્ર, ચાંદ, ચંદ્રમા (૩)
(૩૮) શ્વાસ, શ્વાસ લેવાની ક્રિયા (૨)
(૩૯) નપુંસક, બાયલો (૩)

## ઊભી ચાવીઓ

(૧) ખયાલનું બહુવચન, વિચારો (૪)
(૨) લગ્નવિચ્છેદન, ફારગતી, છૂટાછેડા (૩)
(૩) 'મલક'નું બહુવચન, ફરિશ્તાઓ (૪)
(૪) દુષ્કાળ, દુકાળ, અનાવૃષ્ટિ (૩)
(૫) હાલતો, પરિસ્થિતિઓ (૩)
(૬) તળિયું, સપાટી નીચેનો ભાગ (૨)
(૧૦) ઈસ્લામ ધર્મનો ધોરીમાર્ગ (૪)
(૧૨) બંધન, દોરી, દોરડી (૩)
(૧૪) હૈયાધારણ, ચોકસાઈ, બાંહેધરી (૩)
(૧૫) સરકારી અધિકારી, પદાધિકારી, અફસર (૫)
(૧૭) અભિપ્રાય, વોટ (૨)
(૧૯) છાતી, પેટના ઉપરનો ભાગ (૨)
(૨૦) ખતરાથી ભરેલું, ભયજનક (૫)
(૨૨) કામઠું, તીરકામઠું (૩)
(૨૩) શરીર, કાયા, બદન (૨)
(૨૫) ભપકો, ઠાઠમાઠ, શૌકત (૨)
(૨૭) કોરડો, ચાબુક (૪)
(૨૯) અલ્લાહનું ઘર, કા'બા (૩)
(૩૦) પ્રશંસા, વખાણ, હમ્દ (૨)
(૩૧) ઈર્ષા, અદેખાઈ (૩)
(૩૩) કૃપા, મહેરબાની, દયા (૩)

# બાળકની રોજીની વ્યવસ્થા

મોમિન કાસિમભાઈ વિજાપુરા (મહેરપુરા)

ઝહરાને એક નાનો ભાઈ હતો. તેનું નામ હતું હસનઅલી.

ઝહરા ખૂબ ખુશ હતી. તેણી તેના નાના ભાઈને ખૂબ ચાહતી હતી.

એક દિવસ, ઝહરા તેના ભાઈ હસનઅલીને જોતી જોતી તેના ઘોડિયા પાસે ઊભેલી હતી.

તેણીએ કહ્યું, "મમ્મી! હસનઅલી ક્યારે એટલો મોટો થશે કે જ્યારે હું તેની સાથે રમીશ? મને તો તે ખૂબ જ વહાલો લાગે છે."

"ધીરજ રાખ, ઝહરા!" તેણીની મમ્મીએ કહ્યું, "ઈન્શાઅલ્લાહ, હસનઅલી મોટો થઈ જશે, અને તમે બન્ને એકબીજા સાથે રમશો."

એકાએક હસનઅલી જાગી ગયો, અને તીણા અવાજમાં રડવા લાગ્યો. ઝહરા ઉદાસ બની ગઈ, અને કહ્યું, "મમ્મી! હસનઅલી શા માટે રડી રહ્યો છે?"

તેણીની મમ્મીએ જવાબ આપ્યો, "મને લાગે છે કે તે ભૂખ્યો થયો છે."

ઝહરા દોડતી દોડતી ગઈ અને ઘરમાંથી હસનઅલીને આપવા માટે બિસ્કિટ લઈ આવી. તેણી હસનઅલીના મોઢામાં બિસ્કિટ મૂકવા માગતી હતી.

તેની મમ્મીએ કહ્યું, "ના, બેટી ઝહરા! હસનઅલી બિસ્કિટ ખાઈ નહીં શકે. જો તો ખરી, તેના મોઢામાં દાંત જ નથી. અલ્લાહ નાના બાળકને આવું કંઈ ખવડાવવાની ના પાડે છે. આવી વસ્તુ બાળકના ગળામાં ફસાઈ જાય અને તેને ગૂંગળામણ થાય, શ્વાસ લેવામાં તકલીફ પડે."

ઝહરાને નવાઈ લાગી, અને તેની મમ્મીને પૂછ્યું, "તો પછી હસનઅલીએ શું ખાવાનું?"

તેણીની મમ્મીએ કહ્યું, "હસનઅલીનો ખોરાક દૂધ છે. તે દૂધ પી શકે છે, અને તેનાથી તે સંપૂર્ણ પોષણ પામે છે."

ત્યાર પછી તેણીની મમ્મી ઊભી થઈ. બાળકને ઉઠાવ્યું, અને પોતાના ખોળામાં લીધું અને દૂધ પીવડાવવા લાગી. હસનઅલી તેની માને વળગી પડ્યો અને પોતાના નાજુક હોઠોથી દૂધ ચૂસવા લાગ્યો.

ઝહરાને વળી વધારે નવાઈ લાગી. તેણી થોડા સમય સુધી તો હસનઅલીને અને પોતાની મમ્મીને જોતી રહી અને ત્યાર પછી કહ્યું, "મમ્મી! શું તમારી છાતીમાં હંમેશાં દૂધ હોય જ છે?"

મમ્મીએ કહ્યું, "ના, મારી છાતી તો દૂધથી તે દિવસે ભરાઈ ગઈ હતી કે જે દિવસે હસનઅલીનો જન્મ થયો હતો."

ઝહરાએ પૂછ્યું, "મમ્મી! હસનઅલી માટે તમે દૂધ કેવી રીતે બનાવો છો?"

મમ્મીએ કહ્યું, "હું દૂધ બનાવતી નથી. હું તો માત્ર ખોરાક ખાઉં છું. તે ખોરાકમાંથી હસનઅલીનું દૂધ બને છે."

ઝહરાએ પૂછ્યું, "પણ મમ્મી! તમે તો પહેલાં પણ ખોરાક ખાતાં હતાં ને? તો એ વખતે તમારી છાતીમાં દૂધ કેમ ન હતું?"

મમ્મીએ કહ્યું, "હા, હું પહેલાં ખોરાક ખાતી હતી અને દૂધ પેદા થતું નહોતું, પરંતુ હસનઅલીનો જન્મ થયો ત્યારથી મારી છાતી દૂધથી ભરાઈ ગઈ છે, નહીંતર હસનઅલી ભૂખે મરી જાય."

ઝહરાએ પૂછ્યું, "તો પછી હસનઅલીના ખોરાકની ચિંતા કોણ કરતું હતું?"

મમ્મીએ જવાબ આપ્યો, "અલ્લાહે હસનઅલીને પેદા કર્યો, અને હસનઅલીની રોજીની વ્યવસ્થા પણ તેણે જ કરી. અલ્લાહ જાણે છે કે જ્યારે કોઈ બાળક જન્મે છે, ત્યારે તેને ખોરાકની જરૂર પડે છે. તે એ પણ જાણે છે કે હસનઅલીને દાંત નથી, તેથી તે આપણી માફક ખોરાક ખાઈ શકે નહીં, એટલે જ તો તેણે મારી છાતીને દૂધથી ભરી દીધી છે, તેથી મારા અસહાય, નાના બાળકને સર્વોત્તમ અને સૌથી વધારે પોષણ આપતો ખોરાક મળી શકે."

મમ્મીએ વધુમાં જણાવ્યું, "મારી વહાલી દીકરી ઝહરા! દૂધ એક સંપૂર્ણ અને સર્વશ્રેષ્ઠ ખોરાક છે. તેની અંદર એ બધું જ સમાયેલું છે કે જેની નાના બાળકને જરૂર હોય છે, અને બાળકની પાચનક્રિયાને સંપૂર્ણપણે અનુકૂળ આવે તેવું હોય છે."

ઝહરાએ કહ્યું, " મમ્મી! ખરેખર, અલ્લાહ કેટલો બધો દયાળુ અને દુરંદેશી છે! જો દૂધ જ ન હોત તો નાનાં બાળકોનું શું થાત?"

મમ્મીએ કહ્યું, "હા, બેટી! આ તો એ અલ્લાહ છે કે જે બાળકને પેદા કરે છે, અને તેને ખોરાક આપે છે. અલ્લાહ અલીમ (બધું જાણનારો) છે, અને રહીમ છે કે જેણે બાળકને દૂધ પણ આપ્યું અને તેનું પાચન કરવા માટેના અવયવો પણ આપ્યા. આપણે હંમેશાં અલ્લાહનો શુક્ર અદા કરતા રહેવું જોઈએ."

દોસ્તો! અલ્લાહ બાળકની નાજુકતા વિષે પણ જાણતો હતો, તેથી તેણે માના દિલમાં બાળક પ્રત્યે મોહબ્બત પેદા કરી, જેથી તેણી તેની કાળજી લઈ શકે. અલ્લાહે તાકાત વગરના અને અબોલ બાળકને રડવાનું પણ શીખવ્યું કે જેથી જો તે રડે, તો લોકો તેની પાસે આવી જાય, અને તેની મદદ કરે. (The Children's Book On Islam, Part–2, Page–7નો અનુવાદ)



# કુરઆન શિક્ષણ

અઝ : આકાએ નામદાર પીર સૈયદ મોહંમદ મુશાહિદહુસૈન જાફરી (રહ.)

## કુરઆન વિષેની આયતો

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

شَهْرُ رَمَضَانَ الَّذِيْٓ اُنْزِلَ فِيْهِ الْقُرْاٰنُ هُدًى لِّلنَّاسِ وَبَيِّنٰتٍ مِّنَ الْهُدٰى وَالْفُرْقَانِ ۚ فَمَنْ شَهِدَ مِنْكُمُ الشَّهْرَ فَلْيَصُمْهُ ۗ وَمَنْ كَانَ مَرِيْضًا اَوْ عَلٰى سَفَرٍ فَعِدَّةٌ مِّنْ اَيَّامٍ اُخَرَ ۗ يُرِيْدُ اللّٰهُ بِكُمُ الْيُسْرَ وَلَا يُرِيْدُ بِكُمُ الْعُسْرَ ۡ وَلِتُكْمِلُوا الْعِدَّةَ وَلِتُكَبِّرُوا اللّٰهَ عَلٰى مَا هَدٰىكُمْ وَلَعَلَّكُمْ تَشْكُرُوْنَ ﴿١٨٥﴾

❁ રમઝાનનો (મુબારક) મહીનો તે છે (કે) જેમાં આ કુરઆન ઉતારવામાં આવ્યું જે સર્વ મનુષ્યોનું માર્ગદર્શક છે અને (તેમાં) સન્માર્ગની સ્પષ્ટ દલીલો તથા (સત્ય અસત્યના) નિર્ણયના (નિયમો છે,) માટે તમારામાંથી જે કોઈ આ મહીનામાં (ઘેર) હાજર હોય તો તેણે તે (મહીના)ના રોઝા રાખવા જ જોઈએ; અને જે શખ્સ માંદો હોય અથવા મુસાફરીમાં હોય, તો તે બીજા દિવસોમાં (રોઝાની) ગણતરી પૂરી કરે; અલ્લાહ તમારા સંબંધમાં આસાની ઈચ્છે છે અને સખ્તાઈ ઈચ્છતો નથી, અને તમે આ ગણતરીને પૂરી કરી નાખો, એમ ઈચ્છે છે અને જે સન્માર્ગ તમને દેખાડી દીધો છે, તે માટે અલ્લાહની મોટાઈ વર્ણવતા રહો અને શુક્રગુઝાર બનો. **(સૂરા બકરા, આયત–૧૮૫)**

---

وَكَذَّبَ بِهٖ قَوْمُكَ وَهُوَ الْحَقُّ ۗ قُلْ لَّسْتُ عَلَيْكُمْ بِوَكِيْلٍ ﴿٦٦﴾ۭ

❁ અને તારી કોમ તે(કુરઆન)ને જુઠલાવે છે, જો કે, તે સત્ય જ છે; તું કહે કે હું તમારા ઉપર દેખરેખ રાખનારો નથી જ.

**(સૂરા અન્આમ, આયત–૬૬)**

| | |
|---|---|
| وَاِذَا قُرِئَ الْقُرْاٰنُ فَاسْتَمِعُوْا لَهٗ وَاَنْصِتُوْا لَعَلَّكُمْ تُرْحَمُوْنَ ﴿۲۰۴﴾ | ❁ અને જે વેળા (કુરઆન) પઢવામાં આવે ત્યારે તમે તેને ધ્યાન દઈ સાંભળો અને ચૂપ રહો કે કદાચને તમારા પર રહમ કરવામાં આવે. **(સૂરા અઅરાફ, આયત–૨૦૪)** |
| وَكَذٰلِكَ اَنْزَلْنٰهُ حُكْمًا عَرَبِيًّا ؕ وَلَئِنِ اتَّبَعْتَ اَهْوَآءَهُمْ بَعْدَ مَا جَآءَكَ مِنَ الْعِلْمِ ۙ مَا لَكَ مِنَ اللّٰهِ مِنْ وَّلِيٍّ وَّلَا وَاقٍ ﴿۳۷﴾ | ❁ અને આવી રીતે અમોએ તે (કુરઆન)ને સરળ અરબી ભાષામાં સત્ય નિર્ણય (બનાવી) ઉતાર્યું છે; અને તારી પાસે જ્ઞાન આવી ચૂકયા બાદ (પણ) તું તેની મનોવાંચ્છનાઓને અનુસરશે, તો (ખરે જ) અલ્લાહની સામે તારો કોઈ પણ હિમાયતી કે બચાવનાર હશે નહીં. **(સૂરા રઅદ, આયત–૩૭)** |
| اِنَّا نَحْنُ نَزَّلْنَا الذِّكْرَ وَاِنَّا لَهٗ لَحٰفِظُوْنَ ﴿۹﴾ | ❁ નિ:સંશય અમોએ જ આ ઝિક્ર (કુરઆન) ને ઉતાર્યું છે અને નિ:સંશય અમે જ તેના રક્ષક રહેનારા છીએ. **(સૂરા હિજ્ર, આયત–૯)** |
| كَمَآ اَنْزَلْنَا عَلَى الْمُقْتَسِمِيْنَ ﴿۹۰﴾ | ❁ (અગર તમે ઈમાન નહીં લાવો, તો તમારા પર અઝાબ આવી પડશે) જેવી રીતે કે અમોએ તે ભાગલા પાડનારા (યહૂદી)ઓ પર અઝાબ મોકલ્યો હતો. **(સૂરા હિજ્ર, આયત–૯૦)** |
| الَّذِيْنَ جَعَلُوا الْقُرْاٰنَ عِضِيْنَ ﴿۹۱﴾ | ❁ કે જેમણે (પોતાની) કિતાબના કટકે કટકા કરી નાખ્યા હતા (એટલે કે થોડા ભાગને માનતા હતા અને થોડાનો ઈન્કાર કરતા હતા). **(સૂરા હિજ્ર, આયત–૯૧)** |
| فَوَرَبِّكَ لَنَسْـَٔلَنَّهُمْ اَجْمَعِيْنَ ﴿۹۲﴾ | ❁ માટે (હે રસૂલ!) તારા પરવરદિગારની કસમ! તે સઘળાઓને અમે જરૂર સવાલ કરીશું. **(સૂરા હિજ્ર, આયત–૯૨)** |

# ગુરરુલ હિકમ




(હિકમતની જટિલતા અને ઉપદેશનાં મોતી)

(ઈમામ અલી (અ.)નાં બોધવચનો)

ઉર્દૂમાંથી અનુવાદ : જનાબ સૈયદ ઓવેસએહમદ એડ. જાફરી

## હુકૂમત અને સર્વોપરિતા

٢٢۔ تَوَلَّى الْاَرَاذِلِ وَالْاَحْدَاثِ الدُّوَلِ دَلِيلُ انْحِلَالِهَا وَادْبَارِهَا

૨૨. નીચ લોકો અને બિનઅનુભવી લોકોનું શાસન રાજ્યની પડતીનું કારણ હોય છે.

٢٣۔ تَكَبُّرُكَ فِي الْوِلَايَةِ ذُلٌّ فِي الْعَزْلِ

૨૩. શાસનમાં તમારું અભિમાન તમારા અપમાનનું કારણ બનશે.

٢٤۔ ثُبَاتُ الدُّوَلِ بِاِقَامَةِ سُنَنِ الْعَدْلِ

૨૪. ન્યાયી વલણના લીધે જ દેશમાં સ્થિરતા આવે છે.

٢٥۔ حُبُّ الرِّيَاسَةِ رَاْسُ الْمِحَنِ

૨૫. સત્તાનો પ્રેમ એ જ તકલીફોનું પ્રાથમિક કારણ છે.

٢٦۔ زَيْنُ الرِّيَاسَةِ الْاِفْضَالُ

૨૬. નેતાગીરીની શોભા લોકોની ભલાઈ કરવી તે છે.

٢٧۔ زَوَالُ الدُّوَلِ بِاصْطِنَاعِ السِّفَلِ

૨૭. શાસનની પડતી નીચ લોકોના હાથમાં સત્તા આવવાનું પરિણામ છે.

٢٨۔ فَضِيلَةُ الرِّيَاسَةِ حُسْنُ السِّيَاسَةِ

૨૮. નેતાગીરીની શ્રેષ્ઠતા સારા શાસનમાં છે.

٢٩۔ فُقْدَانُ الرُّؤَسَاءِ اَهْوَنُ مِنْ رِّيَاسَةِ السِّفَلِ

૨૯. નેતાગીરીની ઊણપ સહન કરવી, નીચ લોકોની નેતાગીરી કરતાં સારી છે.

٣٠۔ لِكُلِّ دَوْلَةٍ بُرْهَةٌ

૩૦. દરેક દેશનો (અમુક) સમય હોય છે.

٣١۔ لَنْ تُحَصَّنَ الدُّوَلُ بِمِثْلِ اسْتِعْمَالِ الْعَدْلِ فِيهَا

૩૧. દેશમાં ન્યાયી વલણ અપનાવવું તે તેની ઉત્તમ સારસંભાળ છે.

٣٢۔ مَنْ ظَلَمَ رَعِيَّتَهُ نَصَرَ اَضْدَادَهُ

૩૨. જે પોતાની પ્રજા પર જુલ્મ કરે છે, તે પોતાના શત્રુઓની સહાય કરે છે.

٣٣۔ وَالَّذِیْ فَلَقَ الْحَبَّةَ وَ بَرَءَ النَّسَمَةَ، لَوْ لَا حُضُوْرُ الْحَاضِرِ، وَقِیَامُ الْحُجَّةِ بِوُجُوْدِ النَّاصِرِ، وَمَآ اَخَذَ اللّٰهُ سُبْحَانَهٗ عَلَی الْعُلَمَآءِ اَنْ لَّا یُقَآرُّوْا عَلٰی کِظَّةِ ظَالِمٍ، وَّلَا سَغَبِ مَظْلُوْمٍ، لَاَلْقَیْتُ حَبْلَهَا عَلٰی غَارِبِهَا، وَلَسَقَیْتُ اٰخِرَهَا بِکَاْسِ اَوَّلِهَا، وَلَاَلْفَیْتُمْ دُنْیَاکُمْ هٰذِهٖ عِنْدِیْٓ اَزْهَدَ مِنْ عَفْطَةِ عَنْزٍ

૩૩. કસમ છે એ ઝાતની કે જે દાણાને ચીરે છે, અને જીવોને પેદા કરે છે! જો લોકોની હાજરી અને મદદગારોના હોવાની હુજ્જત મારા પર કાયમ થઈ ન હોત, તથા અલ્લાહે આલિમોથી આ વાયદો લીધો ન હોત કે જાલિમોના ખાઉધરાપણા અને મઝલૂમોના ભૂખમરા પર ચેનથી ન બેસતા, તો હું ખિલાફતની લગામને તેમના જ ખભા ઉપર નાખતો; હું તેના અંતિમ ઉમેદવારને તેના પ્રથમ ઉમેદવારની જેમ તૃપ્ત કરતો; અને તમે જોતા કે આ તમારી દુનિયા મારી નજરમાં બકરીની છીંક કરતાં પણ વધારે મૂલ્યહીન છે!

## શાસનકર્તા અને આશ્રય આપનાર

۱۔ جُوْدُ الْوُلَاةِ بِفَیْءِ الْمُسْلِمِیْنَ جَوْرٌ وَّخَتْرٌ

૧. શાસકોનું મુસલમાનોના માલમાંથી ઉડાઉપણે ખર્ચ કરવું એ અન્યાય અને વિશ્વાસઘાત છે.

۲۔ سَبُعٌ اَکُوْلٌ حَطُوْمٌ خَیْرٌ مِّنْ وَّالٍ ظَلُوْمٍ غَشُوْمٍ

૨. ખાઉધરું અને પોતાના શિકારને ફાડી ખાનારું હિંસક પશુ (પણ) અન્યાયી અને જુલ્મી હાકિમ કરતાં સારું છે.

۳۔ شَرُّ الْوُلَاةِ مَنْ یَّخَافُهُ الْبَرِیْٓءُ

૩. સૌથી દુષ્ટ હાકિમ તે છે કે જેનાથી નિર્દોષી ભયભીત થાય છે.

۴۔ مَنْ جَارَتْ وِلَایَتُهٗ زَالَتْ دَوْلَتُهٗ

૪. જેનું શાસન જુલ્મ પર આધારિત છે, તેનું શાસન પડી ભાંગે છે.

۵۔ مَنْ تَکَبَّرَ فِیْ وِلَایَتِهٖ کَثُرَ عِنْدَ عَزْلِهٖ ذِلَّتُهٗ

૫. જે પોતાના શાસનકાળમાં અભિમાન કરે છે, તે જ્યારે સત્તાથી દૂર થાય છે, ત્યારે અપમાનિત થાય છે.

۶۔ مَنِ اخْتَالَ فِیْ وِلَایَتِهٖ اَبَانَ عَنْ حَمَاقَتِهٖ

૬. જે પોતાના શાસનમાં મિથ્યાભિમાની થઈ જાય છે, તે પોતાની કુબુદ્ધિને જાહેર કરે છે.



હઝરત અલી (અ.)ના ખુત્બાઓ, બોધવચનો, પત્રો, જવાબપત્રો, આદેશો, હુજ્જતો, દુઆઓ અને વસિયતોનો સંગ્રહ

# نہج الاسرار
# નહજુલ અસરાર

સંપાદક : મોલવી સૈયદ ગુલામહુસૈન રઝા

અનુવાદક : મો.કાસિમભાઈ વિજાપુરા

### કૈસરે રૂમના સવાલો

તફસીરિ ફખ્રુદ્દીન રાઝી અને તઝિકરતુલ ખવાસમાં લખ્યું છે કે રિસાલત મઆબ (સ.)ની રેહલત પછી કૈસરે રૂમે તે સમયના ખલીફાને લખ્યું કે,

**પહેલો સવાલ:** સૂરા ફાતેહા અમને પહોંચ્યો અને અમે તેના ભાવાર્થથી વાકેફ થયા. પરંતુ اِهْدِنَا الصِّرَاطَ الْمُسْتَقِيْمَ થી શંકા પેદા થાય છે કે જો તમારો દીન બરહક છે, અને તેને કબૂલ કરવાથી સિરાતે મુસ્તકીમ પર પહોંચાય છે, તો દીને ઈસ્લામ કબૂલ કરવા પછી ફરીથી સિરાતે મુસ્તકીમની હિદાયતની દુઆ કરવી નિરર્થક છે, અને વળી مَغْضُوْبٌ عَلَيْهِمْ કયું ટોળું છે? اَلضَّآلِّيْنَ કોણ છે? જો તમે આ સવાલોનો વિગતવાર જવાબ રવાના કરશો, તો અમે દીને ઈસ્લામ કબૂલ કરીશું.

જ્યારે આ પત્ર પહોંચ્યો, તો હઝરત અબૂ બક્રે બધા જ અસ્હાબની સાથે મશ્વેરો કર્યો અને જ્યારે કોઈનાથી જવાબ આપી શકાયો નહીં, તો બધા બાબે મદીનતુલ ઈલ્મની ખિદમતમાં પહોંચ્યા અને હઝરત અલી (અ.)એ આ રીતે જવાબ આપ્યો:

اِهْدِنَا الصِّرَاطَ الْمُسْتَقِيْمَ નો અર્થ છે: ثَبِّتْنَا عَلَيْهِ فِى الدُّنْيَا وَاهْدِنَا طَرِيْقَ الْجَنَّةِ يَوْمَ الْقِيٰمَةِ અર્થાત્ અમને તેના પર દુનિયામાં સાબિતકદમ રાખ, અને કયામતના દિવસે જન્નતની તરફ અમારી રહેબરી કર.

مَغْضُوْبٌ عَلَيْهِمْ થી યહૂદી કોમ મુરાદ છે. એની દલીલ એ છે કે એમના હકમાં બીજી જગ્યાએ بِغَضَبٍ مِّنَ اللّٰهِ ફરમાવે છે (અર્થાત્ તેઓ અલ્લાહના ગઝબમાં ગિરફતાર થયા.)

اَلضَّآلِّيْنَ થી મુરાદ નસારા અને એ લોકો છે કે જે અહલેબૈત (અ.)ના રસ્તાથી વિમુખ થયા.

એમના માટે ઈર્શાદ થાય છે કે وَضَلُّوْا عَنْ سَوَآءِ السَّبِيْلِ (અર્થાત્ તેઓ સીધા રસ્તાથી ગુમરાહ થયા.)

**બીજો સવાલ:** શું કુરઆનમાં એવો કોઈ સૂરો છે કે જેમાં દોઝખના દરવાજાઓની ગણતરી પ્રમાણે સાત આયતો હોય અને હુરૂફે તહજ્જીના સાત હુરૂફ ش،ظ،خ،ف،ث،ج،ز એમાં ન હોય. અમે ઈન્જીલમાં વાંચ્યું છે કે જે કોઈ આ સૂરાને પઢશે, તો દોઝખના સાતેય દરવાજા એના માટે બંધ થઈ જશે.

**જવાબ:** હઝરત અલી (અ.)એ જવાબ આપ્યો કે એ સૂરા ફાતેહા છે કે જેને سَبۡعُ الۡمَثَانِیۡ કહે છે. આ એ જ સૂરો છે કે જે તમને પહોંચ્યો છે કે જેના اِهۡدِنَا الصِّرَاطَ الۡمُسۡتَقِيۡمَ માં તમને શંકા થઈ. એમાં એ સાત હુરૂફ નથી.

જ્યારે કૈસરે રૂમે આ જવાબોને વાંચ્યા, તો તેણે ઈસ્લામ કબૂલ કર્યો.

## મફ્રના વીસ સવાલો

મઆરિજુન્નુબુવ્વતમાં લખેલું છે કે આપ (સ.)ની રેહલતના દસ દિવસ પછી એક નકાબપોશ અઅરાબી હાથમાં ચાબુક લઈને મસ્જિદમાં દાખલ થઈને પૂછવા લાગ્યો કે, "નબી (સ.)ના વસી કોણ છે?" હઝરત અબૂ બક્રે હઝરત અલી મુર્તઝા (અ.) તરફ ઈશારો કર્યો. તેથી તેણે હઝરત અલી (અ.) તરફ ઈશારો કરીને કહ્યું, "અસ્સલામો અલૈક, યા ફતા." હઝરત અલી (અ.)એ કહ્યું, "અલૈકસ્સલામ યા મફ્ર વ સાહિબલ બૈર. (સલામ થાય તારા પર અય મફ્ર અને અય કૂવાવાળા.)"

બધા હાજર રહેલા લોકો આ જવાબ સાંભળીને નવાઈ પામ્યા.

**નકાબપોશ:** અય જવાન! તમે મારું નામ કેવી રીતે જાણ્યું અને મને સાહિબુલ બૈર કેવી રીતે કહ્યું?

હઝરત અલી (અ.): મને મારા ભાઈ મોહંમદ (સ.)એ ખબર આપી હતી. જો તું ઈચ્છતો હોય, તો તારી તમામ હાલત બયાન કરી દઉં.

**નકાબપોશ:** આપનું નામ શું છે? સારું, બતાવો કે રસૂલલ્લાહ (સ.)એ શું ખબર આપી હતી?

**હઝરત અલી (અ.):** મારું નામ અલી ઈબ્ને અબી તાલિબ (અ.) છે. તું અરબનો રહેવાસી છે. તારું નામ મફ્ર અને તારા બાપનું નામ દારમ છે, અને તારી ઉંમર ત્રણસો સાઠ વર્ષ થઈ ચૂકી છે. જ્યારે તું એકસો વર્ષનો હતો, ત્યારે તેં પોતાની કોમને ડરાવી હતી, અને સરવરે કાઈનાત (સ.)ના ઝુહૂરની તેમને બશારત (ખુશખબર) આપી હતી, અને કહ્યું હતું કે, "મહ (એટલે મક્કાની જમીન) માંથી એક શખ્સ જાહેર થશે કે જેમના ગાલ ચાંદ કરતાંય વધારે નૂરાની અને તેમના કલામ મધ કરતાંય વધારે મીઠા હશે. જે કોઈ તેમની સાથે જોડાયેલો રહેશે, તે બન્ને જગતમાં નજાત પામશે. તે યતીમો અને મિસ્કીનોના બાપ સમાન હશે, અને તલવારવાળા હશે. તે લાંબા કાનવાળા ખચ્ચર પર સવારી કરશે, પોતાનાં પગરખાંમાં પોતે જ થીંગડાં લગાવી લેશે. શરાબ અને ઝિનાને હરામ કરશે,

કતલ અને વ્યાજખોરીની મનાઈ કરશે. તે ખાતમુલ અંબિયા અને સૈયદુલ ઔલિયા હશે. તેમની ઉમ્મત દિવસમાં પાંચ વખત નમાઝ પઢ્યા કરશે, અને માહે રમઝાનને રોઝામાં પસાર કરશે, અને બૈતુલ્લાહની હજ કરશે, તમે તેમના પર ઈમાન લાવજો."

જ્યારે તેં તેમની રહનુમાઈ કરી, તો તેઓ તારો વિરોધ કરવા લાગ્યા, અને તને ઈજા પહોંચાડવાનું શરૂ કરી દીધું, એટલે સુધી કે તને એક ઊંડા કૂવામાં કેદ કરી દીધો, તેથી તું અત્યાર સુધી તે કૂવામાં કેદ હતો. જ્યારે આપ (સ.)એ આ ફાની દુનિયાથી અનંત આલમની તરફ રેહલત ફરમાવી, તો હક તઆલાએ તારી કોમને પૂરથી હલાક કરી દીધી, અને તને એ કોમથી નજાત આપી. ત્યાર પછી એક ગેબી અવાજ તારા સુધી પહોંચ્યો કે મોહંમદ મુસ્તફા (સ.)નો ઈન્તેકાલ થઈ ચૂકયો છે. તું જઈને તેમની કબ્રની ઝિયારત કર, એટલા માટે તું મંઝિલો પાર કરતો કરતો અહીં આવી પહોંચ્યો છે.

મફર આ વાતો સાંભળીને રડવા લાગ્યો અને અરજ કરી કે, "યા અલી! આપ આ વિગતવાર માહિતીથી કેવી રીતે વાકેફ થયા?" તો આપ (અ.) એ ફરમાવ્યું કે, "મને આપ (સ.)એ ખબર આપી હતી કે મારા ઈન્તેકાલ પછી અહીં મફર આવશે, તેને મારા સલામ પહોંચાડજો." જ્યારે મફરે સલામની ખુશખબરી સાંભળી, તો આગળ વધીને હઝરત અલી (અ.)ના માથા પર બોસો આપ્યો, અને પરવાનગી લઈને બેસી ગયો. ત્યાર પછી આપ (અ.)એ મફરને ફરમાવ્યું કે, "અય મફર! તારા ચહેરા ઉપરથી નકાબ ઉઠાવી લે." તેથી જ્યારે તેણે નકાબ ઉઠાવી લીધો, તો હાજર રહેલા બધાએ જોયું કે તેની પેશાનીથી નૂર નીકળી રહ્યું હતું. ત્યાર પછી મફરે અરજ કરી કે, "મારા કેટલાક સવાલો છે, હું તેમના જવાબો ઈચ્છું છું." હઝરત અલી (અ.)એ ફરમાવ્યું કે, "જે ઈચ્છતો હોય તે સવાલ કર."

**(૧) મફર:** એ કયો પુરુષ છે કે જે મા અને બાપ ધરાવતો નથી?

**હઝરત અલી (અ.):** તે હઝરત આદમ (અ.) છે.

**(૨) મફર:** એ સ્ત્રી કઈ છે કે જે મા અને બાપ ધરાવતી નથી?

**હઝરત અલી (અ.):** હઝરત હવ્વા.

**(૩) મફર:** એ કયો પુરુષ છે કે જે બાપ વગર પેદા થયેલ છે?

**હઝરત અલી (અ.):** હઝરત ઈસા (અ.).

**(૪) મફર:** એ રસૂલ કોણ છે કે જે ન તો જિનમાંથી છે કે ન ઈન્સાનમાંથી છે?

**હઝરત અલી (અ.):** તે ગુરાબ એટલે કે કાગડો છે કે જેને હક તઆલાએ કાબીલને તાલીમ આપવા માટે મોકલ્યો હતો.

**(૫) મફર:** એ કઈ કબ્ર છે કે જેણે પોતાના સાહિબને પોતાની સાથે સૈર (સહેલ) કરાવી?

**હઝરત અલી (અ.):** એ કબ્ર કે જેણે પોતાના સાહેબને સૈર કરાવી તે એક માછલી હતી કે જે હઝરત યૂનુસ (અ.)ને પોતાના પેટમાં રાખીને ત્રીસ દિવસ સુધી સમુદ્રમાં ફરતી રહી.

**(૬) મફ્રૂ:** એ હૈવાન (જાનવર) કયું છે કે જેણે પોતાના સાથીઓને ડરાવ્યા હતા?

**હઝરત અલી (અ.):** તે એક કીડી હતી કે જે પોતાની કોમ સાથે રોજીની શોધમાં નીકળી હતી. તેણે એ કીડીઓને કે જે એ થાંભલા પર ચઢી રહી હતી કે જે હઝરત સુલયમાન (અ.)ના માથા પર હતો, કહ્યું હતું કે, "ખબરદાર સુલયમાન (અ.)ના માથા પર માટી ન પડે અને તેમને ઈજા ન પહોંચે."

**(૭) મફ્રૂ:** એ શરીર કયું હતું કે જેણે ખાધું હતું પણ પીધું ન હતું?

**હઝરત અલી (અ.):** એ શરીર કે જેણે ખાધું હતું પણ પીધું નહીં, અને પછી ખાધું પણ નહીં, તે હઝરત મૂસા (અ.)નો અસા હતો કે જે જાદૂગરોના સાપોને ગળી ગયો હતો.

**(૮) મફ્રૂ:** એ જમીન કઈ છે કે જેના પર સૃષ્ટિની ઉત્પત્તિથી માત્ર એક વખત જ સૂરજ ચમક્યો અને પછી કદી પણ નહીં ચમકે?

**હઝરત અલી (અ.):** તે નીલ નદીનું તળિયું છે. મૂસા (અ.)ની કોમને નીલ નદીને પાર કરવા માટે જ્યારે અલ્લાહે તેને ચીરી નાખી હતી, અને તેનું તળિયું દેખાયું હતું, અને એના પર સૂરજ ચમક્યો હતો. મૂસા (અ.)ની કોમના પસાર થઈ ગયા પછી ફરીથી પાણી ભેગું થઈ ગયું હતું.

**(૯) મફ્રૂ:** એ નિર્જીવ પદાર્થ કયો હતો કે જેમાંથી હક તઆલાએ સાલેહ (અ.)ની ઊંટડીને જીવતી કાઢી હતી?

**હઝરત અલી (અ.):** તે એક પત્થર હતો કે જેમાંથી હક તઆલાએ સાલેહ (અ.)ની ઊંટડીને કાઢી હતી.

**(૧૦) મફ્રૂ:** તે સ્ત્રી કઈ છે કે જેના દ્વારા ત્રણ સાઅત (ક્ષણ)માં બાળક પેદા થયું હતું?

**હઝરત અલી (અ.):** હઝરત બીબી મરયમ (અ.).

**(૧૧) મફ્રૂ:** એ બે સર્જનો કયાં છે કે જે કદી સાકિત (ગતિહીન) નથી થતાં?

**હઝરત અલી (અ.):** આફતાબ (સૂર્ય) અને માહતાબ (ચંદ્ર).

**(૧૨) મફ્રૂ:** એ સાકિન (ગતિહીન) શું છે કે જે કદી ગતિશીલ થતું નથી?

**હઝરત અલી (અ.):** આસમાન.

**(૧૩) મફ્રૂ:** એ બે દોસ્ત કયા છે જે કદી દુશ્મન થશે નહીં?

**હઝરત અલી (અ.):** જિસ્મ (શરીર) અને જાન (જીવ).

**(૧૪) મફ્રૂ:** એ બે દુશ્મન કયા છે કે જે કદી દોસ્ત નહીં બને?

**હઝરત અલી (અ.):** મોત અને જિંદગી.

**(૧૫) મફ્રૂર:** શય શું છે?

**હઝરત અલી (અ.):** શય મોમિન છે.

**(૧૬) મફ્રૂર:** લા શય શું છે?

**હઝરત અલી (અ.):** લા શય કાફિર છે.

**(૧૭) મફ્રૂર:** સૌથી વધારે ખૂબસૂરત કઈ વસ્તુ છે?

**હઝરત અલી (અ.):** બની આદમ (આદમ (અ.)ની ઓલાદ)નો ચહેરો.

**(૧૮) મફ્રૂર:** સૌથી વધારે બદસૂરત કઈ વસ્તુ છે?

**હઝરત અલી (અ.):** સૌથી વધારે બદસૂરત સર (મસ્તક) વગરનું બદન છે.

**(૧૯) મફ્રૂર:** રહમ (ગર્ભાશય)માં સૌથી પહેલી કઈ વસ્તુ બંધાય છે (બને છે)?

**હઝરત અલી (અ.):** રહમ (ગર્ભાશય)માં સૌથી પહેલી જે વસ્તુ બંધાય છે (બને છે) તે છે શહાદતની આંગળી.

**(૨૦) મફ્રૂર:** એ કઈ વસ્તુ છે કે જે કબ્રમાં સૌથી છેલ્લી પડે છે?

**હઝરત અલી (અ.):** કરોડનું હાડકું.

આ જવાબોને સાંભળીને મફ્રૂરે બાબે મદીનતુલ ઈલ્મના મુબારક ચહેરા ઉપર બોસો આપ્યો અને અરજ કરી કે, "યા અલી (અ.)! મને સરવરે કાએનાત (સ.)ની મુબારક કબ્ર પર લઈ જાઓ." તેથી હઝરત (અ.)એ તેને કબ્રે રસૂલ (સ.) તરફ માર્ગદર્શન આપ્યું. તે કબ્ર સાથે વળગીને રુદન કરવા લાગ્યો. હઝરત (અ.)એ ફરમાવ્યું કે, "આને એક કલાક સુધી તેના હાલ પર છોડી દો, કેમ કે તેનો છેલ્લો સમય આવી ચૂક્યો છે." તેથી જ્યારે એક કલાક પછી જઈને જોયું, તો તેની રૂહ પરવાઝ કરી ચૂકી હતી. આપ (અ.)એ તેના કફન–દફનની વ્યવસ્થા કરી.

(કૌકબે દુર્રી)

*રિવાયતમાં છે કે એક દિવસ એક સ્ત્રી હઝરત ઈમામ જાફર સાદિક (અ.) પાસે આવી, અને અરજ કરી કે, "મેં અપરિણીત રહેવાનું વિચાર્યું છે." ઈમામ (અ.)એ પૂછ્યું કે, "શું તમે મને બતાવશો કે તમે શા માટે અપરિણીત રહેવા માગો છો?" તો તેણે જવાબ આપ્યો કે, "મેં ધારી લીધું છે કે હું ક્યારેય શાદી નહીં કરું." ઈમામ (અ.)એ પૂછ્યું કે, "શા માટે?" તો તેણે જવાબ આપ્યો કે, "હું ઈચ્છું છું કે અપરિણીત રહીને હું બીજા લોકો કરતાં વધારે સારી બની જાઉં." ઈમામ (અ.)એ તેને ફરમાવ્યું કે, "તારી આ અવધારણાને દૂર કર. જો અપરિણીત રહેવું ફઝીલત હોત તો બીબી ફાતેમા ઝહરા (અ.) આ કાર્ય કરવાનો તારાથી વધારે હક ધરાવતાં હતાં, કારણ કે આપ (અ.) ઉપર તો કોઈ પણ માણસ ફઝીલત ધરાવતો નથી."[1]*

1 મતાઉસ્સકલૈન લિ - મુજાહિદહુસૈન, ભાગ–૨, સફહા–૨૩


Trusted Since
2014
MARVEL
JEWELLERS
દરેક પ્રસંગની ઉજવણીને
ભવ્ય બનાવો
નવીન અને આકર્ષક
ડીઝાઈન્સ સાથે
વર્ષોનો વિશ્વાસ
100% BIS હોલમાર્ક
100% બાયબેકની ગેરંટી
મારવેલ જ્વેલર્સની મેનેજમેન્ટની શાખાઓ
મુંબઈ
દુ.નં. 3/એ, હરયુ સિંધ બહાર કો.ઓ. સોસાયટી,
ફીશ માર્કેટની નજીક, બહેરામ બાગ રોડ,
જોગેશ્વરી, મુંબઈ-400102
+91 99205 56429
સિદ્ધપુર
દુ.નં. 38-39, શ્લોક એમ્પાયર,
તાવડીયા ચાર રસ્તા, સિદ્ધપુર-384151
+91 73595 70530
છાપી
દુ.નં. 2, સાગર કોમ્પ્લેક્ષ, પીરોજપુરા રોડ,
છાપી હાઈવે-385210
+91 76988 29593
વદાણી
પ્રોપર્ટી નં. 1/291-292-293, સુપર માર્કેટની
બાજુમાં, વદાણી-મેસર રોડ, લક્ષ્મીપુરા,
જી. પાટણ - 384265
+91 63571 60571
અમદાવાદ
દુ.નં. 26, હિમાલીયા ફલકનુમા, રોયલ અકબર
ટાવરની પાછળ, APMC - સરખેજ રોડ,
જુહાપુરા, અમદાવાદ - 380055
+91 70695 70530
સુરત
HAYATT JEWELLERS
ગ્રાઉન્ડ ફ્લોર, શોપ નં. 1-2-3, બ્લોસમ એવન્યુ,
અડાજણ પાટીયા, સુરત પીન-૩૯૫૦૦૯
+91 87805 30370
www.marveljewellers.com
info@marveljewellers.com
MARVEL JEWELLERS



હઝરત પીર મશાયખ (રહ.) કૃત...

# મશાયખવાણી

## મક઼્તૂલનામા

● સત ગોર પીર મશાયખ વાચા ●

### બયાન નં.૨૭૪

**જબ કાસિમને સા'દકું, કહી તરસકી બાતી,**
**સબ તરસે હેં રહે, અહલેબૈત કેરી ઝાતી.**

*જ્યારે જનાબે કાસિમ (અ.)એ ઉમર સા'દને તરસની વાત કરી કે બધાં જ અહલેબૈત (અ.) પાણી વગર તરસ્યાં છે.*

**હેં લડકેને બાલુંકું, બોત તરસ લગાઈ,**
**જીવ હોઠું પર આયા, એતી ખબર બતાઈ.**

*જનાબે કાસિમ (અ.)એ એટલી ખબર સંભળાવી કે નાનાં નાનાં બાળકો અને યુવાનોને ખૂબ જ તરસ લાગી છે, જેના કારણે જીવ હોઠો ઉપર આવી ગયા છે.*

**અને તેં તો પાણી, હેં મને રે કિતા,**
**એ સોચ તો કેસા, હેં દિલ રે દિતા.**

*અને તેં તો પાણી આપવાની મનાઈ કરી છે, અને આ તેં તારા દિલમાં કેવો વિચાર કર્યો છે?*

**તો દેખ હેં રે આવતા, બેગે કયામત દંના,**
**તું શરમાવે સહી, ઉસ દિન કે મંના.**

*તો તું જોઈ લે કે કયામતનો દિવસ જલ્દીથી આવી રહ્યો છે, અને તું જરૂર તે દિવસે શરમિંદો થઈશ.*

**જબ નાના રે મેરા, શફાઅતકો આવે,**
**તું મુસ્તફા પાસ, કેસા જુવાબ કરાવે.**

*જ્યારે મારા નાના હઝરત મોહંમદ મુસ્તફા (સ.) શફાઅત કરવા માટે આવશે, ત્યારે તું તેમને શું જવાબ આપીશ?*

**તબ શરમ તો તુજકું, આવે કે નાંહાં,**
**સુન સા'દકે બેટે, બૂઝ મન કે માંહાં.**

*ત્યારે તને શરમ આવશે કે નહીં આવે? અય સા'દના બેટા! તું સાંભળ અને મનમાં વિચાર કર.*

**જબ ઈમામઝાદા કાસિમને, એતી બાત રે કહી,**
**તબ સા'દકા બેટા, સુન રહ્યા ચુપ સહી.**

*જ્યારે ઈમામના બેટા, જનાબે કાસિમ (અ.)એ આટલી વાત કરી, ત્યારે સા'દનો બેટો તે*

*સાંભળીને ચૂપ થઈ ગયો.*

**તબ જુવાબ તો સુન કર, એતે કુછ ના દિયા,**
**અને મુંહ તો લશ્કર, તરફ રે કિયા.**

*ત્યારે આટલું સાંભળીને એ વખતે કંઈ પણ જવાબ ન આપ્યો, અને તેણે મોઢું લશ્કર તરફ કર્યું.*

**કહ્યા જાનતે હો તમંના, એ હેં અસવાર આયા,**
**એ ઈબ્ને હસન, નામ કાસિમ સુણાયા.**

*કહ્યું કે શું તમે જાણો છો કે આ ઘોડેસવાર કોણ આવેલો છે? આ ઈમામ હસન (અ.)ના બેટા છે કે જેમનું નામ કાસિમ છે, એવું સાંભળવામાં આવ્યું છે.*

**તમે એક એક ઉસ પર, કોઈ જાઈયો નાંહાં,**
**તમે એકઠે હોકર, લેના ઘેરેકે માંહાં.**

*તમે એક એક કરીને કોઈ તેમના ઉપર (લડાઈ કરવા) જતા નહીં, પરંતુ તમે ભેગા મળીને એમને ઘેરામાં લઈ લો.*

**યું સા'દકે બેટેને, હુકમ રે દિતા,**
**એ સુન સુન મોમિનો, ચંત એતના દિતા.**

*આવી રીતે સા'દના બેટાએ હુકમ કર્યો. આ સાંભળીને મોમિનોએ આટલો વિચાર કર્યો.*

**રેતૂહી**

**વે ચાહતા આપ કરે,**
**એસા સુરીજન હાર રે, એસા સુરીજન હાર;**
**બેગે મન રાખના,**
**જિસમાં રબકા પ્યાર રે, જિસમાં રબકા પ્યાર.**

*અલ્લાહ પોતે જે ઈચ્છે છે તે કરે છે, આવો સર્જનહાર (અલ્લાહ) છે. ઝડપથી મનમાં રાખજો કે જેમાં પરવરદિગારનો પ્રેમ છે.*

**બયાન નં.૨૭૫**

**જબ કાસિમકે સામી, કોઈ આયા રે નાંહાં,**
**તબ તલ એક ઠાડે, રહે રણકે માંહાં.**

*જ્યારે જનાબે કાસિમ (અ.)ની સામે કોઈ ન આવ્યું, ત્યારે તેઓ થોડીક વાર રણમેદાનમાં ઊભા રહ્યા.*

**તબ પીછે રે ફિર કર, તંબુ પાસ આએ,**
**સો ઝારઝાર રોતે, આએ રે સુણાએ.**

*ત્યારે પાછા ફરીને ખૂબ જ રડતાં રડતાં ખૈમાની પાસે આવ્યા, એવું સાંભળ્યું છે.*

**તબ અહલેબૈત રોએ, નેનું ભરભર પાણી,**
**અને કાસિમ ભી રોએ, બોત બાત રે જાની.**

*ત્યારે અહલેબૈત (અ.) આંખોમાં આંસુ ભરી ભરીને રડવા લાગ્યાં, અને જનાબે કાસિમ (અ.) પણ ખૂબ રડ્યા, એવી વાત જાણી છે.*

**યું ડેરેથી વિદા હો, ફેર કર ચલીએ,**
**સો રણકી તરફ, કદમ રે ધરીએ.**

*આવી રીતે ખૈમામાંથી વિદાય થઈને ફરીથી ચાલ્યા, અને રણમેદાનની તરફ ચાલવા લાગ્યા.*

**બોત ફોજુંકે ઉપર, આવ હુમલા કિતા,**
**બોત દુશ્મન મારે, એસા હેં રે સુણિતા.**

*મેદાનમાં આવીને ઘણી બધી ફોજો ઉપર હુમલો કર્યો, અને ઘણાબધા દુશ્મનોને મારી નાખ્યા, એવું સાંભળ્યું છે.*

**કે માર માર કહીયુંકું, ખાક ભેલી રે કિતે,**
**અને ફોજુંકું રે સબ, ભાન કર દિતે.**

*કે કેટલાય (દુશ્મનો)ને મારીને માટી ભેગા કરી નાખ્યા, અને બધી ફોજોને મારીને વેરવિખેર કરી દીધી.*

**તબ સા'દકે બેટેને, અરઝોક[1]કું બોલાયા,**
**ભી ઉસકે બાપકા, નામ સા'દ થા સુણાયા.**

*ત્યારે સા'દના બેટાએ અરઝોકને બોલાવ્યો, અને તેના બાપનું નામ પણ સા'દ હતું, એવું સાંભળ્યું છે.*

**આવ ઝૂઝનાર થા માઝી, શામકા કેહલાતા,**
**ઉસે સા'દકે બેટેને, મહેણા દિયા રે સુણાતા.**

*કહેવાય છે કે આ જંગમાં લડાઈ કરનાર શામનો યોદ્ધો હતો, તેને સા'દના બેટાએ મહેણું માર્યું, એવું સાંભળ્યું છે.*

**હેં દસ હઝાર દીનાર, તું હેં યઝીદકા ખાતા,**
**અને શામ માંહેં આપસકું, હેં સિપાહી કેહલાતા.**

*અય અરઝોક! તું યઝીદની પાસેથી દસ હજાર દીનાર પગાર લે છે, અને શામના મુલકમાં તું પોતાની જાતને મોટો સિપાહી કહેવડાવે છે?*

**તો આજ તું મેદાનમાં, બહાર નાંહીં ક્યું જાતા,**
**અને કાસિમકે સાથ, ના ક્યું જંગ રે કરાતા.**

*તો તું આજે બહાર નીકળીને રણમેદાનમાં કેમ જતો નથી? અને જનાબે કાસિમ (અ.)ની સાથે જંગ કેમ કરતો નથી?*

---

1 અમુક કિતાબોમાં અરઝોકનું નામ 'અર્ઝદક' પણ લખેલું છે.

**કહ્યા મુનાસિબ નાંહીં, એ તમુંકું કેહના,**
**એતા અરઝોકે કહ્યા, તું સુન મન મેના.**

*અરઝોકે કહ્યું કે તારું આવું કહેવું યોગ્ય નથી, અય ઉમર સા'દ! તું આટલું મનમાં સાંભળી લે.*

**કે લડકે સાથ, ક્યા મેં કરું રે લડાઈ,**
**એ સુન સુન મોમિનો, દિલ ચંતા એ આઈ.**

*અરઝોકે કહ્યું કે આ બાળકની સાથે હું શું જંગ કરું? આ સાંભળીને મોમિનોના દિલમાં એ ચિંતા થઈ.*

**રેતૂહી**

**અરઝોક બેટા સા'દકા,**
**કેહતા હેં જંગકા કામ રે, કેહતા હેં જંગકા કામ;**
**અરઝોકને ગુમાનમાં,**
**ખૂબ બૂઝા આપકા નામ રે, ખૂબ બૂઝા આપકા નામ.**

*અરઝોક સા'દના બેટાને કહે છે કે મારે જંગ કરવાની શું જરૂર છે? અને અરઝોકે અભિમાનમાં કહ્યું કે મારું નામ તો ઘણું જાણીતું છે.*

જાફરી આવાઝ (માસિક)માં લવાજમ, જાહેરાત, ડોનેશન, અવસાન નોંધ કે કોઈ સારા સમાચાર, વગેરે મોકલવા માટે સંપર્ક કરો:

**મોમિન રઝાઅલી ખણુશીયા**
જાફરી આવાઝ (માસિક) ઑફિસ
મેહેર લાઈબ્રેરી એન્ડ જાફરી સેમિનરી,
મકતબા જાફરીયા, સેદ્રાણા સ્કવેર, સેદ્રાણા.
મોબાઈલ: **84604 92429**



ZAHAB
JEWELLERS
હવે, હિંમતનગરમાં
જ્યાં ભરોસો, ભવ્યતા અને શણગારની દુનિયા
શુભ પ્રસંગ માટે શ્રેષ્ઠ પસંદગી,
સંપૂર્ણ પારદર્શિતા સાથે, કોઈ છૂપા ચાર્જીસ વગર.
Zahab Jewellers
તદ્દન ફ્રી
ટેસ્ટિંગ મશીન વડે ઝવેરાતની ગુણવત્તા ચકાસો
100%
BIS હોલમાર્ક
100%
બાયબેકની ગેરંટી
+91 99254 22977
www.zahabjewellers.com
Shop No. B6-B7-B8 Ground Floor, Shantam-7, Nr. R.T.O. Circle, Himmatnagar,
Sabarkantha, Gujarat-383001

# میر انیس مرثیہ

# મીર અનીસના મરસિયા



## مرثیہ-۱۹

## મરસિયા–૧૯

### زندانِ شام میں اہلبیتؑ کی پہلی رات

### શામના કેદખાનામાં અહલેબૈત (અ.)ની પહેલી રાત

૧

جب قیدیوں کو خانۂ زنداں میں شب ہوئی
بچوں کی مارے خوف کے حالت عجب ہوئی
گھٹ گھٹ کے دخترِ شہِ دیں جاں بلب ہوئی
مضطر کمال بنتِ امیرِ عرب ہوئی
آفت کا سامنا تھا نئی واردات تھی
زہراؑ کی بیٹیوں پہ قیامت کی رات تھی

(જ્યારે કેદીઓ ઉપર શામના કેદખાનામાં રાતનો અંધકાર છવાયો, તો ડરનાં માર્યાં બાળકોની હાલત અજબ થઈ ગઈ. ઘૂંટાઈ ઘૂંટાઈને દીનના બાદશાહની દીકરી (બીબી સકીના (અ.))નો જીવ હોઠે આવી ગયો. (આ જોઈને) અમીરિ અરબ (અ.)નાં દુખ્તર (બીબી ઝૈનબ (અ.)) અત્યંત વ્યાકુળ થઈ ગયાં. આફતનો સામનો હતો, અને (આ) એક નવી જ ઘટના હતી. હઝરત બીબી ઝહરા (અ.)ની લાડલીઓ પર જાણે કયામતની રાત હતી.)

૨

پہلے پہل کی قید وہ وارثوں کے داغ
یہ رنگ تھا کہ ہوئے خزاں دیدہ جیسے باغ
رونے سے اہلبیتؑ کو اک دم نہ تھا فراغ
بے چاندنی نہ شمع نہ مشعل نہ واں چراغ
غل تھا کہ ایسے گھر بھی الٰہی جہاں میں ہیں
ثابت نہیں کہ قبر میں ہیں یا مکاں میں ہیں

(આ કેદનો પહેલો જ અનુભવ હતો અને સાથે વારિસો(ની શહીદી)ના (તાજા) ઘા હતા. હાલત એવી હતી,

જાણે પાનખરે કોઈ હર્યોભર્યો બાગ ઉજ્જડ કરી નાખ્યો હોય. અહલેબૈત (અ.)ને રડવાથી એક પળની પણ ફુરસદ ન હતી. એ કેદખાનામાં ન તો ચાંદનીની રોશની હતી, ન કોઈ દીવો, ન કોઈ મશાલ કે ન તો એક ચિરાગ સુદ્ધાં હતો. ચારેકોર આ જ શોરબકોર હતો કે, યા અલ્લાહ! શું દુનિયામાં આવાં પણ ઘર હોય છે? એ નક્કી કરવું મુશ્કેલ હતું કે તેઓ કબ્રમાં છે કે કોઈ મકાનમાં.)

یوں وہ شکستہ حال تڑپتے تھے ہر نفس — دشوار جیسے صید پہ ہو تنگیٔ قفس
૩
جانوں کی تھی بدن سے نکل جانے کی ہوس — بازو بندھے ہوئے تھے نہ تھا کچھ کسی کا بس
دل چھاتیوں میں صورت بسمل تڑپتے تھے
زنداں کے در پہ جا کے سروں کو پٹکتے تھے

(દરેક પળે એ ગમઝદા એવી રીતે તડપતાં હતાં, જાણે કે કોઈ શિકાર થયેલું પંખી જાળમાં ફસાવાના લીધે તરફડતું હોય. તેમની રૂહો શરીરોમાંથી નીકળી જવાને ઉત્કંઠિત હતી. સૌના બાઝૂ બંધાયેલા હતા, કોઈનાથી કંઈ થઈ શકે તેમ ન હતું. દિલો છાતીઓમાં કોઈ ઘાયલ પક્ષીની જેમ તરફડી રહ્યાં હતાં. તેઓ કેદખાનાના દરવાજા પાસે જઈને પોતાનાં માથાં કૂટતાં હતાં.)

اس گھر میں اہلبیت محمدؐ ہوئے تھے بند — جز کہنگی جسے نہ کسی نے کیا پسند
૪
تنگی سے ایک ایک کو تکلیف تھی دو چند — تھوڑی سی جا مگر کہیں پست اور کہیں بلند
وہ بیبیاں اسیر تھیں اس قصرِ زشت میں
ہیں جن کی لونڈیوں کے لئے گھر بہشت میں

(મોહંમદ (સ.)ની અહલેબૈત (અ.) એ ઘરમાં કેદ હતી, જેને તેના પુરાણાપણા સિવાય કોઈએ પસંદ ન કર્યું. સંકડામણને લીધે દરેકને બમણી તકલીફ થતી હતી. (કેદખાનાની) જગ્યા અત્યંત સાંકડી હતી, વળી એમાંય પણ જમીન ઊંચી–નીચી. આ બદતર મકાનમાં એ બીબીઓ કેદ હતી, જેમની કનીઝો માટે તો બેહિશ્તમાં ઘર છે.)

زنداں میں جب کہ آلِ پیمبرؐ ہوئے اسیر — کونین کے امیر کھلے سر ہوئے اسیر
૫
سب رشتہ دارِ احمدؐ و حیدرؑ ہوئے اسیر — وحشت سرا میں عرش کے گوہر ہوئے اسیر

ظلمت سرائے گور تھی زنداں کا گھر نہ تھا
حجرے یہ تنگ تھے کہ ہوا کا گزر نہ تھا

(કેદખાનામાં પયગમ્બર (સ.)ની આલ કેદી બની, તો બન્ને જહાનના અમીર પણ ઉઘાડા માથે કેદી બન્યા. અહમદ (સ.) અને હૈદર (અ.)નાં સૌ સ્વજનોને કેદી બનાવવામાં આવ્યાં. અર્શનાં અમૂલ્ય મોતીઓ આજે એક સૂમસામ જગ્યાએ કેદ હતાં. એ જગ્યા કેદખાનું નહીં, પરંતુ કબ્ર જેવી અંધારી કોટડી હતી. તે કોટડીઓ એટલી સાંકડી હતી કે ત્યાંથી હવાનો એક ઝોકો પણ પસાર થઈ શકતો ન હતો.)

۶
بستی وہ فاطمہؑ کی کہاں اور وہ گھر اُجاڑ جانوں پہ تھی بنی ہوئی قسمت کا تھا بگاڑ
کیا دل کھلیں کہ شام سے جب بند ہوں کواڑ دیواریں تھیں بلند کہ چھاتی پہ تھے پہاڑ
گھبرا کے چھت کو بیبیاں ہر بار تکتی تھیں
ٹوٹے مکاں کی رات کو کڑیاں کڑکتی تھیں

(ક્યાં બીબી ફાતેમા (અ.)નું હર્યુંભર્યું ઘર ને ક્યાં આ ઉજ્જડ અને વેરાન કેદખાનું! જીવ જોખમમાં હતા ને કિસ્મતની ખરાબી હતી. ડર કેમ કરીને દૂર થાય, જ્યારે સાંજ પડતાં જ દરવાજા બંધ કરી દેવામાં આવતા હોય? દીવાલો એટલી ઊંચી હતી કે જાણે છાતી પર પહાડ ન હોય! ગભરાઈને બીબીઓ વારંવાર છત તરફ તાકી રહેતી હતી, અને એ તૂટેલા મકાનની કડીઓ આખી રાત ભયાનક રીતે કડકડતી હતી.)

۷
کیجے شکستگیٔ خرابے کا کیا بیاں ثابت نہ جس میں سقف نہ در اور نہ سائباں
وحشت کا گھر ہر اس کی جا خوف کا مکاں وہ شب کہ الحذر وہ حرارت کہ الاماں
گھر تھا اجل کا خانۂ رنج و بلا نہ تھا
برسوں سے واں چراغ کسی شب جلا نہ تھا

(એ ખંડેરની બદતર હાલતનું વર્ણન શું કરીએ? જ્યાં ન તો કોઈ છત હતી, ન કોઈ દરવાજો, કે ન તો કોઈ છાંયડો આપતું છજું. તે એક સૂમસામ ઘર હતું, જેની દરેક જગ્યા ખોફથી ભરેલી હતી. એવી ભયાવહ રાત કે બસ અલ્લાહની પનાહ! અને એવી ગરમી કે અલ–અમાન! આ કંઈ રંજોબલાવાળું ઘર ન હતું, પરંતુ આ ઘર મોતની જગ્યા હતી. વર્ષોથી તે જગ્યાએ કોઈ રાત્રે ચિરાગ સળગ્યો જ ન હતો.)

100%
કુદરતી અને રસાયણ મુક્ત

શુધ્ધતા પણ, સ્વાસ્થ્ય પણ, સ્વાદ પણ...

# એગ્રીનેચર

બંધાણી ફાર્મર્સ એલ.એલ.પી.

## “ખેડૂતો દ્વારા ઉત્પાદિત ઘાણીના કોલ્ડ પ્રેસ્ડ તેલ અને ચક્કીના વિવિધ મસાલા”

### અમારા ત્યાં બનતા ઉત્પાદનો

| ઘાણીના તેલ | મસાલા | ↓↓↓ |
|---|---|---|
| સિંગ તેલ (મગફળીનું તેલ)<br>સરસવ તેલ<br>રાયડા તેલ<br>તલ તેલ<br>કોપરેલ તેલ<br>બ્લેન્ડેડ હેર ઓઇલ<br>બ્લેન્ડેડ મસાજ ઓઇલ | પ્રીમિયમ મરચું પાઉડર<br>રેશમપટ્ટી મરચું પાઉડર<br>હોટ તેજા મરચું પાઉડર<br>પ્રીમિયમ હળદળ પાઉડર<br>પ્રીમિયમ ધાણા જીરું<br>ધાણા પાઉડર<br>સિંધવ નમક<br>નેચરલ ચા પત્તી | ડીલર બનવા અને વ્યાપારિક પૂછપરછ આવકાર્ય |



- ઉત્તર ગુજરાતના દરેક વિસ્તારોમાં ઉપલબ્ધ
- ગુણવત્તાની સંપૂર્ણ ખાતરી
- ભેળસેળ મુક્ત અને કુદરતી પદ્ધતિથી ઉત્પાદન
- અમારી વસ્તુ પસંદ ના આવે તો 100% રીફન્ડ (પરત) આપવામાં આવશે
- મક્તબાહ જાફરીયા ટ્રેડ ફેર, વાઇબ્રન્ટ ગુજરાત સમિટ, સ્ટાર્ટઅપ ગુજરાત સમિટ, WSSRO એક્ઝીબિશનમાં લોકોનો બહોળો પ્રતિસાદ

ગામ : બાદરગઢ, તાલુકો : પાલનપુર - બનાસકાંઠા, ગુજરાત - ૩૮૫૪૧૦

વધુ માહિતી માટે સંપર્ક કરો:
83476 14814

# سیرت ائمہ اہلبیتؑ

# સીરતે અઈમ્માએ અહલેબૈત (અ.)

(જિલ્દ -૧)

ઉર્દૂમાંથી અનુવાદ:
જનાબ સૈયદ વસીહૈદર ઝેડ. જાફરી

અલ્લામા સૈયદ હાશિમ માઅરૂફ હસની

(ગતાંકનું ચાલુ)

**હઝરત અલી (અ.) હુદૈબિયામાં**

જ્યારે પક્ષકારો સુલેહની શર્તો ઉપર સહમત થઈ ગયા, તો રસૂલે અકરમ (સ.)એ હઝરત અલી (સ.)ને હુકમ આપ્યો કે આ વાતોને દસ્તાવેજની માફક લખી લો. પછી આપ (સ.)એ ફરમાવ્યું, "લખો, بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ સુહૈલે તેના ઉપર વાંધો ઉઠાવ્યો અને કહ્યું કે, "અમે નથી જાણતા કે રહમાન અને રહીમ કોણ છે? પરંતુ તેની જગ્યાએ લખો! بِاسْمِكَ اللّٰهُمَّ" રસૂલે અકરમ (સ.)એ તેના ઉપર સહમતી દર્શાવી દીધી અને હઝરત અલી (સ.) ને કહ્યું, "સારું, હવે લખો! આ એ કરાર છે જેના ઉપર મોહંમદ રસૂલલ્લાહ (સ.) અને સુહૈલ ઈબ્ને અમ્રની વચ્ચે સુલેહ ઉપર સહમતી થઈ છે."તેના ઉપર સુહૈલે એ વાંધો ઉઠાવ્યો કે જો આપને અમે રસૂલલ્લાહ માનતા હોત તો આપનાથી જંગ ન કરતા. તેથી આપ પોતાનું નામ અને પોતાના વાલિદનું નામ લખો. તો રસૂલે અકરમ (સ.)એ હઝરત અલી (અ.)ને હુકમ આપ્યો કે રસૂલલ્લાહ શબ્દો કાઢી નાખો, પરંતુ હઝરત અલી (અ.)એ કહ્યું, "અલ્લાહની કસમ, હું નહીં કાઢું." તો આપ (સ.)એ તે કાગળ પોતાના હાથમાંથી લઈ લીધો અને તે શબ્દોને જાતે જ કાઢી નાખ્યા."

જેમ કે, બુખારીમાં રિવાયત કરવામાં આવી છે અને નિસાઈની ખસાઈસમાં તેના ઉપર આવો વધારો કરવામાં આવ્યો છે કે રસૂલે અકરમ (સ.) એ હઝરત અલી (અ.)ને ફરમાવ્યું, "તમારા માટે પણ આવું જ થશે, નજીકમાં તમે પણ આવી જ બાબતનો સામનો કરશો અને આવું કરવા માટે મજબૂર થઈ જશો." આ રિવાયતને ઈબ્ને અબી હદીદે પણ શર્હે નહ્જુલ બલાગામાં લખી છે.

રસૂલે અકરમ (સ.)નું આ વાક્ય આપ (સ.) ની નબુવ્વતની અગણિત દલીલોમાંની એક દલીલ છે. એ ઘટના કે જેની આગાહી રસૂલે અકરમ (સ.) એ કરી હતી, તે લગભગ ૩૫ વર્ષ પછી બનીને રહી. જ્યારે કે સિફ્ફીનમાં હઝરત અલી (અ.) અને મુઆવિયાની વચ્ચે સુલેહની સહમતી થઈ અને જ્યારે લખનારે સુલેહની શરતોને લખવાનું

શરૂ કર્યું, તો હઝરત અલી (અ.)એ તેમને કહ્યું, "લખો! આ એ કરાર છે કે જેના ઉપર અમીરુલ મોમિનીન અલી અને મુઆવિયા સહમત થયા છે." તેથી મુઆવિયાના પ્રતિનિધિ મંડળે આપ (અ.) ને કહ્યું, "જો અમે આપને અમીરુલ મોમિનીન સમજતા હોત તો આપની સાથે જંગ ન કરતા. તેથી આપ આપનું અને આપના વાલિદનું નામ લખો." ત્યારે હઝરત અલી (અ.)એ લખનારને તેને કાઢી નાખવાનો હુકમ આપ્યો, પરંતુ અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસે તેમ કરવાની ના પાડી. તો હઝરત અલી (સ.)એ તે કાગળ લઈ લીધો અને પોતાના હાથે તેને કાઢી નાખ્યું. તેના પછી ફરમાવ્યું, "મને આ બાબતના સમાચાર રસૂલે અકરમ (સ.)એ સુલ્હે હુદૈબિયાના સમયે આપી દીધા હતા. જ્યારે હું રસૂલે અકરમ (સ.) અને કુરૈશના વચ્ચે સુલેહનામું લખી રહ્યો હતો."

આ વાત નિશ્ચિત થઈ ગયા પછી રસૂલે અકરમ (સ.) હુદૈબિયાથી પાછા ફર્યા કે આવતા વર્ષે આપ (સ.) અને આપના સહાબીઓ ફરીથી મક્કા આવશે અને કુરૈશ તેને ત્રણ દિવસ માટે ખાલી કરી દેશે. હજુ તો આપ (સ.) મદીનાના રસ્તામાં જ હતા કે આ આયત નાઝિલ થઈ:

إِنَّا فَتَحْنَا لَكَ فَتْحًا مُّبِينًا ﴿١﴾

(સૂરા ફત્હ, આયત–૧)

સીરત ઈબ્ને હિશામમાં ઝુહરીથી રિવાયત છે કે તેમણે કહ્યું, "ઈસ્લામમાં તેનાથી પહેલાં આટલી મોટી કોઈ ફત્હ નથી થઈ, કેમ કે તેના પછી લોકોએ એકબીજાને સલામતી આપી દીધી. જેણે પણ ઈસ્લામને સમજવા માટે વાત કરી, તે તેમાં દાખલ થઈ ગયો. તેથી તે બે વર્ષોમાં ઈસ્લામમાં તેનાથી વધારે લોકો દાખલ થયા જેટલા રસૂલે અકરમ (સ.)ની બઅસતથી લઈને અત્યાર સુધી દાખલ થયા હતા. કુરૈશે અરબ દેશોમાં ફેલાયેલા બીજા દીનોની જેમ ઈસ્લામને પણ એક દીન માની લીધો અને બીજી તાકાતની જેમ ઈસ્લામને પણ એક તાકાત માની લીધી કે જેને ભૂંસી નાખવા તેમની કોઈ યુક્તિ કામ ન લાગી હતી. જો કે, તેઓ આ પહેલાં રસૂલે અકરમ (સ.)ને પોતાના બાપદાદાના દીન, પોતાના અકીદાઓ અને પોતાના રિવાજોથી નીકળી જનાર માનતા હતા અને તેમને આ દુનિયામાં જીવતા રહેવાના હકદાર માનતા ન હતા.

**હઝરત અલી (અ.) ખૈબરની લડાઈમાં**

રસૂલે અકરમ (સ.) દાવતે ઈસ્લામના સંબંધમાં કુરૈશ અને બીજા અરબોના તરીકાથી સંતુષ્ટ થઈ ગયા હતા કે જે સુલ્હે હુદૈબિયા પછી પણ એક હદ સુધી પોતાના શિર્ક ઉપર અડગ હતા, જેવી રીતે કે અમે જણાવી દીધું છે. આ સુલેહનાં પરિણામો મુસલમાનો માટે ફાયદાકારક હતાં. તેથી કેટલાક રાવીઓના મત મુજબ આ સુલેહ પછી લોકોની એક મોટી સંખ્યાએ ઈસ્લામ સ્વીકાર્યો. હવે અરબોને એ ખબર પડી ગઈ હતી કે, કુરૈશ તાકાતવર હોવા છતાં રસૂલે અકરમ (સ.)ની

વિરુદ્ધ તાકાતનો ઉપયોગ કરવામાં નિષ્ફળ રહ્યા છે, કેમ કે સુલ્હે હુદૈબિયાનાં નિયમો અને શર્તોના કારણે તે હકીકતને સ્વીકાર્યા સિવાય છૂટકો ન હતો. આવું કહેવામાંય કાંઈ ખોટું નથી, કે આ જ હકીકત તે વર્ષ દરમિયાન અરબો ઈસ્લામમાં દાખલ થયા તે પાછળનું મોટું કારણ બની હશે.

જો કે, રસૂલે અકરમ (સ.)ને ઈસ્લામની હાલની સ્થિતિ ઉપર સંતોષ હતો અને તેની તરક્કી ઉપર ખુશ હતા. તેમ છતાં, આપ (સ.) તે યહૂદીઓ ઉપર કે જે મદીનાની બહાર હતા, તેમના પર નજર રાખેલા હતા અને આપ (સ.)ને તેમની તરફથી બળવાનો ભય હતો. તેથી આપ (સ.)એ તે બધી શક્યતાઓને વિચારીને રાખી હતી. આપ (સ.)એ તે શક્યતાને પણ નકારી ન હતી કે હિજાઝની સરહદો સાથે મળતી હુકૂમતો તેમને બળવો કરવા ઉશ્કેરતી હશે અને તેમને મદદ પણ સાથેસાથે પહોંચાડતી હશે, જેથી તેઓ મુસલમાનોથી પોતાના ભાઈઓ બની કુરૈઝા, બની નઝીર અને બની કૈનુકાઅનો બદલો લઈ શકે, જેમ કે તેમનો લાંબો ઈતિહાસ જણાવે છે કે તેઓ હંમેશાં બળવો અને કરારભંગ કરવા તૈયાર રહેતા હતા.

મોટાભાગના સ્ત્રોતો જણાવે છે કે રસૂલે અકરમ (સ.)ને હુદૈબિયાથી મદીનામાં પાછા આવ્યાને એક મહીનાથી વધુ સમય થયો ન હતો કે આપ (સ.)એ હુકમ આપ્યો કે જેટલી જલ્દી શક્ય હોય તેટલી જલ્દી ખૈબર ઉપર ચઢાઈની તૈયારી કરી લો. ત્યારે મુસલમાનોએ થોડાક જ દિવસોમાં પોતાની તૈયારીઓ સંપૂર્ણ કરી લીધી. તેથી આપ (સ.) ૧૬૦૦ લડવૈયાઓની સાથે મદીનાથી નીકળ્યા. આપ (સ.)એ પોતાના લશ્કરનો અલમ હઝરત અલી (અ.)ને આપ્યો અને ખૈબરની તરફ રવાના થયા. ખૈબર એવાં મોટાં શહેરોમાંથી એક હતું કે જેમાં ઘણા મજબૂત ગઢ અને કિલ્લાઓ હતા. રસૂલે અકરમ (સ.) રાતના અંધારામાં તેની નજીક પહોંચી ગયા અને ત્યાં ઊતરીને તેમના સહાબીઓની સાથે સુબ્હની રાહ જોવા લાગ્યા. આપ (સ.)એ પોતાના બધા સહાબીઓને ભેગા કરીને ખુત્બો આપ્યો, અને તેમને સબ્ર અને નિખાલસતાની સલાહ આપી. તે સવારે જ્યારે યહૂદીઓ પોતાના બાગો અને ખેતરો તરફ નીકળ્યા, તો તેમણે મુસલમાનોને પોતાના શહેરના દરવાજા ઉપર જોયા. તે પાછલા પગે નાઠા જેથી શહેરવાળાઓને આ સ્થિતિની જાણ કરે. તેથી તે લોકો રસૂલે અકરમ (સ.) અને તેમના સહાબીઓનો સામનો કરવાની તૈયારીઓમાં લાગી ગયા.

સીરતની કેટલીક કિતાબોથી જાહેર થાય છે કે યહૂદીઓને રસૂલે અકરમ (સ.)ની ચઢાઈની પહેલાંથી જાણ હતી. આ જ કારણ છે કે તેમણે બની ગતફાનથી કરાર કર્યો હતો કે જો આ પ્રકારની કોઈ પરિસ્થિતિ સર્જાશે, તો તેઓ લશ્કરમાં શામિલ થઈ જશે. તેથી તેમણે બની ગતફાન સાથે તરત જ સંપર્ક કર્યો, અને તેઓ તેમની મદદ માટે તૈયાર થઈ

ગયા, પરંતુ તે અવરોધો કે જે રસૂલે અકરમ (સ.) એ ખૈબરની ચારે બાજુએ સ્થાપિત કરી દીધા હતા, તે તેમને યહૂદીઓની સાથે શામિલ થવામાં બાધક રહ્યા.

એક બીજી રિવાયતમાં છે કે જ્યારે બની ગતફાન યહૂદીઓની મદદ માટે નીકળ્યા, તો તેમણે પોતાના કબીલાવાળાઓનો ઘોંઘાટ સાંભળ્યો. તેઓ તે ડરથી પાછા જતા રહ્યા કે કદાચ રસૂલે અકરમ (સ.)ના લશ્કરે તેમનાં ઘરો અને કબીલાવાળાઓને જઈને પકડ્યાં છે.

ગમે તે પરિસ્થિતી હોય, (પણ) ખૈબરના યહૂદીઓ સંખ્યામાં હિજાઝના યહૂદીઓથી વધારે હતા, અને તેમના કિલ્લા પણ વધારે મજબૂત હતા અને તેમનામાં એવા એવા બહાદુરો હાજર હતા કે જેમની ખ્યાતિ આખા અરબમાં ફેલાયેલી હતી. એટલા માટે કુરૈશ તે જંગનાં પરિણામો ઉપર નજર રાખી રહ્યા હતા. તેમની ઈચ્છા એવી હતી કે અંતે મુસલમાનો પરાજિત થાય, જેમ કે અમે જણાવ્યું છે કે, યહૂદીઓને મુસલમાનોના આગમનની જાણ થતાં જ તેઓ એક સફમાં ઊભા થઈ ગયા. તેમણે પોતાની સ્ત્રીઓ, બાળકો અને માલસામાનને મજબૂત કિલ્લાઓમાં સુરક્ષિત કરી દીધાં કે જેને આવા જ સમય માટે તૈયાર કરી રાખ્યા હતા. હવે તેમના અને મુસલમાનોની વચ્ચે તે કિલ્લાઓની આસપાસ સખત જંગ શરૂ થઈ ગઈ. બન્ને પક્ષો વચ્ચે સખત લડાઈ થઈ અને બન્ને પક્ષો વચ્ચે કેટલાય દિવસ સુધી લડાઈ ચાલુ રહી. તે જ દરમિયાન મોહંમદ ઈબ્ને મુસ્લમા કતલ થઈ ગયા કે જેમના ઉપર એક યહૂદીએ કિલ્લાની ઊંચાઈએથી ઘંટીનો પાટ નીચે ફેંક્યો હતો. (ક્રમશ:)

*જ્યારે હઝરત અલી (અ.) (ઈબ્ને મુલ્જમની ઝર્બત પછી) પથારીવશ હતા, ત્યારે આપ (અ.) એ ફરમાવ્યું, "અય અબ્દુલ મુત્તલિબના બેટાઓ! ધ્યાન રાખજો કે મારી શહાદત પછી મુસલમાનોના લોહીમાં ડૂબકી ન લગાવતા, અને એમ ન કહેતા કે, "અલી (અ.)ના કતલના કારણે લોહી વહાવી નાખો." તમે ધ્યાન રાખજો કે ખાલી મારા કાતિલને જ કતલ કરવામાં આવે, અને એવી જ રીતે કે જેવી ઝર્બ તેણે મારા ઉપર મારી છે — ખાલી એક જોરદાર ઝર્બ — તેને પણ લગાવવામાં આવે, અને એ મરી જાય પછી તેનું અંગવિચ્છેદન ન કરવામાં આવે."*

*હઝરત ઈમામ અલી (અ.)એ ફરમાવ્યું છે કે, "તારા દિલમાં, લોકોની મોહતાજી અને તેમનાથી તારી બેનિયાઝી, બન્ને ભેગી થવી જોઈએ. એવી રીતે કે તેમની મોહતાજી તારી અંદર તારી મૃદુભાષામાં અને તારા સુંદર વ્યવહારમાં હોવી જોઈએ, અને તેમનાથી તારી બેનિયાઝી તારી ડાઘરહિત છબીમાં અને તારી ઈજ્જતની સલામતીમાં હોવી જોઈએ."* [1]

1 મતાઉસ્સકલૈન લિ - મુજાહિદહુસૈન, ભાગ–૨, સફહા–૨૫

الإرشاد

# અલ ઈર્શાદ

લેખક : શેખ મુફીદ  ઉર્દૂમાંથી અનુવાદ : જનાબ સૈયદ વસીહૈદર ઝેડ. જાફરી

## હઝરત અલી ઇબ્ને મૂસા રઝા (અ.)

(ગતાંકનું ચાલુ)

**ઈમામત માટેની નિમણૂક (નસ્સ)ના અહેવાલો:**

અબુલ કાસિમ જાફર ઈબ્ને મોહંમદે, મોહંમદ ઈબ્ને યાકૂબના હવાલાથી અને તેમણે વિશ્વાસુ સહાબીઓના હવાલાથી, અને તેમણે અહમદ ઈબ્ને મોહંમદ ઈબ્ને ઈસાના હવાલાથી, તેમણે મુઆવિયા ઈબ્ને હુકૈમથી, તેમણે નુઐમ અલ–કાબૂસીના હવાલાથી અને તેમણે અબુલ હસન ઈમામ મૂસા કાઝિમ (અ.)ના હવાલાથી જણાવ્યું કે, તેઓ કહેતા હતા:

અબુલ હસન (ઈમામ મૂસા કાઝિમ (અ.)) કહેતા હતા કે, "મારા દીકરાઓમાં સૌથી મોટા દીકરા અલી, મારા સૌથી ગમતા અને માનીતા ફરઝંદ છે. તેમણે (ઈમામ રઝા (અ.)એ) તે પેટી (જફ્ર)ની વસ્તુઓને ખોલીને જોયેલી છે કે જે મારી પાસે છે. તે પેટીને કાં તો પયગમ્બર, કાં તો રસૂલના વસી જ ખોલીને જોઈ શકે છે."

અબુલ કાસિમ જાફર ઈબ્ને મોહંમદે મોહંમદ ઈબ્ને યાકૂબના હવાલાથી, તેમણે અહમદ ઈબ્ને મિહરાનના હવાલાથી, તેમણે મોહંમદ ઈબ્ને અલીના હવાલાથી, તેમણે મોહંમદ ઈબ્ને સિનાન અને અલી ઈબ્ને હકમના હવાલાથી, તેમણે હુસૈન ઈબ્ને મુખ્તારના હવાલાથી જણાવ્યું કે, તેઓ કહેતા હતા:

અમને અબુલ હસન ઈમામ મૂસા કાઝિમ (અ.)નો આ હુકમ મળ્યો કે જ્યારે આપ (અ.) કેદમાં હતા, "મેં મારા સૌથી મોટા દીકરાને આ વસિયત (અહદ) કરી છે કે તેમણે ફલાણું કામ કરવાનું છે. અને વાત રહી અમુક અમુકની, તો તેમને કંઈ ન આપજો, જ્યાં સુધી મારાથી મુલાકાત ન કરી લો અથવા અલ્લાહના હુકમથી મારું મૃત્યુ ન થઈ જાય."

તેમણે આ જ સનદોના હવાલાથી અને અહમદ ઈબ્ને મિહરાનના હવાલાથી, તેમણે મોહંમદ ઈબ્ને અલીના હવાલાથી અને તેમણે ઝિયાદ ઈબ્ને મરવાન કન્દીના હવાલાથી જણાવ્યું કે તેઓ કહેતા હતા કે,

"હું (ઝિયાદ ઈબ્ને મરવાન) અબૂ ઈબ્રાહીમ ઈમામ મૂસા કાઝિમ (અ.)ને મળવા ગયો. તે સમયે આપ (અ.)ની પાસે આપ (અ.)ના ફરઝંદ અબુલ હસન અલી રઝા (અ.) બેઠેલા હતા. ઈમામ મૂસા કાઝિમ (અ.)એ મને કહ્યું કે, "ઝિયાદ! આ મારા દીકરા છે, તેમનું લખાણ મારું લખાણ છે, તેમના શબ્દો મારા શબ્દો છે, તેમનો સંદેશવાહક, મારો સંદેશવાહક છે, અને તેઓ જે બોલે છે એ હંમેશાં સાચું જ હોય છે."

તેમણે આ જ સનદોના હવાલાથી અને અહમદ ઈબ્ને મિહરાનના હવાલાથી, તેમણે મોહંમદ ઈબ્ને અલીના હવાલાથી અને તેમણે ઝિયાદ ઈબ્ને મરવાન કન્દીના હવાલાથી જણાવ્યું કે તેઓ કહેતા હતા કે,

તેમણે આ જ સનદોના હવાલાથી અને અહમદ ઈબ્ને મિહરાનના હવાલાથી, તેમણે મોહંમદ ઈબ્ને અલી અને તેમણે મોહંમદ ઈબ્ને ફુઝૈલના હવાલાથી જણાવ્યું કે તેમને મખ્ઝૂમીએ (તેમનાં વાલેદા જાફર ઈબ્ને અબૂ તાલિબ (અ.)ના વંશથી હતાં) જણાવ્યું હતું કે,

અબુલ હસન ઈમામ મૂસા કાઝિમ (અ.)એ અમને બોલાવ્યા તો અમે લોકો આપ (અ.)ની પાસે ભેગા થયા. ત્યારે આપ (અ.)એ ઈર્શાદ ફરમાવ્યો કે, "શું તમને લોકોને ખબર છે કે મેં તમને લોકોને કેમ બોલાવ્યા છે?"

"ના." અમારો જવાબ હતો.

ત્યારે આપ (અ.)એ ફરમાવ્યું, "ગવાહ રહેજો. મારો આ ફરઝંદ મારો વારસદાર અને વસી છે, મારા પછી હુકમોનો માલિક, ઈમામ થશે અને દીની વસ્તુઓને સંભાળનાર હશે. જો મારા ઉપર કોઈનું લેણું બાકી રહેતું હોય તો તે મારા આ ફરઝંદથી લઈ શકે છે. જો મેં કોઈ માણસથી કોઈ વચન અથવા કરાર કર્યો હોય, તો મારા પછી મારો આ ફરઝંદ તેને પૂરો કરશે. જે મારાથી મળવા ઈચ્છે, હવે તેઓ તેમના થકી જ મને મળી શકશે."

તેમણે આ જ સનદોના હવાલાથી અને મોહંમદ ઈબ્ને અલીના હવાલાથી અને તેમણે અબૂ અલી ખઝ્ઝાના હવાલાથી, તેમણે દાવૂદ ઈબ્ને સુલૈમાનના હવાલાથી રિવાયત કરી છે કે તેઓ કહેતા હતા કે,

"મેં (દાવૂદ ઈબ્ને સુલૈમાને) અબૂ ઈબ્રાહીમ (ઈમામ મૂસા કાઝિમ (અ.))ને કહ્યું હતું કે મને બીક છે કે કાંઈ થવાનું છે અને હું હવે આપને મળી શકીશ નહીં, એટલા માટે આપ ઈર્શાદ ફરમાવો કે આપના પછી ઈમામ કોણ હશે?

"મારો પેલો દીકરો." આપ (અ.)એ ઈશારાથી અબુલ હસન ઈમામ રઝા (અ.)ને બતાવ્યા.

તેમણે આ જ સનદોના હવાલાથી અને અહમદ ઈબ્ને મિહરાનના હવાલાથી, તેમણે મોહંમદ ઈબ્ને અલી, તેમણે સઈદ ઈબ્ને અબી અલ–જહમના હવાલાથી, અને તેમણે નસ્ર ઈબ્ને કાબૂસના હવાલાથી જણાવ્યું કે તેઓ કહેતા હતા

કે,

"મેં અબૂ ઈબ્રાહીમ (ઈમામ મૂસા કાઝિમ (અ.))ને પૂછ્યું કે, મેં આપના વાલિદથી પૂછ્યું હતું કે, તેમના પછી ઈમામ કોણ થશે? તો તેમણે આપનું નામ લીધું હતું. એટલા માટે કે જ્યારે અબૂ અબ્દિલ્લાહ ઈમામ જાફર સાદિક (અ.)ની વફાત થઈ, તો લોકો આમતેમ જઈ રહ્યા હતા. તે સમયે મેં અને મારા સાથીઓએ આપની તાબેદારીનો કરાર કર્યો એટલા માટે આપ અમને જણાવો કે આપના ફરઝંદોમાં આપના પછી કોણ ઈમામ થશે? આપ (અ.)એ જવાબ આપ્યોઃ "મારો ફલાણો..ફલાણો દીકરો."

તેમણે આ જ સનદોના હવાલાથી અને મોહંમદ ઈબ્ને અલીના હવાલાથી, તેમણે ઝહ્હાક ઈબ્ને અશઅસના હવાલાથી, તેમણે દાવૂદ ઈબ્ને ઝુર્બીના હવાલાથી જણાવ્યું કે તેઓ કહેતા હતા કે,

હું, દાવૂદ ઈબ્ને ઝુર્બી, થોડી રકમ અબૂ ઈબ્રાહીમ (ઈમામ મૂસા (અ.))ને આપવા માટે લાવ્યો હતો. થોડી રકમ આપ (અ.)એ લઈ લીધી અને બાકીની પાછી આપી દીધી.

મેં અરજ કરી, "અલ્લાહ આપ (અ.)ને સારા રાખે, આપ (અ.)એ બાકીની રકમ મને કેમ પાછી આપી દીધી?"

આપ (અ.)એ જવાબ આપ્યો, "મારા પછી જે આ પદ સંભાળશે, તેઓ તમારાથી આ રકમ લેશે."

જ્યારે આપ (અ.)ની વફાતના સમાચાર આવ્યા, તો અબુલ હસન (ઈમામ રઝા) એ મારી પાસે આ સંદેશો મોકલાવ્યો કે બાકીની રકમ તેમને આપવામાં આવે.

મેં તે બાકીની રકમ ઈમામ રઝા (અ.)ને આપી દીધી.

એ જ સનદોએ અહમદ ઈબ્ને મેહરાનના હવાલાથી, તેમણે મોહંમદ ઈબ્ને અલીના હવાલાથી, તેમણે અલી ઈબ્ને હકમના હવાલાથી, તેમણે અબ્દુલ્લાહ ઈબ્ને ઈબ્રાહીમ ઈબ્ને અલી ઈબ્ને અબ્દુલ્લાહ ઈબ્ને જાફર ઈબ્ને અબી તાલિબના હવાલાથી, તેમણે યઝીદ ઈબ્ને સુલૈત — કે જેમના થકી આ રિવાયત અબૂ ઈબ્રાહીમ (ઈમામ મૂસા (અ.)) સુધી પહોંચે છે —ના હવાલાથી જણાવ્યું છે કે, જે વર્ષે આપ (અ.)ની વફાત થઈ, તે વર્ષે ઈમામ મૂસા કાઝિમ (અ.)એ કહ્યું હતું કે,

"આ વર્ષે હું દુનિયાથી કૂચ કરી જઈશ અને મારા પછી સાહિબે અમ્ર મારા ફરઝંદ અલી (અ.) થશે કે જેમનું નામ બે અલીના નામ પરથી રાખવામાં આવ્યું છે. પહેલા અલી, મારા દાદા અલી ઈબ્ને અબી તાલિબ (અ.) છે ને બીજા અલી, અલી ઈબ્ને હુસૈન (અ.) છે. અલી રઝા (અ.)ને અલ્લાહે પહેલા અલી (અ.)નાં ઈલ્મો–ફહમ, હિલ્મો–મુરવ્વત, ને તક્વાઓ–પાકીઝગીથી તેમ જ બીજા અલી (અ.)ના સબ્રો–તહમ્મુલના

અલંકારોથી શણગાર્યા છે. (આ રિવાયત ઘણી લાંબી છે તેને ટૂંકાણમાં અહીં રજૂ કરવામાં આવી છે.)

અબુલ કાસિમ જાફર ઈબ્ને મોહંમદ (અ.)એ મોહંમદ ઈબ્ને યાકૂબના હવાલાથી, તેમણે મોહંમદ અલ–હસનના હવાલાથી, તેમણે સહલ ઈબ્ને ઝિયાદના હવાલાથી, તેમણે મોહંમદ ઈબ્ને અલીના હવાલાથી, તેમણે ઉબૈદુલ્લાહ ઈબ્ને મરઝુબાનના હવાલાથી, તેમણે ઈબ્ને સિનાનના હવાલાથી જણાવ્યું કે તેઓ કહેતા હતા કે,

"હું, મોહંમદ ઈબ્ને સિનાન, અબુલ હસન ઈમામ મૂસા (અ.)ને આપ (અ.) ઈરાક જતા રહ્યા તેના એક વર્ષ પહેલાં મળવા ગયો. આપ (અ.)ની સામે આપ (અ.)ના ફરઝંદ અલી (અ.) પણ બેઠેલા હતા. આપ (અ.)એ મને જોયો અને આવું ઈર્શાદ ફરમાવ્યું, "અય મોહંમદ! આ વરસે એક બળવો થશે, પરંતુ ચિંતા કરવાની જરૂર નથી."

આપ (અ.)ની વાતથી ચિંતાતુર થઈ જતાં મેં પૂછ્યું, "અલ્લાહ મને આપ પર કુરબાન કરી દે. કેવા બળવાની શક્યતા છે?"

આપ (અ.)એ જવાબ આપ્યો, "હું તે જાલિમના પાસે જઈશ, પરંતુ ન તો તે મારામાં કોઈ બુરાઈ જોશે કે ન મારા પછી મારા વારસદારમાં કોઈ બુરાઈ જોશે કે જેઓ મારા પછી ઈમામ થવાના છે."

મેં પ્રશ્ન કર્યો, "હું આપના ઉપર કુરબાન થઈ જાઉં, શું થવાનું છે?" આપ (અ.)એ જવાબ આપ્યો, "અલ્લાહ જાલિમને ગુમરાહ જ કરી દે છે. અને અલ્લાહ તો છે જ જે ચાહે તે કરવાવાળો."

"હું આપનો ફિદિયો થાઉં. આ બધું શું છે?" હું બોલી ઊઠ્યો.

"મારા પછી જે કોઈ મારા આ ફરઝંદને ઈમામ નહીં માને અને તેમના હકને પૂરો નહીં કરે, તેમનો અંત એ લોકોની સાથે જ થશે કે જેમણે રસૂલલ્લાહ (સ.)ના વસી અને વારસદાર તરીકે અલી ઈબ્ને અબી તાલિબ (અ.)ના હકોને અવગણ્યા હતા અને આપ (અ.)ની ઈમામત અને ખિલાફતને ખોટી જણાવી હતી." આપ (અ.)એ જવાબ આપ્યો.

"જો અલ્લાહની મદદ મારી સાથે રહી, અને મારા જીવે સાથ આપ્યો, તો હું તેમની બૈઅતની જાહેરાત કરીશ. આ જ મારું ઈમાન છે." મેં કહ્યું.

"મોહંમદ! તમે સાચું કહો છો." આપ (અ.) બોલ્યા, "અલ્લાહ જરૂર તમારી મદદ કરશે જેથી તમે તેમની તાબેદારી કરી શકો અને તમારો અકીદો જાહેર કરી શકો કે મારા પછી તે ઈમામ છે. તેમના પછી જે ઈમામ થશે, તમે તેમની ઈમામતને કબૂલ કરશો."

"તેઓ પછી કોણ ઈમામ હશે?"

"તેમના દીકરા મોહંમદ (તકી) (અ.)." આપ (અ.)એ જવાબ આપ્યો.

"હું તેમની ઈમામતની પણ તાબેદારી કરું છું." (ક્રમશઃ)

# مصباح الشريعة
# મિસ્બાહુશ્શરીઆ

**અનુવાદ: હઝરત અલ્હાજ પીર સૈયદ મોહંમદ મુજાહિદ હુસૈન જાફરી (રહ.)**

## اَلْبَابُ الثَّالِثُ فِيْ غَضِّ الْبَصَرِ

## બાબ – ૩: નજર નીચી કરવા વિષે

قَالَ الصَّادِقُ عَلَيْهِ السَّلَامُ: مَا اغْتَنَمَ اَحَدٌ بِمِثْلِ مَا اغْتَنَمَ بِغَضِّ الْبَصَرِ، لِاَنَّ الْبَصَرَ لَا يُغَضُّ عَنْ مَحَارِمِ اللهِ تَعَالٰى، اِلَّا وَقَدْ سَبَقَ اِلٰى قَلْبِهٖ مُشَاهَدَةُ الْعَظَمَةِ وَالْجَلَالِ.

હઝરત ઈમામ જાફર સાદિક (અ.)એ ફરમાવ્યું છે કે, “કોઈએ એવી ગનીમત નથી પામી કે જેવી નજર નીચી કરનારે પામી છે, કારણ કે નજર ત્યારે જ અલ્લાહ તઆલાએ હરામ ઠેરવેલી વસ્તુઓની સામે નીચી રહે છે કે જ્યારે તેના દિલે અઝમત અને જલાલને જોઈ લીધાં હોય.

سُئِلَ اَمِيْرُ الْمُؤْمِنِيْنَ عَلَيْهِ السَّلَامُ بِمَاذَا يُسْتَعَانُ عَلٰى غَضِّ الْبَصَرِ؟ فَقَالَ عَلَيْهِ السَّلَامُ: بِالْخُمُوْدِ تَحْتَ سُلْطَانِ الْمُطَّلِعِ عَلٰى سِرِّكَ، وَالْعَيْنُ جَاسُوْسُ الْقَلْبِ وَبَرِيْدُ الْعَقْلِ، فَغُضَّ بَصَرَكَ عَمَّا لَا يَلِيْقُ بِدِيْنِكَ وَيَكْرَهُهٗ قَلْبُكَ وَيُنْكِرُهٗ عَقْلُكَ.

હઝરત અમીરુલ મોમિનીન (અ.)ને પૂછવામાં આવ્યું કે નજર નીચી કરવામાં કઈ વસ્તુ મદદરૂપ થઈ શકે? તો આપ (અ.)એ ફરમાવ્યું કે, “તારા ભેદના જાણકાર (અલ્લાહ તઆલા)ની સત્તામાં જે શાંતિ છે તે (મદદરૂપ થઈ શકે છે). નજર દિલની જાસૂસ છે અને અક્લની ટપાલ છે, એટલે તું તારી નજરને તે બધી વસ્તુઓ સામે નીચી કરી લે કે જે તારા દીનને શોભતી નથી, તારા દિલને ગમતી નથી અને તારી અક્લ જેનો ઈન્કાર કરે છે.”

قَالَ النَّبِيُّ صَلَّى اللهُ عَلَيْهِ وَاٰلِهٖ: غُضُّوْا اَبْصَارَكُمْ تَرَوْنَ الْعَجَآئِبَ.

રસૂલલ્લાહ (સ.)એ ફરમાવ્યું છે કે, “તમે તમારી નજરોને નીચી કરી લો કે જેથી અજાયબીઓને જોઈ શકો.”

قَالَ اللّٰهُ تَعَالٰى: "قُلۡ لِّلۡمُؤۡمِنِيۡنَ يَغُضُّوۡا مِنۡ اَبۡصَارِهِمۡ وَيَحۡفَظُوۡا فُرُوۡجَهُمۡ"

અલ્લાહ તઆલા ફરમાવે છે કે, "આપ કહી દો મોમિનોને કે તેઓ પોતાની નજરોને નીચી કરી લે, અને પોતાની શર્મગાહની હિફાઝત કરે."[1]

وَقَالَ عِيۡسَى بۡنُ مَرۡيَمَ عَلَيۡهِ السَّلَامُ لِلۡحَوَارِيِّيۡنَ: اِيَّاكُمۡ وَالنَّظَرَ اِلَى الۡمَحۡذُوۡرَاتِ فَاِنَّهَا بَذۡرُ الشَّهَوَاتِ وَنَبَاتُ الۡفِسۡقِ.

અને ઈસા ઈબ્ને મરયમ (અ.)એ હવારીઓને ફરમાવ્યું કે, "હું તમને ચેતવણી આપું છે કે તમે મનાઈ કરેલી વસ્તુઓ તરફ નજર કરવાથી દૂર રહો, કારણ કે તે વસ્તુઓ વાસનાનાં બીજ છે અને બેશરમીની પેદાવાર છે."

قَالَ يَحۡيٰى عَلَيۡهِ السَّلَامُ: اَلۡمَوۡتُ اَحَبُّ اِلَيَّ مِنۡ نَّظۡرَةٍ بِغَيۡرِ وَاجِبٍ.

યહ્યા (અ.)એ ફરમાવ્યું કે, "હું મોતને વાજિબ સિવાયની બાબતો તરફ નજર કરવાથી વધારે પસંદ કરું છું."

وَقَالَ عَبۡدُ اللّٰهِ بۡنُ مَسۡعُوۡدٍ لِرَجُلٍ نَّظَرَ اِلَى امۡرَاَةٍ قَدۡ عَادَهَا فِيۡ مَرَضِهَا: لَوۡ ذَهَبَتۡ عَيۡنَاكَ لَكَانَ خَيۡرًا لَّكَ مِنۡ عِيَادَةِ مَرِيۡضِكَ، وَلَا تَتَوَفَّرُ عَيۡنٌ نَّصِيۡبَهَا مِنۡ نَّظَرٍ اِلٰى مَحۡذُوۡرٍ اِلَّا وَقَدِ انۡعَقَدَ عُقۡدَةٌ عَلٰى قَلۡبِهٖ مِنَ الۡمُنۡيَةِ، وَلَا تَنۡحَلُّ بِاِحۡدَى الۡحَالَتَيۡنِ: اِمَّا بِبُكَاءِ الۡحَسۡرَةِ وَالنَّدَامَةِ بِتَوۡبَةٍ صَادِقَةٍ، وَّاِمَّا بِاَخۡذِ نَصِيۡبِهٖ مِمَّا تَمَنّٰى وَنَظَرَ اِلَيۡهِ، فَاَخۡذُ الۡحَظِّ مِنۡ غَيۡرِ تَوۡبَةٍ مَّصِيۡرُهٗ اِلَى النَّارِ، وَاَمَّا التَّآئِبُ الۡبَاكِيۡ بِالۡحَسۡرَةِ وَالنَّدَامَةِ عَنۡ ذٰلِكَ فَمَاۡوَاهُ الۡجَنَّةُ وَمُنۡقَلَبُهُ الرِّضۡوَانُ

અબ્દુલ્લાહ ઈબ્ને મસઊદે એક એવો માણસ કે જે એક બીમાર સ્ત્રીની અયાદત માટે ગયો હતો ત્યારે તેની તરફ નજર કરી હતી, તેને કહ્યું કે, "જો તારી આંખો આંધળી થઈ ગઈ હોત તો એ તારા માટે વધારે સારું હતું એના કરતાં કે જેવી રીતે તેં આ બીમાર સ્ત્રીની અયાદત કરી છે." અને આંખોએ ક્યારેય પણ પોતાનો હક છે તેના કરતાં વધારે મકરૂહ વસ્તુ તરફ નજર ન કરવી જોઈએ, સિવાય કે તેણે પહેલાં જ પોતાના દિલમાં વાસનાથી દૂર રહેવાનો મજબૂત ઈરાદો કરી દીધો હોય. આ બન્ને પરિસ્થિતિઓથી ક્યારેય બેઝાર ન થવું જોઈએ: હસરતના રુદનથી અને સાચી તોબાની શરમિંદગીથી, તથા જેની તમન્ના કરી હોય, અને જેની તરફ નજર કરી હોય, તેમાંથી પોતાના

1 સૂરા નૂર, આયત–૩૦

(હકના) નસીબને અપનાવવાથી. કારણ કે પોતાના નસીબમાંથી તોબા કર્યા વગર લેનારો એ છે કે જેનું ઠેકાણું દોઝખની આગ છે, જ્યારે કે હસરત અને શરમિંદગીની સાથે રુદન કરીને તે વસ્તુથી તોબા કરનારો એ છે કે જેનું રહેઠાણ જન્નત છે, અને તેનો આશ્રય અલ્લાહની રઝા છે."

**ગડમથલ નં.૩૯૧નો ઉકેલ**

**આડી ચાવીઓ:** (૧) ખજાલત (૩) મકરૂહાત (૭) લા ઈલાહ (૮) લાલ (૯) લાશરીક (૧૧) ઈતરત (૧૩) તરીક (૧૪) ખાક (૧૬) અલામત (૧૮) નસીમ (૨૦) ખત (૨૧) તરીકત (૨૪) નાલ (૨૬) માનતા (૨૮) રહનસહન (૩૨) ઝિકર (૩૪) નાર (૩૫) નાસ (૩૬) સિયાર (૩૭) કમર (૩૮) દમ (૩૯) નામર્દ **ઊભી ચાવીઓ:** (૧) ખયાલાત (૨) તલાક (૩) મલાઈક (૪) કહત (૫) હાલાત (૬) તલ (૧૦) શરીઅત (૧૨) રસન (૧૪) ખાતરી (૧૫) અમલદાર (૧૭) મત (૧૯) સીના (૨૦) ખતરનાક (૨૨) કમાન (૨૩) તન (૨૫) શાન (૨૭) તાઝિયાના (૨૯) હરમ (૩૦) સના (૩૧) હસદ (૩૩) કરમ

*હઝરત ઈમામ જાફર સાદિક (અ.)એ હઝરત ઈસા (અ.) વિષે ફરમાવેલી એક હદીસમાં આવી રીતે બયાન કર્યું છે કે, "અલ્લાહ તઆલાએ ફરમાવ્યું કે, "અય ઈસા! આપ મને આપના દિલમાં યાદ કરો, હું આપને મારા દિલમાં યાદ રાખીશ, અને આપ મને આપની મહેફિલમાં યાદ કરો, હું આપને મારી એ મહેફિલમાં યાદ કરીશ કે જે માણસોની મહેફિલ કરતાં વધારે સારી હશે.""*

*હઝરત ઈમામ જાફર સાદિક (અ.)એ એવું પણ ફરમાવ્યું છે કે, "અલ્લાહ પોતાના મોમિન બંદાઓને કેવળ સારી યાદ વડે જ યાદ રાખે છે, માટે તમે અલ્લાહને તમારા તરફથી ઈતાઅતની મહેનતની ભેટ આપતા રહો (કે જેથી અલ્લાહ તમારી નેકીઓને વધારે જુએ કે જેમના વડે તે તમને યાદ રાખી શકે)."*

*હઝરત ઈમામ મોહંમદ બાકિર (અ.)એ ફરમાવ્યું છે કે, "રસૂલલ્લાહ (સ.)એ ફરમાવ્યું છે કે, "એક ફરિશ્તો એક આમાલનામાની સાથે દિવસની શરૂઆતમાં, અને રાતની શરૂઆતમાં, નાઝિલ થાય છે અને તેમાં આદમ (અ.)ની ઓલાદના આમાલ લખે છે, એટલે તમે તે આમાલનામાની શરૂઆતમાં પણ નેકી લખાવો, અને તેના અંતમાં પણ નેકી લખાવો, કારણ કે અલ્લાહ એ બન્ને નેકીઓ વચ્ચે જે કંઈ હશે તેની મગ્ફેરત કરી દેશે ઈન્શાઅલ્લાહ, કારણ કે તે કહે છે* اُذْكُرُوْنِيْٓ اَذْكُرْكُمْ *(તમે મને યાદ કરો, હું તમને યાદ રાખું).""" [1]*

1 મતાઉસ્સકલૈન લિ - મુજાહિદહુસૈન, ભાગ–૨, સફહા–૫૬

AHAD™ SOLARTECH

# સોલાર અપનાવીએ, વિજબીલ બચાવીએ.

- ₹ 3000/- ના સરળ હપ્તે
- મેળવો ₹ 78,000/- સબસિડી
- શુન્ય ડાઉન પેમેન્ટ

5 વર્ષનો અનુભવ

5 STARS Rating on Google

અનુભવ

| | | |
|---|---|---|
| 2,200+ ગ્રાહકો | 5+ વર્ષ અનુભવ | 3+ રાજ્યોમાં કરેલા કામ |
| 2,600+ આજ સુધી કરેલા પ્રોજેક્ટ | 25,000+ આજ સુધી લગાવેલા કિલોવોટ | |



**+91 84011 03129 | +91 97234 59440**

**અહદ સોલારટેક**, બી-103, શાંતમ-7, આર.ટી.ઓ. સર્કલ પાસે, હિંમતનગર, સાબરકાંઠા, ગુજરાત - 383001

# તહ્ઝીબુલ ઈસ્લામ

تہذیب الاسلام

લેખક: અલ્લામા મોહંમદ બાકિર મજલિસી
ઉર્દૂ અનુવાદક: મૌલાના સૈયદ મક્બૂલઅહમદ દહેલ્વી
ગુજરાતી અનુવાદક: હઝરત પીર સૈયદ મોહંમદ મુશાહિદહુસૈન જાફરી (રહ.)

## પ્રકરણ–૩

## ખાવા–પીવાના આદાબ

### (૪) ખાવાનું ખાવાના બધા આદાબ

સુન્નત છે કે જે વસ્તુ ખાય, તે જમણા હાથથી ખાય. જમતી વખતે દો ઝાનૂ (બન્ને પગ વાળીને) બેસવું. કોઈ પણ વસ્તુ સૂતાં સૂતાં ન ખાય, પરંતુ ડાબા હાથ પર દબાણ આપીને બેસવામાં કંઈ વાંધો નથી. અને ચાર ઝાનૂ બેસવું મકરૂહ છે અને જો પગને સાથળ પર રાખીને બેસે, તો વધારે ખરાબ છે. એકલા એકલા કોઈ વસ્તુ ખાવી મકરૂહ છે. ખાદિમો અને ગુલામોની સાથે જમીન પર બેસીને ખાવું સુન્નત છે. એ વાત મશહૂર છે કે માર્ગમાં ચાલતી વખતે કંઈ ખાવું મકરૂહ છે, અને જમતાં પહેલાં અને જમ્યા પછી હાથ ધોવા સુન્નત છે, અને આ પણ સુન્નત છે કે ખાધા પહેલાં જે હાથ ધોવામાં આવે તે રૂમાલથી લૂછી ન નાખે. હાથ ધોવાનો ક્રમ એ છે કે જમતાં પહેલાં પ્રથમ તો ઘરનો માલિક હાથ ધુએ. એ પછી એ વ્યક્તિ કે જે તેની જમણી બાજુ હોય અને એવી રીતે પદ્ધતિસર બધા જ હાથ ધુએ.

અને જમ્યા પછી પહેલાં એ વ્યક્તિના હાથ ધોવડાવવામાં આવે કે જે ઘરના માલિકની ડાબી બાજુએ હોય. એવી જ રીતે ક્રમવાર બધાના હાથ ધોવડાવીને છેલ્લે ઘરના માલિકના હાથ ધોવડાવવામાં આવે.

સુન્નત છે કે બધાના હાથો એક જ થાળમાં ધોવામાં આવે અને પાણી ફેંકી દેવામાં આવે. જે પાથરણા પર શરાબ મૂકેલી હોય તેના પર કોઈ વસ્તુને મૂકેલી ખાવી હરામ છે.

કેટલાક આલિમોનો કોલ છે કે જે જગ્યાએ કોઈ હરામ વસ્તુ ખાવામાં આવે, અથવા કોઈ હરામ કાર્ય કરવામાં આવે, એ મેળાવડામાં કોઈ વસ્તુ ખાવી હરામ છે, એટલે સુધી કે એ ટોળાના દસ્તરખ્વાન પર બેસવું પણ હરામ છે કે જે મુસલમાનોની ગીબત કરતું હોય અને તેમના વિષે ખોટાં કાર્યોનો આરોપ લગાવતું હોય. જમ્યા પહેલાં અને છેલ્લે નમક ખાવું સુન્નત છે.

મોઅતબર હદીસમાં હઝરત ઈમામ મૂસા કાઝિમ (અ.)થી નકલ કરવામાં આવ્યું છે કે, "હઝરત રસૂલલ્લાહ (સ.)એ ત્રણ માણસો પર લાનત કરી છે: પ્રથમ એના પર કે જે એકલો બેસીને

ખાતો હોય. બીજું એના પર કે જે એકલો મુસાફરી કરતો હોય. ત્રીજો એના પર કે જે એકલો મકાનમાં સૂતો હોય."

બીજી હદીસમાં આ જ હઝરત (અ.)થી નકલ કરવામાં આવ્યું છે કે, "જ્યારે ખાવામાં ચાર ગુણો મળે, તો તેના આદાબ સંપૂર્ણ થાય છે. પ્રથમ હલાલ હોય. બીજું જમવાવાળા વધારે હોય. ત્રીજું જમતાં પહેલાં અલ્લાહનું નામ લેવામાં આવે. ચોથું ખાધા પછી ખુદાની તારીફ કરવામાં આવે."

સહીહ અને મોઅતબર હદીસમાં નકલ કરવામાં આવ્યું છે કે જે સમયે ઈમામ રઝા (અ.)ની સામે દસ્તરખ્વાન પથરાતું હતું, તો હઝરત (અ.) એક ખાલી વાસણ મંગાવતા હતા અને જેટલી સ્વાદિષ્ટ વાનગીઓ હોય એ બધામાંથી થોડું થોડું એ વાસણમાં નાખીને આ ઈર્શાદ ફરમાવતા હતા કે, "આ મિસ્કીનો અને ફકીરોને આપી દો."

મોઅતબર હદીસોમાં હઝરત ઈમામ જાફર સાદિક (અ.)થી નકલ કરવામાં આવ્યું છે કે, "હઝરત યાકૂબ (અ.) પોતાના દીકરાના વિયોગમાં એ કારણે સપડાઈ ગયા હતા કે એક દિવસ એમણે એક હૃષ્ટપુષ્ટ ઘેટું ઝુબ્હ કર્યું અને તેના કબાબ બનાવ્યા. એક રોઝેદાર નેક પુરુષ એમના પડોશમાં રહેતો હતો. તો એણે તેની ખુશબૂ સૂંઘી, પરંતુ હઝરત યાકૂબ (અ.) એ વાત ભૂલી ગયા કે તેને ખાવાનું ખવડાવે. તે જ રાત્રે હઝરત જિબ્રઈલ (અ.) આવ્યા અને આ ખબર લાવ્યા કે, "ખુદાના તરફથી આપના ઉપર બલા આવવાની છે." જેથી એ જ રાત્રે યૂસુફ (અ.) એ સ્વપ્નું જોયું. (તેનું પરિણામ જે કંઈ આવ્યું, તે સૂરજની જેમ રોશન છે.) એ પછી હઝરત યાકૂબ (અ.)એ હુકમ આપ્યો હતો કે સવારના નાસ્તાના સમયે તેમના નોકરો અને ગુલામો બધા જ માર્ગો પર મકાનના ત્રણ ત્રણ માઈલના અંતર સુધી બૂમો પાડે કે જેને સવારના ખાવાની જરૂર હોય તે યાકૂબ (અ.)ના દસ્તરખ્વાન પર આવી જાય. એવી જ રીતે રાત્રે પણ જાહેરાત કરતા હતા."

બીજી હદીસમાં નકલ કરવામાં આવ્યું છે કે, જે સમયે દસ્તરખ્વાન પાથરવામાં આવે તે સમયે જે માગવાવાળો આવી જાય એને ખાલી હાથે જવા ન દો.

સહીહ સનદથી હઝરત રસૂલલ્લાહ (સ.) થી નકલ કરવામાં આવ્યું છે કે, "જે વ્યકિત એવા દસ્તરખ્વાન કે ટેબલ પર બેસે, કે જેના પર લોકો શરાબ પીતા હોય, તો તે મલઊન છે."

બીજી હદીસમાં આંહઝરત (સ.)થી નકલ કરવામાં આવ્યું છે કે, "જે વ્યકિત ખુદા અને રોઝે કયામત પર ઈમાન રાખતી હોય એના પર જરૂરી છે કે જે દસ્તરખ્વાન પર લોકો શરાબ પીતા હોય, તેના પર રાખીને અથવા તેના પરથી ઉઠાવીને કોઈ વસ્તુ ન ખાય."

ફિકહે રિઝા (અ.)માં વર્ણન કરવામાં આવ્યું છે કે, "જે દસ્તરખ્વાન વિષે એવું ધારવામાં આવતું હોય કે તમારા ગયા પછી લોકો તેના પર શરાબ પીશે, તો તેના પર પણ ખાવાનું ન ખાઓ."

ઘણીખરી હદીસોમાં આવ્યું છે કે, "જનાબતની સ્થિતિમાં કોઈ વસ્તુ ખાવી ગરીબાઈનું કારણ બને

છે." ઘણીખરી હદીસોમાં આવ્યું છે કે, "હઝરત રસૂલે ખુદા (સ.)એ ડાબા હાથથી જમવાની મનાઈ ફરમાવી છે. સિવાય એ વ્યકિતના કે જે બેચેનીમાં હોય અથવા જેના જમણા હાથમાં કોઈ તકલીફ હોય." મોઅતબર સનદોથી હઝરત ઈમામ જાફર સાદિક (અ.)થી નકલ કરવામાં આવ્યું છે કે, "હઝરત રસૂલે ખુદા (સ.)એ છેવટ સુધી જમણી કે ડાબી બાજુએ ટેકો લઈને કોઈ વસ્તુ ખાધી નથી, પરંતુ પરવરદિગારના માટે નમ્રતાને અહીં સુધી કામમાં લાવતા હતા કે જે વસ્તુ આપ ખાતા હતા, ગુલામોની માફક બેસીને ખાતા હતા." બીજી હદીસમાં એ જ હઝરત (અ.)થી નકલ કરવામાં આવ્યું છે કે, "ટેકો લઈને અથવા સૂતાં સૂતાં, ઊંધા પડીને કોઈ વસ્તુ ખાવી ન જોઈએ."

હદીસે હસનમાં નકલ કરવામાં આવ્યું છે કે, એક દિવસ ઈબાદ બસરી કે જે સૂફીઓના મશાયખ અને અહલે સુન્નતના આલિમોમાંથી છે, હઝરત ઈમામ જાફર સાદિક (અ.)ની સેવામાં બેઠા હતા અને હઝરત (અ.) એવી રીતે ખાવાનું ખાઈ રહ્યા હતા કે ડાબો હાથ જમીન પર ટેકવેલો હતો. ઈબાદે કહ્યું, "શું આપ જાણતા નથી કે હઝરત (સ.)એ ખાતા સમયે હાથનો ટેકો આપવાની મનાઈ ફરમાવી છે?" હઝરત (અ.)એ થોડીક ક્ષણ માટે હાથ ઉઠાવી દીધો અને પછી રાખી દીધો. ઈબાદે ફરી એ જ વાતનું પુનરાવર્તન કર્યું. જ્યારે ત્રીજી વખત કહ્યું, તો ઈર્શાદ ફરમાવ્યો કે, "વલ્લાહ, હઝરત રસૂલલ્લાહ (સ.)એ આવી રીતે ટેકો લેવાની કદી પણ મનાઈ નથી ફરમાવી."

હદીસે મુવસ્સકમાં નકલ કરવામાં આવ્યું છે કે હઝરત રસૂલે ખુદા (સ.)એ હઝરત અમીરુલ મોમિનીન (અ.)થી ફરમાવ્યું કે, "અય અલી! ખાવાના પહેલાં નમક ખાધા કરો, કેમ કે જે વ્યકિત ખાવાના પહેલાં અને છેલ્લે નમક ખાઈ લેશે, તો ખુદા તઆલા તેનાથી સિત્તેર પ્રકારની બલાઓ દૂર કરશે, કે જેમાં સામાન્યમાં સામાન્ય રકતપિત્તનો રોગ છે." બીજી રિવાયતમાં આવ્યું છે કે, "૭૨ પ્રકારની બલાઓથી નજાત મળશે કે જેમાં પાગલપણું, રકતપિત્ત અને કોઢ પણ શામિલ છે." આ રિવાયત હસન છે. એક રિવાયતમાં એમ આવ્યું છે કે, "ગળાના દર્દો, કાનના દર્દો અને પેટના દર્દોથી નજાત મળશે."

મોઅતબર હદીસમાં હઝરત ઈમામ મોહંમદ બાકિર (અ.)થી રિવાયત કરવામાં આવી છે કે, "નમકમાં સિત્તેર રોગોની શિફા છે. જો લોકોને નમકના બધા જ ફાયદાની ખબર પડી જાય, તો નમક સિવાય બીજી વસ્તુથી ઈલાજ જ ન કરે." એમ પણ ફરમાવ્યું છે કે, "હક તઆલાએ હઝરત મૂસા (અ.) પર વહી મોકલી કે, "તમે પોતાની કોમને હુકમ આપી દો કે જમતાં પહેલાં અને જમ્યા પછી નમક ખાઈ લીધા કરે અને જો આ હુકમનો અમલ નહીં થાય, તો તેઓ બલામાં ગિરફતાર થઈ જશે. અને તે સમયે એમના પર એ જરૂરી થઈ જશે કે તે પોતાની જાતને ઠપકો આપે.""

બીજી રિવાયતમાં એ જ હઝરત (અ.)થી નકલ

કરવામાં આવ્યું છે કે, હઝરત રસૂલલ્લાહ (સ.)ને નમાઝની સ્થિતિમાં વીંછી કરડ્યો. આંહઝરત (સ.) એ નાલૈન મુબારક ઉતારીને તેને મારી નાખ્યો અને ફારેગ થઈને ફરમાવ્યું, "તારા પર ખુદાની લાનત થાય કે ન તો તું નેકને છોડે છે કે ન તો બદને, બન્નેને સરખી ઈજા પહોંચાડે છે." પછી ભીનું નમક મંગાવ્યું અને જે જગ્યાએ વીંછી કરડ્યો હતો, ચોપડી દીધું અને તેના પછી ઈર્શાદ ફરમાવ્યો કે, "જો લોકોને નમકના ફાયદા ખબર હોત, તો ફારૂકી ઝેરની દવાના મોહતાજ ન રહે."

એક રિવાયતમાં આવ્યું છે કે, "ખાવાની શરૂઆતમાં સિરકો ખાવો બહેતર છે, કેમ કે તેનાથી બુદ્ધિ વધે છે."

બીજી રિવાયતમાં હઝરત ઈમામ જાફર સાદિક (અ.)થી નકલ કરવામાં આવ્યું છે કે, "અમે નમકથી શરૂઆત કરીએ છીએ અને સિરકાથી અંત."

એક બીજી રિવાયતમાં એ જ હઝરત (અ.)થી નકલ કરવામાં આવ્યું છે કે, "જે વ્યક્તિ ખાવાના પહેલા કોળિયા પર નમક છાંટી લે, તો તેને ધનદોલત મળે છે."

*હઝરત ઈમામ ઝૈનુલ આબેદીન (અ.)એ ફરમાવ્યું છે કે, "ત્રણ વસ્તુઓ એવી છે કે જે નજાત આપનારી છે: (૧) ખાનગીમાં અને જાહેરમાં અલ્લાહથી ડરવું (૨) વાણીમાં સંતુલન, ખુશાલી હોય કે ગુસ્સો (૩) ખર્ચ કરવામાં મધ્યમમાર્ગ, પરિસ્થિતિ સારી હોય કે ખરાબ."*

*હઝરત ઈમામ અલી (અ.)એ ફરમાવ્યું છે કે, "તમારા દોસ્તની દોસ્તી વિનમ્રતાની સાથે નભાવો, જેટલી પણ ઓછી હોય, શક્ય છે કે તે કોઈ પણ દિવસે તમારો દુશ્મન બની જાય; અને તમે તમારા દુશ્મનની દુશ્મની વિનમ્રતાની સાથે નભાવો, જેટલી પણ વધારે હોય, શક્ય છે કે તે કોઈ પણ દિવસે તમારો દોસ્ત બની જાય."*

*હઝરત ઈમામ જાફર સાદિક (અ.)એ ફરમાવ્યું છે કે, "તારા ભાઈ ઉપર પૂરેપૂરો ભરોસો ન કર, કારણ કે નજીકનો પ્રહાર ઓછો હોતો નથી."*[1]

---

*હઝરત ઈમામ અલી (અ.)એ ફરમાવ્યું છે કે, "નેઅમત છ છે: ઈસ્લામ, કુરઆન, મોહંમદ (સ.), પરદાપોશી, સલામતી અને જે વસ્તુ લોકો પાસે છે તેનાથી બેનિયાઝી."*

*રસૂલલ્લાહ (સ.)એ ફરમાવ્યું છે કે, "નેઅમતનું સંપૂર્ણ થવું એટલે જન્નતમાં દાખલ થવું."*

*અમીરુલ મોમિનીન (અ.)એ ફરમાવ્યું છે કે, "નેઅમતનું સંપૂર્ણ થવું એટલે ઈસ્લામ ઉપર મોત આવવું."*[2]

1 મતાઉસ્સકલૈન લિ - મુજાહિદહુસૈન, ભાગ–૨, સફહા–૨૪

2 મતાઉસ્સકલૈન લિ - મુજાહિદહુસૈન, ભાગ–૨, સફહા–૫૬

# આધુનિક સમયમાં એક મુસ્લિમ માટે માર્ગદર્શન

લેખકઃ ડૉ. સૈયદ હુસૈન નસ્ર અનુવાદકઃ મોમિન સખાવતઅલી સુણસરા

## વિભાગ–૧

## ઈસ્લામનો પયગામ

### પ્રકરણ ૩: શરીઅત

ઈસ્લામી શરીઅત કે ઈલાહી કાયદાઓ દીને ઈસ્લામમાં એ હદ સુધી પ્રમુખ સ્થાન ધરાવે છે કે કોઈ માણસને ત્યારે જ મુસલમાન ઠેરવી શકાય કે જ્યારે તે શરીઅતની યોગ્યતાને સ્વીકારતો હોય, ભલે ને પછી તે અથવા તેણી શરીઅતના તમામ અહ્કામ પર અમલ ન કરી શકતો/શકતી હોય. મોઅતબર ઈસ્લામી અકાઈદ અનુસાર, શરીઅત માનવસમાજ માટે અલ્લાહની મરજીનું ઠોસ સ્વરૂપ છે. અંતે તો અલ્લાહ જ શારેઅ એટલે કે કાયદાઓ ઘડનાર છે, અને માત્ર તેના કાયદાઓ જ છેવટે તો માણસના જીવનમાં અગત્યના અને શાશ્વત છે. એનો મતલબ એ હરગિઝ નથી કે શરીઅતને જુદી જુદી પરિસ્થિતિઓ અનુસાર લાગુ નથી કરી શકાતી અને તેનો "વિકાસ" નથી થતો, તે એક વિકાસ પામતા ઝાડ જેવી છે કે જેનાં મૂળ અને થડ એકની એક જગ્યાએ દૃઢ રહે છે તથા તેની પ્રકૃતિ અચળ રહે છે, પણ તેની ડાળીઓ સમય જતાં વિકાસ પામતી રહે છે. શરીઅત સિદ્ધાંતસ્વરૂપે તો ફક્ત ને ફક્ત કુરઆને મજીદની અંદર જ છે. અલબત્ત, આ સિદ્ધાંતને સ્પષ્ટ રીતે વ્યક્ત કરવા માટે સૌપ્રથમ અહાદીસની અને સુન્નતે રસૂલ (સ.) ની જરૂર હતી. અને રસૂલલ્લાહ (સ.)એ પોતાની સુન્નતો અને અહાદીસ વડે અલ્લાહની મરજીથી મુસલમાનોને વાકેફ કર્યા. તેથી જ સુન્નતે રસૂલ (સ.) અને અહાદીસે રસૂલ (સ.)ને કુરઆને મજીદ પછી શરીઅતનો બીજો મૂળભૂત સ્ત્રોત ગણવામાં આવે છે.

શરૂઆતમાં ઈસ્લામી ઉમ્મત આ બે વાસ્તવિકતાઓના દરમિયાન જીવન પસાર કરતી હતી. કુરઆન તો પહેલેથી જ મુસલમાનો વચ્ચે મોજૂદ હતું, તેની સાથે સુન્નતે રસૂલ (સ.) પણ — જેનું પહેલાં અસ્હાબે રસૂલ (સ.)એ અનુકરણ કર્યું, પછી તેમનાથી તાબેઈને કર્યું — ધીરે ધીરે આખા મુસ્લિમ સમાજમાં એટલી હદે વ્યાપી ગઈ કે એક રીતે તો કહી શકાય કે તેઓ તેમાં ઓતપ્રોત થઈ ગયા. શરૂઆતના સમયમાં આજની જેમ જુદા જુદા મઝહબોને લઈને ઈસ્લામી કાયદાઓનું કોઈ

ખાસ સુઘટિત (codified) સ્વરૂપ ન હતું. શરીઅત પોતે અને તેનાં અલગ અલગ અર્થઘટનો ફિક્હની કિતાબોમાં અત્યારે જોવા મળે છે તેવાં વ્યવસ્થિત રીતે અને નુસખારૂપે મોજૂદ ન હતાં; પરંતુ તેની હકીકત મોજૂદ હતી. લોકો કેવી રીતે જીવતા અને કઈ રીતે અમલ કરતા, તેમની સાથે ન્યાય કેવી રીતે કરવામાં આવતો, તેમને સજા અથવા બદલો કેવી રીતે આપવામાં આવતાં, કેવી રીતે લેવડદેવડ કરવામાં આવતી, અને શરીઅતના ઈબાદતથી સંબંધિત ભાગ તો ખરા જ — આ બધી જ બાબતો શરૂઆતની પેઢીઓમાં જોવા મળતી હતી અને ઈસ્લામી ઈતિહાસની પાછળથી આવનારી સદીઓ માટે એક દૃષ્ટાંતરૂપે કામ આવી. પછીથી, પાછળની પેઢીઓમાં ધીરે ધીરે ઈસ્લામી વહીના મૂળ સ્ત્રોતથી દૂર જવાનો, અને ઈસ્લામના સાકાર સ્વરૂપ, તેમ જ શરીઅતે ઈલાહી પર ન કેવળ સંપૂર્ણરીતે અમલ કરનારા બલ્કે તેના મુબ્લિગ (પહોંચાડનાર) તરીકે સર્વશ્રેષ્ઠ નમૂના એવા રસૂલલ્લાહ (સ.)ને ભૂલતા જવાનો ખતરો ઊભો થયો. આ કારણથી ઈસ્લામી કાયદાઓને જાણનાર આલિમો અને ફકીહોએ જુદા જુદા મઝહબો અનુસાર શરીઅતના અહ્કામની ગોઠવણી કરવાનું કામ હાથ ધર્યું.

હવે, જ્યારે કે ઈસ્લામ કોઈ ખાસ દેશનો દીન ન રહેતાં વિશ્વવ્યાપી બની ગયો, ત્યારે જરૂરી હતું કે તેમાં શરીઅતે ઈલાહીનાં અર્થઘટનો વિસ્તાર પામે એવી જોગવાઈ હોય. પરિણામે, કુરઆન અને હદીસ એ બે મૂળભૂત સ્ત્રોતોને આધારે મુસ્લિમ ફકીહોએ ધીરે ધીરે તેમાંથી અલગ અલગ તારણો તારવવાની રીતો વર્ણવવાની શરૂ કરી. આ ઉપરાંત, કેટલાક ફકીહોએ ઈજ્માઅ (સમુદાયમાં વિદ્વાનોની સર્વસંમતિ), કિયાસ (સમાનતાના આધારે તર્ક), ઈસ્તિસ્લાહ (સમુદાયલક્ષી કલ્યાણ), વગેરે જેવા ખાસ સિદ્ધાંતોનો પણ ઉપયોગ કરવાનું શરૂ કર્યું.

ઈસ્લામી કાયદાઓના પહેલા શ્રેષ્ઠ શિક્ષક ઈમામ જાફર સાદિક (અ.) — રસૂલલ્લાહ (સ.) ના વંશજ — હતા, જેઓ સુન્ની અને શીઆ બન્ને મઝહબની અંદર આદરણીય છે. આપ (અ.) ઉસ્તાદ હતા ઈમામ અબૂ હનીફાના કે જે સુન્ની ફિક્હના ચાર રૂઢિચુસ્ત મઝહબોના સ્થાપકોમાંના એક હનફી મઝહબના સ્થાપક હતા કે જે (મઝહબ) આજે પણ મોજૂદ છે. ઈમામ જાફર સાદિક (અ.) — જેઓ બીજી ઈસ્લામી સદીમાં થઈ ગયા, આપ (અ.) — પોતે પણ બાર ઈમામી શીઆ (શીઆ ઈસ્નાઅશરી) ફિક્હના પ્રણેતા હતા, જે આજે જાફરી ફિક્હ તરીકે પ્રચલિત છે. આપ (અ.)ના પછી ફુકહાએ ધીરે ધીરે સુન્ની અને શીઆ બન્ને જગતોમાં શરીઅતનો વિકાસ કરવાનું શરૂ કર્યું, અને ખાસ કરીને સુન્ની જગતમાં આ કામ બે સદીઓ સુધી ખૂબ જ મોટાપાયે હાથ ધરવામાં આવ્યું એટલે સુધી કે જે આજે પણ પ્રવર્તિત છે તેવા શરીઅતના મુખ્ય મઝહબોની સ્થાપના થઈ. આ મઝહબો આ પ્રમાણે છે: માલિકી મઝહબ કે જેના સ્થાપક ઈબ્ને માલિક છે, હંબલી મઝહબ કે જેના સ્થાપક ઈમામ અહમદ ઈબ્ને હંબલ છે, હનફી મઝહબ કે જેના સ્થાપક ઈમામ અબૂ હનીફા છે, અને અંતે શાફઈ મઝહબ કે જેના સ્થાપક ઈમામ શાફઈ છે.

બીજા કેટલાક મઝહબો પણ સુન્ની જગતમાં જોવા મળતા હતા, જેમ કે ઝાહિરી મઝહબ, પરંતુ આ મઝહબો ધીરે ધીરે ખતમ થતા ગયા અને અંતે આ ચાર મઝહબો જ બાકી રહ્યા.

આજે ઈસ્લામી જગતમાં સમગ્ર ઉત્તર આફ્રિકા અને પશ્ચિમ આફ્રિકા માલિકી મઝહબની પૈરવી કરે છે જે મદીનાની રીતભાતથી સૌથી વધુ મેળ ખાય છે. સિરીયા અને સઉદી અરેબીયાના મોટાભાગના લોકો હંબલી મઝહબને અનુસરે છે જે કુરઆન અને સુન્નતે રસૂલ (સ.)ને લઈને ખૂબ જ રૂઢિચુસ્ત છે, અને બીજા મઝહબોની જેમ અન્ય સિદ્ધાંતો પર આધાર રાખતા નથી, બલ્કે તેમને નકારે છે. શાફ્ઈ મઝહબને ઈજિપ્તના મોટાભાગના લોકો અને દક્ષિણપૂર્વ એશિયા — એટલે કે, મલેશિયા અને ઈન્ડોનેશિયા —ના મોટાભાગના લોકો અનુસરે છે. અને હનફી મઝહબ, જે ઉસ્માની સલ્તનતનો આધિકારિક મઝહબ હતો, તેને આજે તુર્કીઓ અને ભારતીય ઉપખંડના મોટાભાગના લોકો અનુસરે છે. જ્યાં સુધી જાફરી ફિકહની વાત છે તો તે ઈસ્નાઅશરી મઝહબનું કેવળ એક બાકી રહેલ ફિકહ છે, અને આજે દુનિયામાં જ્યાં પણ બાર ઈમામી શીઆ મઝહબ અસ્તિત્વ ધરાવે છે જેમ કે, ઈરાન, ઈરાક અને લેબનોનમાં તો તે જ ત્યાંનો આધિકારિક મઝહબ છે. વધુમાં ઝૈદી અને ઈસ્માઈલી મઝહબો પણ અસ્તિત્વ ધરાવે છે અને તેનું અનુસરણ યમનના ઝૈદીઓ અને ઈસ્માઈલીઓ કે જેઓ હિન્દુસ્તાન, પાકિસ્તાન, ઈરાન, અને પૂર્વ આફ્રિકામાં, તેમ જ થોડાઘણા પ્રમાણમાં સિરીયા, ઈજિપ્ત અને પશ્ચિમી જગતમાં જોવા મળે છે.

**શરીઅતમાં સમાયેલ વિષયવસ્તુ**

શરીઅતની જૂની કિતાબોમાં સામાન્ય રીતે ઈલાહી કાયદાઓ સમાયેલા છે, જેમને 'ઈબાદાત'ને લગતા વિષયોમાં તથા 'મુઆમલાત'ને લગતા વિષયોમાં વિભાજિત કરવામાં આવ્યા છે. આ વિભાજનમાં વર્ણવવામાં આવેલા વિષયો પર વિશ્લેષણ કરતાં જોવા મળે છે કે શરીઅત ન કેવળ અંગત દીની જીવનને કે ઈસ્લામી સમાજના દીની જીવનને આવરી લે છે, બલ્કે માણસની જિંદગીના દરેક પાસા — જેમ કે આર્થિક, સામાજિક અને રાજકીય — સુધી પણ પહોંચ ધરાવે છે. જ્યાં સુધી વાત છે શરીઅતના પહેલા ભાગની, જે 'ઈબાદાત' — એટલે કે ઈબાદતનાં અલગ અલગ પાસાં — વિષે છે, તે ઈસ્લામમાં સૌથી વધારે કેન્દ્રીય સ્થાન ધરાવતા 'ઈબાદતનાં કાર્યો' પર આધારિત છે; જે નમાઝ, રોઝા, હજ અને ઝકાત છે. તેમાં, જેમ કે આ કિતાબમાં અગાઉ ઉલ્લેખ કરવામાં આવ્યો તેમ, કયારેક કયારેક અલ્લાહના માર્ગમાં કરવામાં આવેલી ઉમદા કોશિશો — જેને જિહાદ કહેવામાં આવે છે —નો પણ સમાવેશ કરવામાં આવે છે, જિહાદનો સામાન્ય રીતે 'પવિત્ર યુદ્ધ' એવો ખોટો અનુવાદ કરવામાં આવે છે.

શરીઅતના તમામ મઝહબોમાં ઈબાદતનાં આ કાર્યો વિષે ખૂબ જ વિગતવાર ઉપદેશો મોજૂદ છે. સામાન્ય રીતે શરીઅત પર આધારિત કિતાબોમાં અલગ અલગ પ્રકરણો જોવા મળે છે, અથવા કેવળ નમાઝ માટે સ્વતંત્ર કિતાબો પણ જોવા મળે છે.

આવી કિતાબો વુઝૂ, તહારત, નમાઝમાં શરીર, મન અને દિલની આવશ્યક પરિસ્થિતિઓ, જાહેરી હલનચલન અને ઝિક્રો, તથા અલગ અલગ પ્રકારની નમાઝોને સંબંધિત હોય છે, ભલે પછી તે પંજગાના નમાઝો હોય, જુમ્આની નમાઝ હોય, અથવા તો ઈસ્લામના અલગ–અલગ તહેવારો વખતે પઢવામાં આવતી નમાઝો જેમ કે માહે રમઝાનના અંતે, હજના અંતે, અથવા ખૌફ અથવા ઉમ્મીદ વખતે પઢવામાં આવતી ખાસ નમાઝો, વગેરે. શરીઅત પર આધારિત કિતાબોમાં સામાન્ય રીતે વિસ્તૃત વિભાગો પણ હોય છે. આ વિભાગો એ જરૂરી શરઈ શર્તોના સંબંધિત હોય છે કે જેના હેઠળ નમાઝો અદા કરવામાં આવે છે. આ શર્તોમાંથી અમુક શર્તો જાહેરી છે જેમ કે, જાહેરી સ્વચ્છતા અથવા નમાઝ પઢવાની જગ્યા, જે કાં તો પોતાની હોય અથવા બીજા કોઈની પણ હોય, (જો બીજા કોઈની હોય તો) નમાઝ અદા કરવા માટે (તેની) અનુમતિ લીધેલ હોય. તેમાંની કેટલીક શર્તો બાતિની હોય છે જેમ કે, નમાઝ દરમિયાન સભાન રહેવું, એનો મતલબ એ કે ન તો નશાની હાલતમાં, ન તો ઘેનની હાલતમાં હોવું કે ન તો માનસિક રીતે અસ્વસ્થ હોવું, તથા નિય્યતનું ખાલિસ હોવું, અને આંતરવૃત્તિ સંપૂર્ણ અલ્લાહ તરફ રાખવી.

બીજા મહત્ત્વના અહ્કામ પર પણ આ બાબત લાગુ પડે છે. શરીઅત પર આધારિત કિતાબોનો એક વિભાગ રોઝાને સંબંધિત હોય છે, એક તો તેમાં રોઝાની જાહેરી શર્તોનો ઉલ્લેખ કરવામાં આવે છે, જેમ કે, ક્યારે રોઝો રાખવો, ક્યારે ઈફ્તાર કરવો, બીમાર અને મુસાફરના રોઝાના મસઅલા, આખા વર્ષ દરમિયાન કયા દિવસોમાં રોઝા રાખવા યોગ્ય છે, અને કયા દિવસોમાં હરામ છે, ખાવા–પીવા અને મુબાશેરતથી દૂર રહેવાની સાથે સાથે માહે રમઝાનમાં બીજાં કયાં કાર્યો કરવાં (તેનો ઉલ્લેખ કરવામાં આવે છે). અને બીજું તેમાં બાતિની શર્તોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે, જેમ કે બીજા લોકો સાથે સ્વસ્થ મનોવલણ દાખવવું, તઝિકયાએ નફ્સ કરવો, અને ખરાબ વિચારો, ગીબત, જુઠ્ઠાણા અને છળપ્રપંચથી દૂર રહેવું. રોઝા પર આધારિત કિતાબો રોઝાનાં સમાજલક્ષી અને ખૈરાતને લગતાં પાસાંને પણ ઉજાગર કરે છે, જેમ કે ગરીબ માણસને ઝકાત આપવી, પડોશીઓને ખાવાનું ખવડાવવું, રમઝાનના અંતે આપવામાં આવતો દીની કર, ફિત્રો આપવો, વગેરે.

હજની વાત કરીએ તો તેને પણ લગતા વિભાગો, એટલે સુધી કે તેને લગતી કિતાબો પણ મોજૂદ છે, જે હજના અત્યંત જટિલ અને મુશ્કેલ અરકાનથી સંબંધિત છે. જેમાં આર્થિક શર્તો કે જે માણસના હજ કરવા જતાં પહેલાં પરિપૂર્ણ થવી જરૂરી છે — જેવી કે, હજ કરવા જનાર પાસે ઓછામાં ઓછા એક વર્ષ સુધી પોતાના પરિવારનું ભરણપોષણ કરી શકે તેવાં સંસાધનો હોવાં, તેની નજીકના પાડોશમાં એવો કોઈ ગરીબ માણસ ન હોવો કે જેને તત્કાળ મદદની જરૂર હોય, અને અન્ય કેટલીક શર્તો —થી માંડીને મુસાફરી તેમ જ હજના વિશેષ પોશાક (એહરામ) ના અહકામનું વર્ણન જોવા મળે છે. નમાઝો/

દુઆઓ, હલનચલનો, તેમ જ (હજ દરમિયાન) બજાવી લાવવામાં આવતા વિવિધ અરકાન — જેમ કે, કા'બાના ફરતે તવાફ, અરફાતનો દિવસ, શૈતાનને અથવા તો શૈતાનના પ્રતીકને કાંકરીઓ મારવી, સફા અને મરવા વચ્ચે કરવામાં આવતી દોડ (સઈ), હજના અંતે કરવામાં આવતી કુરબાની, વગેરે — વિષેની માહિતીને પણ તેમાં સમાવી લેવાયેલ છે. અને જેમ બીજા અરકાનમાં જાહેરી અને બાતિની પાસાં જોવા મળે છે તેમ, હજમાં પણ બાતિની શર્તો છે, જેમાં દુનિયાથી દૂરીની ભાવના, અલ્લાહથી તૌબા માગવી, અલ્લાહ સમક્ષ મોમિનો સાથે ખભાથી ખભા મિલાવીને ઊભા રહેવાનો અનુભવ કરવો જેમ કયામતના દિવસે અનુભવ થવાનો છે, તમામ અહંકાર તેમ જ બાહ્ય પરિબળો પર આધારિત સામાજિક ભેદભાવનો ત્યાગ કરવાનું શામેલ છે. તેમાં અલ્લાહના ઘરની ઝિયારત દ્વારા તેની કુર્બત હાસિલ કરવાનું, કા'બાના તવાફ દ્વારા માનવજાતના પૂર્વજ હઝરત આદમ (અ.) ની એડેનિક સ્થિતિ (તર્કે ઊલા પહેલાંની સ્થિતિ) ને ફરીથી મેળવવાનું, હઝરત ઈબ્રાહીમ (અ.)ના ખાલિસ ઈમાનને ફરીથી જીવંત કરવાનું, અને આ પ્રકારના બીજાં પરિબળોનો પણ સમાવેશ થાય છે.

દીની કર, 'ઝકાત'ની વાત કરીએ તો, તેની સાથે જાફરી ફિકહ મુજબ કેટલાક અન્ય કર પણ શામિલ છે, જેમ કે, ખુમ્સ. તથા કેટલાક સુન્ની ફિકહમાં માલે ગનીમતને પણ તેમાં શામિલ કરવામાં આવે છે. ઘણીવાર આ વિષયોને કિતાબોમાં અલગથી સમજાવવામાં આવ્યા છે, જે દીની કરના આર્થિક અને સામજિક મહત્ત્વને સૂચવે છે. આવી કિતાબોમાં એ પણ વર્ણન છે કે કયા પ્રકારના માલ પર ઝકાત લાગશે, અને તેમના પર કઈ રીતે ઝકાત લાગશે. સાથેસાથે તેમાં દીની કર 'ઝકાત', અને બીજા અન્ય પ્રકારના કરો વચ્ચેના તફાવતનું વર્ણન પણ છે — જેમાં એ કર પણ શામિલ છે જે મુસલમાનોની સુરક્ષા હેઠળ રહેતા અહલેકિતાબ પર વાજિબ છે, અને જેઓ ઈસ્લામી હુકૂમત દ્વારા હાસિલ સુરક્ષા હેઠળ જીવન જીવવાના બદલામાં એક નિશ્ચિત માત્રાનો કર અદા કરે છે.

હવે જિહાદની વાત કરીએ તો, શરીઅતના બધા જ મઝહબોએ જિહાદના વિષય માટે અલગથી વિભાગો નથી બનાવ્યા, પરંતુ આ બાબત પર હંમેશાં વ્યાપક ચર્ચા કરવામાં આવી છે કે કઈ પરિસ્થિતિઓમાં જિહાદ (જંગ)નું એલાન કરવું જોઈએ. મોટાભાગના ફુકહા માને છે કે જ્યારે ઈસ્લામી ઉમ્મતનું અસ્તિત્વ અથવા ઈસ્લામી દુનિયાની સરહદો ખતરામાં હોય, ત્યારે જિહાદનું એલાન બુલંદ થવું જોઈએ, અને દુષ્ટ તાકતોના વિરુદ્ધમાં સતત જિહાદ થવો જોઈએ. સારાંશમાં કહીએ તો શરીઅતમાં ઈબાદાતનું પાસું એ બાબત સ્પષ્ટ કરે છે કે ઈબાદત માટે જરૂરી જાહેરી અને બાતિની બન્ને શર્તો પર એ રીતે અમલ કરવામાં આવે કે તે અલ્લાહ સમક્ષ કબૂલપાત્ર બને, એ માપદંડો અનુસાર કે જેમને અલ્લાહે પોતે જ કુરઆને મજીદના ઉપદેશો દ્વારા અને મુકદ્દસ રસૂલ (સ.)એ સ્થાપેલા માપદંડો દ્વારા માનવજાત માટે નિર્ધારિત કર્યા છે.

# PROSUCCESS

## Consultancy Private Limited

## (Tax consultant)

**Multiple Services Under One Roof**

**Prosuccess Consultancy Pvt. Ltd.** is here to help new and existing hotels, restaurants, and other businesses by making sure they follow all the necessary rules and get registered properly. We managing accounting tasks, handling GST taxes, ensuring legal compliance, filing income tax return & tax audit, and offering useful advice on running their operations.

### LIST OF SERVICES WE OFFER

| GST Compliance | Income Tax Compliance |
|---|---|
| ➢ GST Registration | ➢ Income Tax Return Filing |
| ➢ GST Return Filing Services | ➢ Tax advisory/Tax Planning |
| ➢ GST Assessment/Audit | ➢ Handling of Income Tax Notices |
| ➢ Refund application | ➢ TDS Return Filing |
| ➢ GST Opinion | ➢ Tax Audit Report Filing |
| **Intellectual Property Rights (IPR)** | **Auditing Services** |
| ➢ Trademark Registration | ➢ Statutory Audit |
| ➢ Copyright Registration | ➢ Management Audit/Internal Audit |
| ➢ Patent Registration | ➢ Concurrent Audit |
| ➢ Design Registration | ➢ Compliance Audit |
| **ROC Services & Compliance** | **Accounting and Bookkeeping Services** |
| ➢ Company Incorporation | ➢ Computerized Accounting |
| ➢ LLP Incorporation | ➢ Accounts Payable Management |
| ➢ Filing of Annual Returns | ➢ Accounts Receivable Management |
| ➢ Addition/Removal of Directors | ➢ Payroll Processing |
| ➢ Strike of Company/LLP | ➢ Financial Planning/Analysis |
| **Other Services** | |
| ➢ FSSAI Registration | ➢ PF Registration & Return Filing |
| ➢ ISO Certification | ➢ ESIC Registration & Return Filing |
| ➢ Import Export Code (IEC) Registration | ➢ Subsidy services |
| ➢ Udyam (MSME) Registration | ➢ Professional Tax (PT) Registration |
| ➢ Partnership Deed | ➢ Labour Welfare License |
| ➢ Project Finance/CMA Data | ➢ Factory Act License |

**A-307, Synergy Tower, Opp. Commerce House-5, Nr. Vodafone House, Off. S.G. Highway, Corporate Road, Prahladnagar, Ahmedabad-380015**

**MOHSINHASAN MOMIN +91 990 418 9645**
**PROSUCCESS OFFICE +91 635 398 3305**

**prosuccess7@gmail.com**



# મુનાજાત

## માહે રજબુલ મુરજ્જબના આમાલ

1. રોઝા રાખવા.

2. વધારે પ્રમાણમાં ઈસ્તિગ્ફાર કરવો, એટલે કે આ મુજબ પઢે:

اَسْتَغْفِرُ اللهَ وَاَسْاَلُهُ التَّوْبَةَ

3. જે વ્યકિત રોઝા ન રાખી શકતી હોય તો તેણે દરરોજ આ મુજબ ૧૦૦ વખત તસ્બીહ પઢવી કે જેથી રોઝા રાખવાનો સવાબ મળે:

سُبْحَانَ الْاِلٰهِ الْجَلِيْلِ، سُبْحَانَ مَنْ لَا يَنْبَغِي التَّسْبِيْحُ اِلَّا لَهُ، سُبْحَانَ الْاَعَزِّ الْاَكْرَمِ،
سُبْحَانَ مَنْ لَّبِسَ الْعِزَّ وَهُوَ لَهُ اَهْلٌ

4. માહે રજબુલ મુરજ્જબમાં દરરોજ આ મુજબ દુઆ પઢે:

يَا مَنْ يَّمْلِكُ حَوَآئِجَ السَّآئِلِيْنَ، وَيَعْلَمُ ضَمِيْرَ الصَّامِتِيْنَ، لِكُلِّ مَسْاَلَةٍ مِّنْكَ سَمْعٌ حَاضِرٌ وَّجَوَابٌ عَتِيْدٌ، اَللّٰهُمَّ وَمَوَاعِيْدُكَ الصَّادِقَةُ، وَاَيَادِيْكَ الْفَاضِلَةُ، وَرَحْمَتُكَ الْوَاسِعَةُ، فَاَسْاَلُكَ اَنْ تُصَلِّيَ عَلٰى مُحَمَّدٍ وَّاٰلِ مُحَمَّدٍ وَّاَنْ تَقْضِيَ حَوَآئِجِيْ لِلدُّنْيَا وَالْاٰخِرَةِ، اِنَّكَ عَلٰى كُلِّ شَيْءٍ قَدِيْرٌ

5. અને આ દુઆ પણ દરરોજ પઢે:

اَللّٰهُمَّ اِنِّيْ اَسْاَلُكَ صَبْرَ الشَّاكِرِيْنَ لَكَ، وَعَمَلَ الْخَآئِفِيْنَ مِنْكَ، وَيَقِيْنَ الْعَابِدِيْنَ لَكَ، اَللّٰهُمَّ اَنْتَ الْعَلِيُّ الْعَظِيْمُ، وَاَنَا عَبْدُكَ الْبَآئِسُ الْفَقِيْرُ، اَنْتَ الْغَنِيُّ الْحَمِيْدُ، وَاَنَا الْعَبْدُ الذَّلِيْلُ، اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّاٰلِهِ وَامْنُنْ بِغِنَاكَ عَلٰى فَقْرِيْ، وَبِحِلْمِكَ عَلٰى جَهْلِيْ، وَبِقُوَّتِكَ عَلٰى ضَعْفِيْ، يَا قَوِيُّ يَا عَزِيْزُ، اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّاٰلِهِ الْاَوْصِيَآءِ الْمَرْضِيِّيْنَ، وَاكْفِنِيْ مَآ اَهَمَّنِيْ مِنْ اَمْرِ الدُّنْيَا وَالْاٰخِرَةِ يَآ اَرْحَمَ الرَّاحِمِيْنَ

6. જે વ્યકિત માહે રજબુલ મુરજ્જબની એક રાતમાં બે રકાત આ મુજબ અદા કરે કે જેમાં સૂરા હમ્દ પછી ૧૦૦ વખત સૂરા તોહીદ પઢે, તો જાણે કે તેણે અલ્લાહ ખાતર ૧૦૦ વર્ષના રોઝા રાખ્યા હોય.

**૨૭ મી માહે રજબુલ મુરજ્જબની રાતના આમાલ:**

1. નમાઝે ઈશા પછી સૂઈ જવું અને અડધી રાતના પહેલાં ઊઠીને બાર રકાત નમાઝ પઢવી, જેની દરેક રકાતમાં સૂરા હમ્દ પછી કુરઆને મજીદના છેલ્લા સૂરાઓમાંથી (એટલે કે સૂરા મોહંમદથી સૂરા નાસ સુધી) કોઈ એક સૂરો પઢે, અને નમાઝની સલામ પઢ્યા પછી સૂરા હમ્દ, સૂરા ફલક, સૂરા નાસ, સૂરા તૌહીદ, સૂરા કાફેરૂન, સૂરા કદ્ર અને આયતુલ કુરસી સાત સાત વખત પઢે, અને તેના પછી આ દુઆ પઢે:

اَلْحَمْدُ لِلّٰهِ الَّذِىْ لَمْ يَتَّخِذْ وَلَدًا وَّلَمْ يَكُنْ لَّهٗ شَرِيْكٌ فِى الْمُلْكِ، وَلَمْ يَكُنْ لَّهٗ وَلِيٌّ مِّنَ الذُّلِّ وَكَبِّرْهُ تَكْبِيْرًا، اَللّٰهُمَّ اِنِّىْٓ اَسْاَلُكَ بِمَعَاقِدِ عِزِّكَ عَلٰى اَرْكَانِ عَرْشِكَ، وَمُنْتَهَى الرَّحْمَةِ مِنْ كِتَابِكَ، وَبِاسْمِكَ الْاَعْظَمِ الْاَعْظَمِ الْاَعْظَمِ، وَذِكْرِكَ الْاَعْلَى الْاَعْلَى الْاَعْلٰى، وَبِكَلِمَاتِكَ التَّآمَّاتِ اَنْ تُصَلِّيَ عَلٰى مُحَمَّدٍ وَّاٰلِهٖ، وَاَنْ تَفْعَلَ بِىْ مَآ اَنْتَ اَهْلُهٗ

તેના પછી જે ઈચ્છે તે દુઆ માગે, અને હઝરત અલી (અ.)ની ઝિયારત પઢે કે જેની ખૂબ જ ફઝીલત છે.

**૨૭ મી માહે રજબુલ મુરજ્જબના દિવસના આમાલ:**

1. ગુસ્લ કરવું.
2. રોઝો રાખવો.
3. પુષ્કળ પ્રમાણમાં દુરૂદ શરીફ પઢે.
4. રસૂલલ્લાહ (સ.) અને હઝરત અલી (અ.)ની ઝિયારત પઢે.
5. બાર રકાત નમાઝ પઢે, જેની દરેક રકાતમાં સૂરા હમ્દ પછી કોઈ એક સૂરો પઢે, અને નમાઝની સલામ પઢ્યા પછી સૂરા હમ્દ, સૂરા તૌહીદ, સૂરા ફલક અને સૂરા નાસ, ચાર ચાર વખત પઢે, અને તેના પછી ચાર વખત આ મુજબ કહે:

لَآ اِلٰهَ اِلَّا اللّٰهُ وَاللّٰهُ اَكْبَرُ، وَسُبْحَانَ اللّٰهِ وَالْحَمْدُ لِلّٰهِ، وَلَا حَوْلَ وَلَا قُوَّةَ اِلَّا بِاللّٰهِ الْعَلِيِّ الْعَظِيْمِ

પછી ચાર વખત આ મુજબ કહે:

اَللّٰهُ اَللّٰهُ رَبِّىْ لَآ اُشْرِكُ بِهٖ شَيْئًا

પછી ચાર વખત આ મુજબ કહે:

لَآ اُشْرِكُ بِرَبِّىْٓ اَحَدًا

**૨૭ મી રજબના દિવસે આ મુજબ દુઆ પઢે:**

اَللّٰهُمَّ اِنِّىْٓ اَسْاَلُكَ بِالتَّجَلِّ الْاَعْظَمِ الدُّعَآءِ

**માહે રજબુલ મુરજ્જબના છેલ્લા દિવસના આમાલ:**

1. ગુસ્લ કરવું. 2. રોઝો રાખવો. 3. ગુનાહોની માફી માગે.

# બનુ હાશિમના ગુલામો

- મૌલવી મોહંમદઅલી ભગત (બાદરપુર)

**૨. હઝરત અસ્લમ ઈબ્ને અમ્ર (અ.)**

કરબલાના શહીદ. ઈમામ હુસૈન (અ.)ના ગુલામ અને કાતિબ.

આપ (અ.)ના વાલિદ તુર્કી હતા.[1]

રિવાયતમાં છે કે, "રોઝે આશૂરા આપ (અ.) જંગ માટે બહાર આવ્યા, તો આપ (અ.)એ આ રીતે રજઝ પઢી:

اَمِيْرِیْ حُسَيْنُ وَنِعْمَ الْاَمِيْرُ    سُرُوْرُ فُؤَادِ الْبَشِيْرِ النَّذِيْرُ

(મારા અમીર હુસૈન છે, ખૂબ સારા અમીર; જે બશારત આપનારા અને ડરાવનારા નબીના દિલનું સુકૂન છે.)

આપ (અ.)એ પોતાની શહાદત સુધી ખૂબ બહાદુરીથી જંગ કર્યો. જ્યારે હઝરત અસ્લમ (અ.)ને ઘા કરવામાં આવ્યો તો ઈમામ હુસૈન (અ.) આપ (અ.)ની તરફ આગળ વધ્યા. ઈમામ (અ.)એ જોયું કે હઝરત અસ્લમ (અ.)માં થોડો જીવ બાકી છે. હઝરત અસ્લમ (અ.)એ ઈમામ (અ.)ની તરફ ઈશારો કર્યો તો ઈમામ (અ.) હઝરત અસ્લમ (અ.)ની નજીક ગયા અને પોતાના ગાલ મુબારકને હઝરત અસ્લમ (અ.)ના ગાલ મુબારક પર મૂક્યા. આ જોઈને હઝરત અસ્લમ (અ.) મુસ્કુરાવા લાગ્યા, અને કહ્યું કે, "મારા જેવો ખુશનસીબ કોણ હશે કે જેના ગાલ પર રસૂલલ્લાહ (સ.)ના ફરઝંદે પોતાના ગાલ મૂક્યા હોય?!" આટલું કહેતાં પોતાનો જીવ કુરબાન કરી દીધો.[2]

**૩. હઝરત કારિબ ઈબ્ને અબ્દુલ્લાહ ઉરૈકિત (અ.)**

કરબલાના શહીદ. ઈમામ હુસૈન (અ.)ના ગુલામ.

**નસબ:**

એક રિવાયત મુજબ આપ (અ.)ના વાલિદ અબ્દુલ્લાહ મક્કાથી મદીનાની હિજરત દરમિયાન રસૂલલ્લાહ (સ.)ના ભોમિયા હતા.[3] આપ (અ.)નાં વાલેદાનું નામ ફુકૈહા હતું, જેઓ ઈમામ હુસૈન (અ.)નાં કનીઝ હતાં, જેઓ બીબી ઉમ્મે રબાબ (અ.)ની ખિદમતમાં હતાં.[4] આ બન્નેથી હઝરત કારિબ (અ.)ની વિલાદત થઈ હતી.

**ઈમામ (અ.)નો સાથ અને શહાદત:**

આપ (અ.) ઈમામ (અ.)ની સાથે મદીનાથી મક્કા અને પછી કરબલા આવ્યા હતા. આપ (અ.) હમ્લએ ઊલામાં શહીદ થયા હતા.[5] હમ્લએ ઊલા કરબલામાં સૌથી પહેલાં થયેલા જંગને કહેવામાં

1 અબ્સારુલ ઐન ફી અન્સારિલ હુસૈન (અ.), સફહા–૯૫

2 અબ્સારુલ ઐન ફી અન્સારિલ હુસૈન (અ.), સફહા–૯૬

3 અલ–ઈસાબા ફી તમ્યીઝિસ્સહાબા, જિલ્દ–૪, સફહા–૫ અને ૨૪

4 મૌસૂઆ આશૂરા, સફહા–૩૭૭

5 અબ્સારુલ ઐન ફી અન્સારિલ હુસૈન (અ.), સફહા–૯૬

આવે છે, જેમાં દુશ્મનો તરફથી તીર વરસાવવામાં આવ્યાં હતાં, જેમાં એક રિવાયત પ્રમાણે એકીસાથે ઈમામ (અ.)ના પચાસ સહાબીઓ શહીદ થઈ ગયા હતા.

ઝિયારતે શોહદામાં આપ (અ.) પર આ રીતે સલામ કરવામાં આવી છે:

اَلسَّلَامُ عَلٰى قَارِبٍ مَوْلَى الْحُسَيْنِ بْنِ عَلِيٍّ

સલામ થાય હુસૈન ઈબ્ને અલી (અ.)ના ગુલામ કારિબ પર.

**૪. હઝરત મુન્જિહ ઈબ્ને સહમ (અ.)**

કરબલાના શહીદ. ઈમામ હુસૈન (અ.)ના ગુલામ.

ઈમામ હુસૈન (અ.)નાં એક કનીઝ કે જેમનું નામ હુસૈનિયા હતું, તેમને આપ (અ.)એ નૌફેલ ઈબ્ને હારિસ ઈબ્ને અબ્દિલ મુત્તલિબ પાસેથી ખરીદ્યાં હતાં. પછી આપ (અ.)એ તેમના નિકાહ સહમ સાથે કરાવ્યા, અને તેમનાથી મુન્જિહ (અ.)ની વિલાદત થઈ.

આ કનીઝ હઝરત ઈમામ ઝૈનુલ આબેદીન (અ.)ના ઘરમાં ખિદમત કરતાં હતાં. જ્યારે ઈમામ હુસૈન (અ.) ઈરાક નીકળ્યા, તો આ કનીઝ પણ ઈમામ (અ.)ની સાથે નીકળ્યાં અને તેમની સાથે તેમના ફરઝંદ હઝરત મુન્જિહ (અ.) પણ હતા, અને કરબલામાં પણ સાથે જ હતા. જ્યારે બન્ને લશ્કરો વચ્ચે જંગ થઈ તો આપ (અ.)એ બહાદુરીથી જંગ કર્યો, અને આપ (અ.) હમ્લએ ઊલામાં શહીદ થયા હતા.[1]

બીજી રિવાયતમાં છે કે હઝરત મુન્જિહ (અ.) મદીનાથી હઝરત ઈમામ હસૈન (અ.)ના ફરઝંદોની સાથે ઈમામ હુસૈન (અ.)ની મદદમાં નીકળ્યા હતા. રોઝે આશૂરા આપ (અ.)ને તીર વાગ્યું હતું, જેના કારણે આપ (અ.)ને શહાદત નસીબ થઈ હતી. જ્યારે બન્ને લશ્કરોના લડવૈયાઓ સામસામે જંગ કરતા હતા ત્યારે આપ (અ.)એ બહાદુરીથી જંગ કર્યો હતો.[2]

કિતાબ અલ–હદાઈક અલ–વરદિયામાં છે કે, આપ (અ.)નો કાતિલ હસ્સાન ઈબ્ને બક્ર હન્ઝલી હતો, અને આપ (અ.) પણ હમ્લએ ઊલાના શહીદ હતા.[3]

ઈમામે ઝમાના (અ.)થી મન્સૂબ ઝિયારતે નાહિયા અને ઝિયારતે રજબિયામાં આપ (અ.)ને આ રીતે સલામ કરવામાં આવી છે:

اَلسَّلَامُ عَلٰى مُنْجِحٍ مَوْلَى الْحُسَيْنِ بْنِ عَلِيٍّ

સલામ થાય હુસૈન ઈબ્ને અલી (અ.)ના ગુલામ મુન્જિહ પર.

**૫. હઝરત સઅદ ઈબ્ને હારિસ**

કરબલાના શહીદ. મૌલા અલી (અ.)ના ગુલામ.[4]

આપ (અ.)નું પૂરું નામ સઅદ ઈબ્ને હારિસ

1 તન્કીહુલ મકાલ, જિલ્દ–૩, સફહા–૨૪૭
2 અબ્સારુલ ઐન ફી અન્સારિલ હુસૈન (અ.), સફહા–૯૬
3 અલ–હદાઈક અલ–વરદિયા, સફહા–૧૨૧
4 અલ–કામિલ ફિત્તારીખ, જિલ્દ–૩, સફહા–૨૮૮

ઈબ્ને સારિયા ખુઝાઈ હતું. એક રિવાયત પ્રમાણે આપ (અ.) રસૂલલ્લાહ (સ.)ના સહાબી હતા.[1]

આપ (અ.) મૌલા અલી (અ.) તરફથી આઝરબાઈજાનના હાકિમ હતા. આપ (અ.) મૌલા અલી (અ.)ના 'શુર્તતુલ ખમીસ'[2]ના સભ્ય હતા.[3]

મૌલા અલી (અ.) પછી આપ (અ.)એ ઈમામ હસન (અ.)નો સાથ આપ્યો, અને પછી ઈમામ હુસૈન (અ.)નો સાથ આપ્યો. જ્યારે ઈમામ હુસૈન (અ.) મદીનાથી નીકળ્યા ત્યારે આપ (અ.) પણ સાથે નીકળ્યા અને કરબલામાં સાથે રહ્યા. હમ્લએ ઊલામાં આપ (અ.) શહીદ થયા હતા.

બીજી રિવાયત મુજબ હઝરત સઅદ ઈબ્ને હારિસ (અ.) અને આપ (અ.)ના ભાઈ હઝરત હતૂક ઈબ્ને હારિસ (અ.) બન્નેએ જ્યારે અહલેબૈત (અ.)નાં સ્ત્રીઓ અને બાળકોનો અવાજ સાંભળ્યો, ત્યારે તલવાર કાઢીને દુશ્મનો સામે જંગ કર્યો અને શહીદ થઈ ગયા. આ બન્નેએ ઉમર ઈબ્ને સઅદના લશ્કરના ત્રણ દુશ્મનનોને કતલ કર્યા હતા.

**૬. હઝરત નસ્ર ઈબ્ને અબી નૈઝર (અ.)**

કરબલાના શહીદ. ઈમામ હુસૈન (અ.)ના સહાબી.[4]

1 ઝખીરતુદ્દારૈન, સફહા–૪૭૬

2 શુર્તતુલ ખમીસ: આ શબ્દ મૌલા અલી (અ.)ના એ ખાસ સહાબીઓના જૂથ માટે વપરાય છે કે જેઓ હંમેશાં આપ (અ.) પર પોતાનો જીવ ફિદા કરવા માટે તૈયાર રહેતા હતા. તેનો શાબ્દિક અર્થ થાય છે ટોળું અથવા લશ્કર. તેઓ રાજાના મદદગારો અને ગવર્નરો, અને લશ્કરની પહેલી સફના લોકો કે જેઓ જંગમાં લડે અને મોત માટે તૈયાર હોય. મૌલા અલી (અ.)ના સહાબીઓ માટે 'અલ–શુર્તતુ અલ–ખમીસ'થી મુરાદ આપ (અ.)ના એ ચુનંદા સહાબીઓ કે જેઓ લશ્કરમાં બીજાઓ કરતાં આગળ રહેતા હતા. (મૌસૂઆ અલ–ઈમામ અલી (અ.), જિલ્દ–૨, સફહા–૩૧૨) અલ–ખમીસ (પાંચ) એટલા માટે કે લશ્કર પાંચ ભાગમાં વહેંચાયેલું હોય છે: ૧. આગળ રહેનારી ટુકડી, ૨. પીછેહઠ કરતી વખતે પાછળના ભાગના રક્ષણ માટેની લશ્કરી ટુકડી, ૩. જમણી બાજુની ટુકડી, ૪. ડાબી બાજુની ટુકડી, અને ૫. કેન્દ્રની ટુકડી. (બિહારુલ અન્વાર, જિલ્દ–૪૨, સફહા–૧૫૨) રિવાયતમાં છે કે જ્યારે અસ્બગ ઈબ્ને નબાતા (રઝી.)ને પૂછવામાં આવ્યું કે, "તમારા બધાનું 'અલ–શુર્તતુ અલ–ખમીસ' નામ કેમ પડ્યું?" તો તેમણે કહ્યું કે, "એટલા માટે કે અમે તેમને (મૌલા અલી (અ.)ને) શહીદ થવાની ખાતરી આપી, અને તેમણે અમને કામયાબીની ખાતરી આપી." (મૌસૂઆ અલ–ઈમામ અલી (અ.), જિલ્દ–૨, સફહા–૩૧૩)

3 અબ્સારુલ ઐન ફી અન્સારિલ હુસૈન (અ.), સફહા–૯૭

4 અલ–કામિલ લિલમુબર્રદ, જિલ્દ–૩, સફહા–૧૫૩; મુઅજમુલ બુલ્દાન, જિલ્દ–૪, સફહા–૧૭૫


Alphapixel Projects

All Types Of Waterproofing And Painting Contractors

➢ Building Painting ➢ Hotel Painting
➢ Restaurant Painting ➢ Texture Painting

➢ Bathroom Waterproofing
➢ Terrace Waterproofing
➢ Industrial Waterproofing

➢ Epoxy Floor Coating ➢ Pu Floor Coating

➢ Pop False Ceiling ➢ Grid False Ceiling



Mo.: 9924763476, 6357014200

Design - Zahra 98242 20744

8, Prakash Chamber, opp Market Yard, Dholka, Ahmedabad-382225.


ZAINAB TOURS
ઝૈનબ ટુર્સ
JAFARI MASHAYAKHI TOUR OPERATORS ASSOCIATION
Associaton Approved Members
રજબ-શાબાન
જાન્યુઆરી
ફેબ્રુઆરી ૨૦૨૬
ઝિયારત પેકેજ
૩ શાબાન અને ૧૫ શાબાન કરબલામાં
ઈરાક ઝિયારત
૧૫ દિવસ
૩ અને ૧૫ શાબાન કરબલામાં
ઈરાક/ઈરાન ઝિયારત
૨૬ થી ૨૮ દિવસ
૩ અને ૧૫ શાબાન કરબલામાં
ઈરાકથી ઈરાન ફ્લાઈટ દ્વારા
: પેકેજની સુવિધા :
AIR TICKET
VISA WITH INSURANCE
STAR HOTEL STAY
AC BUS TRANSFERS
ZIYARAT WITH GUIDE
TRAVEL KIT
INDIAN MEALS LUNCH,DINNER, BREAKFAST
વધુ માહિતી અને બુકિંગ માટે કોન્ટેક્ટ કરો.
મંઝૂરહુસૈન જે. મોમિન (સાથળવાળા) Mo. : +91 9998469211
એડ્રેસ : અંજુમન હાઉસ, ટાવર બજાર રોડ, ધોળકા. જી. અમદાવાદ.

# આપણા ઘરની વાતો



● **અભિનંદન...**

જેઠીપુરાનિવાસી **મો.રોશનઅલી મોહંમદઅલી વિજાપુરા** (કાર્યપાલક ઈજનેર-GETCO) ના પુત્ર **મહદીઅલી**એ મેલબોર્ન, ઓસ્ટ્રેલિયાની Monash Universityમાંથી Master of Information Technologyની ડિગ્રી Distinction સાથે પ્રાપ્ત કરેલ છે. આવી સિદ્ધિ મેળવવા બદલ જાફરી આવાઝ (માસિક) પરિવાર તેમને મુબારકબાદી પાઠવે છે.

---

● **ઈન્નાલિલ્લાહે...**



કિશોરગઢનિવાસી **મર્હૂમા મો.રસૂલબેન દાવૂદભાઈ લોઢા** મુ.તા. ૨૬, રબી. અવ્વલ-૧૪૪૭ તા.૧૯/૦૯/૨૦૨૫ને શુક્રવારના રોજ ૮૭ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહમતે પહોંચ્યાં છે. ⟶



⟵ મોલીપુરનિવાસી **મર્હૂમા મો.હૂરીબેન અલજીભાઈ ચરાવાળા** મુ.તા. ૨૪, રબી.આખર-૧૪૪૭ તા.૧૭/૧૦/૨૦૨૫ને શુક્રવારના રોજ ૮૩ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહમતે પહોંચ્યાં છે.



કાકોશીનિવાસી **મર્હૂમ હાજી અકબરઅલી કમ્બરઅલી સેલિયા (ભુરા)** મુ.તા. ૦૧, જમા.અવ્વલ-૧૪૪૭ તા.૨૪/૧૦/૨૦૨૫ને શુક્રવારના રોજ ૪૧ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહમતે પહોંચ્યા છે. ⟶



⟵ જાફરીપુરાનિવાસી **મર્હૂમ હાજી ગુલામહુસૈન સુલયમાન બાલસાણીયા (મુખી)** મુ.તા. ૦૩, જમા.અવ્વલ-૧૪૪૭ તા.૨૬/૧૦/૨૦૨૫ને રવિવારના રોજ ૬૮ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહમતે પહોંચ્યા છે.



ઈલોલ (પહાડીયા)નિવાસી **મર્હૂમ મો.ઈબ્રાહીમભાઈ નૂરભાઈ લોઢા** મુ.તા. ૧૧, જમા.અવ્વલ-૧૪૪૭ તા.૦૩/૧૧/૨૦૨૫ને સોમવારના રોજ ૭૭ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહમતે પહોંચ્યા છે. ⟶

અલ્લાહ તઆલા તમામ મર્હૂમને ગરીકે રહમત કરે, અને તેમના કુટુંબીજનોને સબ્રે જમીલ અતા ફરમાવે, આમીન.

# જાફરી આવાઝ(માસિક)ને મળેલ ડોનેશનની યાદી

**મર્હૂમા મો.રસૂલબેન દાવૂદભાઈ લોઢા (કિશોરગઢ) ની રૂહના સવાબ અર્થે મળેલ ડોનેશન.**

રૂા.૧૦૦૦/- મો.આબિદઅલી દાવૂદભાઈ લોઢા

રૂા.૨૦૦/- મો.ફાતમાબેન મોહંમદઅલી રાજપુરા

રૂા.૧૦૦/- મો.ફિઝઝાબેન શરીફભાઈ પટેલ

રૂા.૧૦૦/- મો.સકીનાબેન અકબરઅલી બાદરપુરા

રૂા.૨૦૦/- મો.કુલસૂમબેન અકબરઅલી સલેમા

રૂા.૨૦૦/- મો.રહમતફાતેમા સાદિકઅલી પટેલ

રૂા.૨૦૦/- મો.નુસરતફાતેમા કાસિમઅલી માંણુશીયા

**મર્હૂમા મો.ઉરીબેન અલજીભાઈ ચરાવાળા (મોલીપુર)ની રૂહના સવાબ અર્થે મળેલ ડોનેશન.**

રૂા.૨૦૦૦/- મો.અલજીભાઈ હબીબભાઈ ચરાવાળા

રૂા.૧૧૦૦/- મો.કમ્બરઅલી અલજીભાઈ ચરાવાળાના પરિવારજનો તરફથી

રૂા.૧૧૦૦/- મો.હૈદરઅલી અલજીભાઈ ચરાવાળાના પરિવારજનો તરફથી

રૂા.૧૧૦૦/- મો.ઈમ્દાદઅલી અલજીભાઈ ચરાવાળાના પરિવારજનો તરફથી

રૂા.૧૫૦૦/- મો.મોહંમદઅલી અલજીભાઈ ચરાવાળાના પરિવારજનો તરફથી

રૂા.૧૦૦/- મો.રહમતબેન મોહંમદઅલી મોમિન

રૂા.૧૦૦/- મો.રૂકૈયાબેન હસનઅલી ડબુ

રૂા.૫૦૦/- મો.ઝૈનબફાતેમા મોહંમદઅલી ડબુ

રૂા.૫૦૦/- મો.અઝમતફાતેમા અબ્બાસઅલી વઘવાડીયા

રૂા.૧૦૦/- મો.ઝહરાબેન હસનઅલી રેવાસીયા

રૂા.૧૦૦/- મો.કુલસૂમબેન સાદિકઅલી ચરાવાળા

રૂા.૧૦૦/- મો.ઝૈનબબેન શબ્બીરભાઈ સદીકપુર

રૂા.૧૦૦/- મો.રસીદાબેન ઝાકિરભાઈ માઠા

રૂા.૧૦૦/- મો.કુલસૂમફાતેમા મોહસિનઅલી પટેલ

રૂા.૧૦૦/- મો.ઝૈનબફાતેમા અહમદઅલી આગલોડીયા

રૂા.૨૦૦/- મો.સાજેદાબેન આબિદઅલી ચરાવાળા

રૂા.૨૦૦/- મો.શાકેરાફાતેમા સાદિકઅલી આગલોડીયા

રૂા.૨૦૦/- મો.આબેદાફાતેમા મન્સૂરઅલી નટીયા

રૂા.૫૦૦/- મો.મંઝૂરફાતેમા હૈદરઅલી મસી

રૂા.૫૦૦/- મો.કનીઝફાતેમા સિરાજએહમદ શેરસીયા

રૂા.૫૦૦/- રહમતફાતેમા કાસિમઅલી ઉમતીયા

રૂા.૧૦૦/- મો.સકીનાબેન રસૂલભાઈ ચરાવાળા

રૂા.૧૦૦/- મો.અવલીબેન જમાલભાઈ રેવાસીયા

રૂા.૧૦૦/- મો.સકીનાબેન રસૂલભાઈ પનીયા

રૂા.૧૦૦/- મો.સુગરાબેન યૂસુફભાઈ ચરાવાળા

રૂા.૨૦૦/- મો.અમીનાબેન શરીફભાઈ ભોરણીયા

રૂા.૩૧૦/- મો.વઝીરભાઈ હબીબભાઈ ચરાવાળા

રૂા.૬૦૦/- મર્હૂમ મો.સાવદીભાઈ હબીબભાઈ ચરાવાળાના પરિવારજનો તરફથી

રૂા.૪૨૯/- હાજી ગુલામહુસૈન હબીબભાઈ ચરાવાળાના પરિવારજનો તરફથી

રૂા.૧૧૦/- મો.અબ્બાસભાઈ હબીબભાઈ ચરાવાળાના પરિવારજનો તરફથી

**મર્હૂમ મો.ઈબ્રાહીમભાઈ નૂરભાઈ લોઢા (ઈલોલ પહાડીયા)ની રૂહના સવાબ અર્થે મળેલ ડોનેશન.**

રૂા.૫૦૦/- મો.આયશાબેન ઈબ્રાહીમભાઈ લોઢા

રૂા.૫૦૦/- મો.મોહંમદહુસૈન ઈબ્રાહીમભાઈ લોઢા

રૂા.૨૦૦/- મો.આરેફાબેન મોહંમદહુસૈન લોઢા
રૂા.૧૦૦/- મો.ઈમ્તિયાઝહુસૈન મોહંમદહુસૈન લોઢા
રૂા.૧૦૦/- મો.ઉઝમાફાતેમા મોહંમદહુસૈન લોઢા
રૂા.૫૦૦/- મો.રાબિયાબેન ગુલામઅબ્બાસ ડોડીયા
રૂા.૫૦૦/- મો.હુસૈનાબેન મોહંમદઅલી બલોસપુરા
રૂા.૫૦૦/- મો.હમેદાબેન અબ્બાસઅલી બાદરપુરા (ઈલોલ ત.)
રૂા.૫૦૦/- મો.તાહેરાબેન આબિદઅલી ભુરા (ઈલોલ ત.)
રૂા.૫૦૦/- મો.હકીમાબેન કામયાબઅલી દાંત્રેલીયા (ઈલોલ ત.)
રૂા.૫૦૦/- મો.કનીઝફાતેમા મોહસિનઅલી હાજી (ઈલોલ ત.)
રૂા.૫૦૦/- મો.યૂસુફભાઈ નૂરભાઈ લોઢા
રૂા.૫૦૦/- મો.રફીકભાઈ નૂરભાઈ લોઢા
રૂા.૫૦૦/- મો.હનીફભાઈ જમાલભાઈ લોઢા
રૂા.૫૦૦/- મો.કુલસૂમબેન ગુલામહુસૈન મસી (ઈલોલ ત.)
રૂા.૧૦૦/- મો.ગુલામઅલી અલીભાઈ લોઢા
રૂા.૧૦૦/- મો.રહમતબેન ગુલામઅલી લોઢા
રૂા.૨૦૦/- મો.હૈદરઅલી અલીભાઈ લોઢા
રૂા.૨૦૦/- મો.મહમૂદઅલી શરીફભાઈ લોઢા
રૂા.૨૦૦/- મો.સખાવતઅલી શરીફભાઈ લોઢા
રૂા.૧૦૦/- મો.ફાતેમાબેન મહદીઅલી કોવડીયા (ઈલોલ ત.)
રૂા.૧૦૦/- મો.સલમાબેન શબ્બીરઅલી કોવડીયા (ઈલોલ ત.)
રૂા.૧૦૦/- મો.આબેદાબેન શબ્બીરઅલી ભોવણીયા
રૂા.૧૦૦/- મો.ફિઝ્ઝાબેન ઈન્તેખાબઅલી ભટ્ટા
રૂા.૧૦૦/- મો.ફિઝ્ઝાબેન આબિદઅલી મસી
રૂા.૧૦૦/- મો.નજમાબેન મહદીઅલી ખાણશીયા (ઈલોલ ત.)
રૂા.૧૦૦/- મો.હકીમાબેન મોહંમદહુસૈન વડાવીયા (મહેરપુરા)
રૂા.૧૦૦/- મો.અઝમતફાતેમા મિક્દાદઅલી કોવડીયા (ઈલોલ ત.)
રૂા.૧૦૦/- મો.સાજેદાફાતેમા હસનઅલી બલોસપુરા
રૂા.૧૦૦/- મો.ફાતેમાબેન આબિદઅલી બલોસપુરા
રૂા.૧૦૦/- મો.સિદ્દીકાબેન નઝરમોહંમદ બલોસપુરા
રૂા.૧૦૦/- મો.નજમાબેન નઝરમોહંમદ બલોસપુરા
રૂા.૧૦૦/- મો.હુસૈનાબેન ખાદિમહુસૈન મસી (ઈલોલ ત.)
રૂા.૧૦૦/- મો.હબીબાબેન શબ્બીરઅલી દાંત્રેલીયા (ઈલોલ ત.)
રૂા.૧૦૦/- મો.નફીસાબેન નઝરમોહંમદ ભટ્ટા
રૂા.૧૦૦/- મો.રહમતફાતેમા એહસાનઅલી મતિયા
રૂા.૧૦૦/- મો.સકીનાફાતેમા એહસાનઅલી ભોવણીયા
રૂા.૨૦૦/- મો.ઈસ્માઈલભાઈ નશીરભાઈ આગલોડીયા (પીંપોદર)
રૂા.૧૦૦/- મો.મોહંમદહુસૈન ગુલામભાઈ ખરોડીયા (પીંપોદર)
રૂા.૧૦૦/- મો.નઝરમોહંમદ વઝીરઅલી અરોડીયા (પીંપોદર)
રૂા.૧૦૦/- મો.સકીનાફાતેમા રહમાનઅલી આગલોડીયા (પીંપોદર)
રૂા.૧૦૦/- મો.મહદીઅલી ફઝલેમોહંમદ વિજાપુરા (જેઠીપુરા)
રૂા.૧૦૦/- મો.શબ્બીરઅલી ઈસ્માઈલભાઈ દાંત્રેલીયા
રૂા.૧૦૦/- મો.એહસાનઅલી ઈસ્માઈલભાઈ દાંત્રેલીયા
રૂા.૧૦૦/- મો.શરીફભાઈ ગનીભાઈ ડોડીયા (મહેરપુરા)

રૂા.૩૦૦/- મો.આબિદહુસૈન હાસમભાઈ ભગત (દમણ) તરફથી તેમના વાલિદ-વાલેદાની રૂહના સવાબ અર્થે.

રૂા.૨૦૦/- આબિદહસન અલીહસન મોમિન (લેસ્ટર) તરફથી તેમની દીકરી તસ્લીમાફાતેમાની શાદીની ખુશાલી પ્રસંગે.

રૂા.૫૦૦/- આસિમઅલી મોમિન (દમણ) તરફથી તેમના દીકરા આબિદઅલીની શાદીની ખુશાલી પ્રસંગે.

રૂા.૫૦૦/- અમ્મારઅલી હાસમભાઈ મોમિન (ભગત) (લેસ્ટર-લંડન) તરફથી તેમની દીકરી મેઅરાજફાતેમાની શાદીની ખુશાલી પ્રસંગે.

રૂા.૨૦૦/- શીર્રતહુસૈન ગુલામહૈદર મોમિન (વસો) તરફથી તેમની દીકરી તાહેરાફાતેમાની શાદીની ખુશાલી પ્રસંગે.

રૂા.૧૦૦/- શબ્બીરઅલી ગુલામહૈદર મોમિન

(વસો) તરફથી તેમની દીકરી મકબૂલફાતેમાની શાદીની ખુશાલી પ્રસંગે.

રૂા.૫૦૦/- મો.રૂકૈયાબેન સાદિકઅલી મહેતા (મજાદર) તરફથી મર્હૂમ મંઝૂરહુસૈન સાદિકઅલી મહેતાની રૂહના સવાબ અર્થે.

રૂા.૫૦૦/- મો.રૂકૈયાબેન સાદિકઅલી મહેતા (મજાદર) તરફથી મર્હૂમ સુલયમાનભાઈ ઈબ્રાહીમભાઈ મહેતા અને મર્હૂમા હુરીબેન સુલયમાનભાઈ મહેતાની રૂહના સવાબ અર્થે.

રૂા.૫૦૦/- મો.રૂકૈયાબેન સાદિકઅલી મહેતા (મજાદર) તરફથી હઝરત પીર સૈયદ મોહંમદ ઝહીરહુસૈન જાફરી (રહ.), હઝરત પીર સૈયદ મોહંમદ મુશાહિદહુસૈન જાફરી (રહ.), હઝરત અલ્હાજ પીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન જાફરી (રહ.)ની રૂહના સવાબ અર્થે.

રૂા.૫૦૦/- મો.રૂકૈયાબેન સાદિકઅલી મહેતા (મજાદર) તરફથી સૈયદા ખૈરુન્નિસા બેગમ સાહેબા (રહ.), સૈયદા ઈતરતફાતેમા બેગમ સાહેબા (રહ.), સૈયદા પરવીનફાતેમા બેગમ સાહેબા (રહ.)ની રૂહના સવાબ અર્થે.

રૂા.૫૩૦/- મો.કાઝિમઅલી કમાલભાઈ થાવરા (ઈલોલ તલાવ) તરફથી હઝરત પીર સૈયદ મોહંમદ મુશાહિદહુસૈન જાફરી (રહ.) અને હઝરત અલ્હાજ પીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન જાફરી (રહ.)ની રૂહના સવાબ અર્થે.

રૂા.૫૩૦/- મો.રહમતબેન કાઝિમઅલી થાવરા (ઈલોલ તલાવ) તરફથી હઝરત પીર સૈયદ મોહંમદ મુશાહિદહુસૈન જાફરી (રહ.) અને હઝરત અલ્હાજ પીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન જાફરી (રહ.)ની રૂહના સવાબ અર્થે.


Sparkwell
The Heart of every Kitchen.

ગેસના ભાવ વધારાથી હવે મેળવો છુટકારો
લઇ આવો નવા જમાનાની ઇલેક્ટ્રિક
Sparkwell Hot Plate



| ઇન્ડક્શન | Sparkwell |
|---|---|
| કાચનું મેઇન્ટેનન્સ | હેવી કાસ્ટીંગ પ્લેટ |
| 2000W પાવર (પ્રતિ કલાક 2 યુનિટ) | 1000W પાવર (પ્રતિ કલાક 1 યુનિટ) |
| 15 AMP પ્લગ | 6 AMP પ્લગ |
| વજન કેપેસીટી - 5 kg | વજન કેપેસીટી - 50 kg |
| અલગથી વાસણ લેવા પડે | ઘરના દરેક ફ્લેટ બેઝ વાસણ ચાલે |
| કાચ ઉપર રોટલી બનતી નથી | પ્લેટ ઉપર ડાયરેક્ટ રોટલી બનાવી શકાય |
| PVC બોડી | પાવડર કોટેડ હેવી બોડી |

ઇન્શાઅલ્લાહ
ટ્રેડ ફેર 2026માં ઉપલબ્ધ

રસોડાની શાન


FREE

9428923123
sparkwellappliances@gmail.com
www.sparkwellappliances.com
ઇલોલ, હિંમતનગર, સાબરકાંઠા- 383220